Chap-2

# ૨

## કેળવણીને ઘડનારી ગુજરાતની ઐતિહાસિક, રાજકીય, ધાર્મિક અને સામાજિક પાર્શ્વભૂમિકા

---

### ૨.૧ પ્રારંભિક

કોઇ પણ દેશની શિક્ષણપ્રથાના નિર્માણ અને વિકાસનો આધાર તેની સાંસ્કૃતિક, સામાજિક અને રાજકીય ભૂમિકા પર રહેતો હોય છે. વાસ્તવમાં, સમકાલીન સાંસ્કૃતિક, સામાજિક, રાજકીય ભૂમિકા શિક્ષણના ઉદ્દેશો નિર્ધારિત કરે છે, જેના વડે શિક્ષણનું માળખું, શિક્ષણ-સંસ્થાઓનું સ્વરૂપ, અભ્યાસક્રમ, શિક્ષણ-પદ્ધતિઓ, મૂલ્યાંકન પ્રવિધિઓ વગેરે બધું જ પ્રભાવિત થતું હોય છે. ઉક્ત ભૂમિકા જે તે દેશની શિક્ષણપ્રથાનું નિર્માણ કરે છે એટલું જ નહિ, પરંતુ તેના વિકાસનું સ્વરૂપ, દિશા અને ગતિનું પણ નિયંત્રણ કરે છે. દીક્ષિત કહે છે તેમ, "કોઇ પણ દેશની શિક્ષણવ્યવસ્થાનો વિકાસ શૂન્યાવકાશમાં સધાતો નથી. સાચું જોતાં (શિક્ષણ) એ લોકજીવનને લાક્ષણિકતા બક્ષતાં વૈવિધ્યપૂર્ણ પરિબળોની પેદાશ છે. એમાંના જાતીગત, ધાર્મિક, આર્થિક, રાજકીય વગેરે પરિબળો જુદાજુદા દેશોની શિક્ષણપ્રથાને વિવિધ આકાર આપવા માટે જવાબદાર નીવડયાં છે".[1]

આમ, કોઇ પણ સમાજની શિક્ષણપ્રથાનો પિંડ તેનાં સાંસ્કૃતિક, સામાજિક અને

રાજકીય/બળાબળો વડે બંધાય છે. એક તરફ આ બળો વડે સમાજ પોતાની શિક્ષણપ્રથાનું નિર્માણ કરે છે અને તેનો વિકાસ સાધે છે, તો બીજી તરફ સમાજ પ્રચલિત શિક્ષણપ્રથા દ્વારા પોતાના સાંસ્કૃતિક વારસાનું સંરક્ષણ થાય અથવા સમાજની બદલાતી જરૂરિયાતો પ્રમાણે એનું પુનર્ગઠન થાય એમ પણ ઇચ્છે છે.

> "શિક્ષણ અને સામાજિક પરિવર્તન વચ્ચે દ્વિમાર્ગી વિનિમય થાય છે. એક તરફ શિક્ષણ (સમાજની) તંદુરસ્ત સંસ્કૃતિની સુરક્ષા કરે છે, તેનું હસ્તાંતરણ કરે છે અને તેને પ્રદીપ્ત કરે છે, તો બીજી તરફ સમાજ, પરિવર્તિત પરિસ્થિતિમાં પોતાની બદલાતી જરૂરિયાતો અને આકાંક્ષાઓ પ્રમાણો શાળા પોતાનાં કાર્યોની સમાલોચના અને આયોજન કરે એવી અપેક્ષા રાખે છે."[2]

આ રીતે, પ્રચલિત સાંસ્કૃતિક, સામાજિક, રાજકીય ભૂમિકા અને શિક્ષણ એક બીજા પર ગાઢ અસરો ધરાવે છે. પ્રો. બ્રૂબેકર ઉભયના સંબંધો વિશે એવા નિષ્કર્ષ પર આવે છે કે તે બન્ને સહસંબંધિત છે, પારસ્પરિક અસરો ધરાવે છે, અને તેમની વચ્ચેની આંતરક્રિયા વર્તુળાત્મક અને શાશ્વત છે.[3]

શિક્ષણ અને પ્રચલિત સાંસ્કૃતિક, સામાજિક, રાજકીય ભૂમિકા વચ્ચેના આવા સહસંબંધને લીધે, કોઇ પણ જનસમાજની શિક્ષણવ્યવસ્થાને સમજવા માટે એની સાંસ્કૃતિક, સામાજિક અને રાજકીય પશ્ચાદ્ભૂમિકાને લક્ષમાં લેવી આ રીતે આવશ્યક જ નહિ, અનિવાર્ય પણ બને છે. એને લક્ષમાં લીધા સિવાય જે તે પ્રદેશના જનસમાજની શિક્ષણપ્રથાનો અભ્યાસ અધૂરો જ રહે. આથી પ્રસ્તુત પ્રકરણમાં ગુજરાતની સાંસ્કૃતિક, સામાજિક, રાજકીય ભૂમિકાનો મિતાક્ષરી પરિચય આપવાનો ઉપક્રમ સંશોધકે સ્વીકાર્યો છે. આ ભૂમિકા મુખ્યત્વે ગુજરાતીમાં લખાયેલા ઓગણીસમી સદીના કાળને આવરી લેતા ચરિત્રસાહિત્યમાંથી સંશોધકે ઉપસાવી છે. ગુજરાતના શિક્ષણની ઓગણીસમી સદીના કાલખંડ દરમિયાનની સામાજિક અને રાજકીય ભૂમિકા/બાંધતા પહેલાં આપણે સંક્ષેપમાં અર્વાચીન ગુજરાતનું સ્થાન, વસતિ વગેરેને લગતું ચિત્ર ~~સંક્ષેપમાં~~ મેળવી લઇશું.

અર્વાચીન ગુજરાત ભારતનાં પશ્ચિમમાં આવેલાં રાજ્યોમાંનું એક છે, જેમાં કચ્છ અને સૌરાષ્ટ્રનો પણ સમાવેશ થઇ જાય છે. પહેલી મે, ૧૯૬૦ના રોજ રાજ્ય

પુનર્રચના ધારા હેઠળ, ભારતના ગણતંત્રમાં એક સાંઘિક અલગ રાજયનો દરજ્જો તેને પ્રાપ્ત થયો. એ પહેલાં આ પ્રદેશ ભૂતપૂર્વ મુંબઇ રાજયનો એક ભાગ ગણાતો. તેની સીમાઓ ભારતના પશ્ચિમ કિનારે ૨૦.૬' થી ૨૪.૭ ઉત્તર અક્ષાંશ અને ૬૮.૪'થી ૭૪.૪' પૂર્વ રેખાંશ સુધી વિસ્તરેલી છે.[૪] તેનો કુલ વિસ્તાર લગભગ ૧.૯૬ લાખ ચો. કિ. મી. છે અને વસતિ લગભગ ૨.૬૭ કરોડ છે. સમગ્ર ભારતના કુલવિસ્તારના ૫.૯૭ ટકા જેટલો વિસ્તાર અને કુલવસતિની ૪.૮૭ ટકા જેટલી વસતિ તે ધરાવે છે. ભારતનાં રાજયોમાં, વિસ્તાર અને વસતીના પ્રમાણની દૃષ્ટિએ તે અનુક્રમે સાતમું અને નવમું સ્થાન ભોગવે છે.[૫] આ પ્રદેશની જનતાની માથાદીઠ સરેરાશ વાર્ષિક આવક ૬૫૭ રૂપિયા જેટલી છે. આવકની દૃષ્ટિએ પંજાબ (રૂા.૯૪૫), હરિયાણા (રૂા.૭૮૮) અને મહારાષ્ટ્ર (રૂા.૭૭૮) પછીનો ચોથો ક્રમ તેનો છે.[૬] તેની વસતિના ૪૮.૯ ટકા લોકો ગરીબાઇની રેખા હેઠળ છે.

## ૨.૨ ઐતિહાસિક પશ્ચાદ્ભૂમિકા

'ગુજરાત' શબ્દ, ઇ.સ.ના પાંચમા - છઠ્ઠા સૈકા દરમ્યાન ભારતમાં આવેલી 'ગુર્જર' કે 'ગુઝ્ઝ' નામે ઓળખાતી શ્વેતહૂણ ( White Huns ) જાતિની પ્રજાના નિવાસસ્થાન પરથી ઊતરી આવ્યો છે. આ પ્રજા કનિષ્કના રાજય અમલ દરમ્યાન મધ્ય એશિયામાંથી આવીને પ્રથમ પંજાબમાં સ્થિર થઇ. હૂણોના આક્રમણને લીધે પંજાબમાંથી સ્થળાંતર કરી દક્ષિણમાં રાજસ્થાન અને માળવામાં આવીને વસી અને હાલના રાજસ્થાનમાં આવેલા ભિન્નમાલકે શ્રીમાલમાં ઇ.સ.ના છઠ્ઠા શતકની આસપાસ એક શકિતશાળી રાજયની સ્થાપના કરી. એ પ્રદેશ, 'ગુર્જર' કે 'ગુઝ્ઝ' પ્રજા તેમાં વસતી હોવાને લીધે 'ગુર્જર દેશ' કે 'ગુજ્જરત્તા' નામે ઓળખાતો થયો. પરંતુ એ નામ હાલના રાજસ્થાનમાં આવેલા મારવાડ પ્રદેશ પૂરતું જ ઘણા સમય સુધી મર્યાદિત હતું. હાલના મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના વિસ્તારો તો છેક સોલંકી યુગ અને મુસ્લિમ યુગ દરમ્યાન અનુક્રમે 'ગુજરાત' તરીકે જાણીતા થયા.[૭]

શ્રી મુનશી નોંધે છે તેમ, તળ ગુજરાત માટે સૌ પ્રથમ 'ગુજરાત' શબ્દ ગુર્જર જાતિના વલ્લભી રાજાઓના રાજય અમલમાં પ્રચલિત થયો.[૮] સેનાપતિ ભટ્ટાર્ક

મૈત્રકોને પરાજિત કરી આજના સૌરાષ્ટ્રમાં વલ્લભી સામ્રાજ્યનો પાયો નાખ્યો. આ સમય દરમ્યાન ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણના કેન્દ્ર સમી વલ્લભી વિદ્યાપીઠનો વિકાસ થયો. પરંતુ ઇ.સ. ૭૬૬માં આરબો દ્વારા વલ્લભી રાજાઓનો પરાજય થતાં તેમના સામ્રાજ્યનો નાશ થયો. આ સમય દરમ્યાન ઇ.સ. ૭૬૫માં એ જ જાતિના વંશ જ વનરાજ ચાવડાએ અણહીલવાડ પાટણમાં પોતાની સત્તા જમાવી અને ઘણા લાંબા સમય સુધી તે ગુજરાતની રાજધાનીના મુખ્ય મથક તરીકે જાણીતું થયું. ચાવડા કુલનો રાજ્ય અમલ ઇ.સ. ૯૪૨ સુધી ચાલુ રહયો. એમના રાજ્ય અમલ દરમ્યાન ગુજરાત, વલ્લભીપુર અને શ્રીમાલ અથવા ભિન્નમાલ આર્ય સંસ્કૃતિનાં અગ્રિમ કેન્દ્ર બન્યાં હતાં.

ઇ. સ. ૯૬૧માં ચાલુકય વંશના મૂળરાજે વર્ચસ્વ પ્રાપ્ત કર્યું ત્યારથી ચાવડા વંશનો અંત આવ્યો. મૂળરાજ એક વીર સેનાપતિ અને દીર્ઘદૃષ્ટિ ધરાવતો રાજવી હતો. એણે લાટ (દક્ષિણ ગુજરાત) અને સુરાષ્ટ્ર (સૌરાષ્ટ્ર) પર કબજો મેળવ્યો અને કચ્છના રાવ લાખા ફુલાણીને પણ મહાત કર્યો. એના વખતથી આ બધા વિસ્તારો પણ 'ગુજરાત' તરીકે ઓળખાવા લાગ્યા. એના સમર્થ વંશજોએ રાજ્ય વ્યવસ્થાને સુદૃઢ અને રંગીન બનાવી વિદ્યા, કલા અને સંસ્કૃતિનો અપૂર્વ વિકાસ સાધ્યો, સાહિત્ય ઉપરાંત વૈદકશાસ્ત્ર અને જ્યોતિષશાસ્ત્રમાં પણ આ યુગ દરમ્યાન ઠીક પ્રગતિ થઇ હતી.[૯] સ્થાપત્યકલાનો પણ આ યુગમાં ખૂબ વિકાસ સધાયો હતો, એમ એ યુગમાં બંધાયેલાં શિલ્પસ્થાપત્યોના ઇતિહાસ પરથી જાણવા મળે છે. પાટણ એ વખતે સંસ્કૃતિના અખિલ ભારતીય કેન્દ્ર તરીકે જાણીતું થયેલું. ઇ.સ. ૧૨૬૬માં થયેલા રાજા વિશલદેવના નિધન સાથે, ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસના આ ગૌરવવંતા પ્રકરણની સમાપ્તિ થઇ.

એ યુગની સામાજિક પરિસ્થિતિ અંગે શ્રી મુનશીનું નિરીક્ષણ આવું છે :

"સમાજનું માળખું અતિશય જડ હોય એમ જણાતું નથી. જ્ઞાતિના વાડા પછીના સમયમાં બન્યા એવા સંકુચિત ન હતા અને આંતરજ્ઞાતિય લગ્નો ઘણાં થતાં. વિધવા પુર્નલગ્નનો નિષેધ ન હતો. પુખ્તવયે લગ્ન કરવાં એ લગભગ નિયમ જેવું હતું. સમગ્ર રીતે જોતાં લોકો પ્રાણવાન અને સુખી તેમજ સુસંસ્કૃત હતા. પાટણના સુદૃઢ શાસન

M. S. UNIVERSITY OF BARODA



હેઠળ તેઓ એકત્ર અને શકિતશાળી બન્યા હતાં, અને તેના રાજાઓ દ્વારા પ્રદેશ માટે સ્વીકૃત ગુર્જર દેશ એવું નામાભિધાન તેમને એકતા અંગે સતત સજાગ રાખતું."૧૦

ઇ.સ. ૧૨૯૭માં અલ્લાઉદ્દીન ખીલજીના ભાઇ ઉલુઘખાને વાઘેલા વંશના ગુજરાતના છેલ્લા હિન્દુ રાજવી કરણઘેલાને પરાસ્ત કરી ગુજરાતમાં મુસ્લિમ શાસનનો પ્રારંભ કર્યો, એ સાથે હિન્દુ રાજવીઓની યશસ્વી કારકિર્દીનો અંત આવ્યો. ઇ.સ. ૧૨૯૭થી ઇ.સ. ૧૪૦૩ સુધી દિલ્હી સલ્તનતના સૂબાઓના હાથમાં ગુજરાતનો વહીવટ રહયો. ઇ.સ. ૧૪૦૩માં દિલ્હીના સૂબા મુઝફ્ફરશાહે દિલ્હી સલ્તનતથી સ્વતંત્ર બની ગુજરાતના અન્ય મુલકો પર કબજો મેળવ્યો. તેના જયેષ્ઠ પુત્ર અહમદશાહે હાલનું અમદાવાદ વસાવી રાજધાનીના સ્થાન તરીકે તેનો વિકાસ સાધ્યો. ઇ.સ. ૧૫૭૩માં મહાન મોગલ સમ્રાટ અકબરે ગુજરાતને મોગલસત્તા હેઠળ આણ્યું ત્યાં સુધી ગુજરાતમાં સુલ્તાનોનો રાજય અમલ કાયમ રહયો.

ઇ.સ. ૧૨૯૭ થી ૧૫૭૩ સુધીના સુલ્તાનોના રાજય અમલનો આ સમગ્ર કાલ ગુજરાત માટે આક્રમણો અને અનિશ્ચિતતાઓનો કાલ બની રહયો હતો. એ ગાળા દરમ્યાન નાગરિક જીવન સંક્ષુબ્ધ રહયું. સંસ્કૃત ભાષાને મળતો રાજયાશ્રય બંધ થયો. મુસ્લિમોની ધાર્મિક અસહિષ્ણુતાએ હિન્દુ ધર્મસ્થાનો અને સાહિત્યનો નાશ નોતર્યો. વિદ્વાન પંડિતો અને કવિઓ ગુજરાત છોડી બનારસ જેવાં સ્થળોમાં જઇ વસવા લાગ્યા. મુસ્લિમ શાસકોએ હિન્દુ શિક્ષણ અને સંસ્કૃતિની અવહેલના જ કરી.

ઇ.સ. ૧૫૭૩થી ઔરંગઝેબનું નિધાન (ઇ.સ. ૧૭૦૭) થતાં સુધી ગુજરાતમાં શાંતિ અને વ્યવસ્થા ટકી રહયાં. પરંતુ ઔરંગઝેબનું નિધન થતાં દિલ્હીની મોગલ સલ્તનત નબળી પડી. સૂબા અને નવાબો તેનું આધિપત્ય ફગાવી દેવા લાગ્યા અને મરાઠાઓના હુમલાથી પ્રજાજીવન પુનઃ સંક્ષુબ્ધ બન્યું. આવી રાજકીય અંધાધૂંધીમાં શિક્ષણ, સંસ્કાર અને સંસ્કૃતિની વિડંબના જ થાય એ દેખીતું છે.

"આમ ઉપરની ઐતિહાસિક પરિસ્થિતિને લીધે વિદ્યા અને ધન્ધાનો સબંધ છૂટી ગયો. પરિણામ સાંખ્યપ્રસિદ્ધ અંધપંગુન્યાય જેવું આવ્યું. બ્રાહ્મણોમાં જળવાઇ રહેલી વિદ્યાઓએ મૂળે ઠીક ઠીક ઉન્નતિ કરી હોવા છતાં પ્રત્યક્ષ સાથે પરિચય છૂટી જવાથી તથા ભાષા ઉપરના

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

પ્રભુત્વ ઉપરઅઘટિત : ભાર દેવાથી વિદ્યા પ્રગતિરહિત અને સ્થિર ખાબોચિયા જેવી પંગુ થઇ, અને અશિક્ષિત લોકો પોતાના ધંધામાં હોશિયાર અને બુદ્ધિશાળી હોવા છતાં વિદ્યાચક્ષુ વિના અંધ જેવા થઇ ગયા. આ બે વર્ગો એકબીજાને વધારવાને બદલે પોતપોતાની રીતે એકબીજાને છેતરવામાં હોશિયાર માનવા લાગ્યા. આ રીતે સમાજનો એક ભાગ પાંગળો અને બીજો ભાગ આંધળો થઇ જવાથી પ્રજા સમસ્તનું જીવન અતિશય સંકુચિત થઇ ગયું."[૬૧]

ઇ.સ.૧૭૦૭ થી ઇ.સ.૧૮૧૮ સુધી ગુજરાત મુખ્યત્વે પેશ્વાઇ સત્તા હેઠળ મરાઠી સૂબાઓના હાથમાં રહ્યું. ઇ.સ.૧૮૧૮ના ખીડકીના યુદ્ધમાં પેશ્વાને પરાસ્ત કરી ઇસ્ટ ઇંડિયા કંપનીએ ગુજરાતના રાજકારણમાં પ્રવેશ કર્યો.

ગુજરાતમાં મુસ્લિમ અને મરાઠી સત્તાનો કાળ એકંદરે એના સામાજિક અને સાંસ્કૃતિક ઇતિહાસનો અંધકારયુગ હતો. ઇ.સ.૧૨૯૭માં મુસ્લિમ સત્તાનો પ્રવેશ થયો એ પહેલાં એક પરદેશીની નોંધ પ્રમાણે તેમાં સુખી, સમૃદ્ધ અને સંસ્કારી નગરવાસીઓથી ભર્યાં ભર્યાં ૭૦,૦૦૦ નગરો અને ગામો હતાં. પરંતુ તત્પશ્ચાત્ મુસ્લિમ શાસનકાળમાં એની પડતી થવા લાગી.

> "મુસ્લિમ શાસનની અનુગામી સદીઓમાં ગુજરાતને હુમલાખોરો પાસેથી ન તો મુક્તિ મળી કે ન તો દયા. તેનાં પવિત્ર સ્થાનોને ધર્મભ્રષ્ટ કરવામાં આવ્યાં, તેની મિલકત લૂંટવામાં આવી, તેની સ્ત્રીઓની શિયળ લૂંટવામાં આવ્યું અથવા તેમનું અપહરણ કરાયું. દમનયુક્ત ધર્માંતર, એ હુમલાખોરો દ્વારા (ગુજરાતની) ધરતીનાં બાળકોને મળતો સૌથી હળવો વિકલ્પ હતો. પુરુષો, સ્ત્રીઓ અને બાળકો ગુલામો તરીકે વેચાતાં હતાં. લોકો સલામતીની મિથ્યા શોધમાં સ્થળાંતર કરતા."[૬૨]

મુસ્લિમ હુમલાખોરોના અણધાર્યા આક્રમણોએ શાંત, સંસ્કારી અને સમૃદ્ધ પ્રજા જીવનને છિન્નભિન્ન કરી નાખ્યું. શિક્ષણ અને સંસ્કારની જ્યોત પ્રજ્વલિત રાખનાર પુરોહિતો, ધર્મગુરુઓ અને સંતો પણ હુમલાખોરોના ત્રાસમાંથી બચવા નગરો છોડી ગામડાંઓમાં જઇ વસ્યા. સંસ્કૃતનો અભ્યાસ ઓછો થવા લાગ્યો. ધર્મના મૂળ પુસ્તકો સંસ્કૃતમાં લખાયેલાં હોવાથી અને સામાન્ય લોકો તે સમજી શકે એમ ન હોવાથી લોકોની

અંધશ્રદ્ધાઓ પર નભનાર દંભી ગુરુઓની જમાત ઊભી થઇ. સલામતીની ચિંતામાંથી કન્યાઓનાં બાળલગ્નની રૂઢિ વ્યાપક બની અને કન્યાઓ શિક્ષણ લેતી બંધ થઇ. મુસ્લિમ શાસનકાલ દરમ્યાન લોકમાનસ અતિ સંકુચિત અને જડ બનતું ગયું. લોકો પોતાની જ્ઞાતિના વાડામાં જ પૂરાઇ રહેવામાં કૃતાર્થતા માનવા લાગ્યા. પરિણામે કેટલીક બિનતંદુરસ્ત રૂઢિઓ અને પરંપરાઓમાં ઊભી થઇ.

"આપણા પ્રાન્ત પર મુસ્લિમોએ આક્રમણ કરી અને વિજેતા તરીકે રાજસત્તા ધારણ કરી તેઓ અહિં સ્થાયી વસ્યા ત્યારથી, એમ આપણે કહી શકીએ કે, તે પહેલાંની આપણી પ્રાચીન સંસ્કૃતિ અને પ્રજાજીવનમાં બહોળું પરિવર્તન થઇ, તેના પર નવા કાળબળનો પ્રભાવ જામ્યો અને જે લોકમાનસ અને સમાજ બંધારણ, એ સમયમાં ઘડાવા લાગ્યાં, તે સર્વ સંજોગ અને પરિસ્થિતિને અનુકૂળ અને બંધબેસતાં, સ્થિતિસ્થાપક, રૂઢિચુસ્ત, મર્યાદિત દૃષ્ટિવાળા અને સ્થાનિક ધોરણ અને રીતરિવાજને અનુસરતાં હતાં. કૂપમંડુકની પેઠે લોકવૃત્તિ સંકુચિત અને સ્વાર્થી માલુમ પડતી, તેમજ પરંપરાબળે અને અંધશ્રદ્ધાએ લોકજીવનને એવું રૂંધી નાખ્યું હતું કે તેમાંથી થોડાક જ મુક્તિ મેળવી શકતા. સાહસિક કાર્યો અને નવીન શોધકવૃત્તિને સેવનારા કોક વિરલા મળી આવતા હતા.

"ભયના માર્યા અને સંરક્ષણ અર્થે તેઓએ સંસારને વહેમ-ભર્યો અને કલુષિત કરી મૂકયો હતો, તેમનો ઘણોખરો વ્યવહાર ગામમાં જ સમાઇ જતો, અને મર્યાદિત કુંડાળા બહાર તેની દૃષ્ટિ જતી નહોતી. દરિયો તો થોડાએ જ જોયો હશે. દરિયો ઓળંગવો એ મહાપાતક મનાતું, અને બહારની દુનિયાના જ્ઞાનના અભાવે જનતામાં અનેક પ્રકારનાં ઉટંગ ફેલાતાં."[13]

મુસ્લિમશાસન દરમ્યાન રાજય તરફથી હિંદુઓના શિક્ષણની લગભગ ઉપેક્ષા જ થઇ, પરંતુ એ સમય દરમ્યાન પણ શિક્ષણક્ષેત્રે સાવ શૂન્યાવકાશ પ્રવર્તતો હતો એવું પણ નથી. હુમલાખોરોના ભયથી નાનાં નગરોમાં જઇ ઠરી ઠામ થયેલા બ્રાહ્મણોએ, હવે આવાં મથકોમાં ગુજરાતી ભાષામાં શિક્ષણ આપતી ગામઠી શાળાઓ કે પંડયાઓની

નિશાળો તરીકે ઓળખાતી શિક્ષણસંસ્થાઓ શરૂ કરી હતી. ઘણા લાંબા સમય સુધી, આ સંસ્થાઓએ લોકશિક્ષણની સંસ્થાઓ તરીકેની ગરજ કંઇક અંશે સારી. પરંતુ રાજગોર નોંધે છે તેમ, થોડા બ્રાહ્મણ અને વેપારીઓ જ આવી સંસ્થાઓમાં કેળવણી લેતા હતા.[૧૪] બાળલગ્નોની વ્યાપક રૂઢિને લીધે કન્યાઓને કેળવણી લેવાનો અવકાશ જ રહ્યો નહોતો. એટલું જ નહિ પરંતુ એમને શિક્ષણની જરૂર જ નથી એવું વલણ લોકોમાં દૃઢ થયું હતું. શૂદ્રોને તો શિક્ષણ લેવાનો અધિકાર જ રહ્યો નહોતો.[૧૫] અર્વાચીનકાલ (૧૮૨૦-૧૯૨૦) દરમ્યાન આ ગામઠી કેળવણીની સ્થિતિ કેવી હતી, એ અંગે હવે પછી યથાસ્થાને વિગતે નિરૂપણ કરવામાં આવશે.

આમ મુસ્લિમ શાસન દરમ્યાન હિંદુ સમાજની ઉચ્ચ પ્રાચીન પ્રણાલીઓ નષ્ટ થઇ હતી. સમાજ જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓની વાડાબંધીમાં જકડાઇ ગયો હતો. સ્પર્શાસ્પર્શ્યનો ખ્યાલો દૃઢ બન્યા હતા. સ્ત્રીઓની સ્થિતિ ખૂબ જ અવનત બની ગઇ હતી. બાળલગ્નોનો વ્યાપક ચાલ પ્રવેશ્યો હતો. વિધવા પુર્નવિવાહનું તો નામ સુધ્ધાં લઇ શકાતું નહોતું. દરિયો ઓળંગી પરદેશગમન કરવા પર સખત પ્રતિબંધ હતો. લોકમાનસમાં જડતા, વહેમો અને અંધશ્રદ્ધા વ્યાપી ગયાં હતાં. આવી સ્થિતિની શિક્ષણ પર વિઘાતક અસર થાય એ સહેજે સમજી શકાય એમ છે.

ઇ.સ. ૧૬૬૪માં શિવાજીએ પહેલી વાર સુરત લૂંટયું ત્યારથી ગુજરાતમાં મરાઠાઓનાં આક્રમણોનો પ્રારંભ થયો. ઇ.સ. ૧૭૦૭માં ઔરંગઝેબના મૃત્યુ પછી મોગલ સત્તા નબળી પડતાં મરાઠાઓના હુમલા ગુજરાત માટે સામાન્ય થઇ પડયા. મરાઠાઓએ મુસ્લિમ સૂબાઓને પરાસ્ત કરી લગભગ એકાદ સૈકા (૧૭૦૭-૧૮૧૮) સુધી ગુજરાત પર કાળો કેર વર્તાવ્યો. મરાઠાઓના વર્ચસ્વવાળો આ સમય ગુજરાત માટે અરાજકતા અને કમનસીબ યાતનાઓનો કાળ ગણાય. ગાયકવાડ અને પેશ્વાની સત્તા માટેની સાઠમારીમાં ગુજરાતની પ્રજા જે દુર્દશામાં મૂકાઇ તેનું ચિત્ર ફિનલોક ફોર્બ્સ 'રાસમાળા'માં આ રીતે નિરૂપે છે :

> "ગાયકવાડ અને પેશ્વાની વારાફરતી ચડતી પડતી ગુજરાતમાં થતી. પોતપોતાના વારામાં ગુજરાતને બંને ચૂસતા. ગુજરાત એક અને તેને ચૂસનારા જમ જેવા બે એટલે ગુજરાતની દુર્દશામાં શું બાકી ? ઇસ્વીસન ૧૮૧૮ સુધી ગુજરાતવાસીથી નિર્મલ વસ્ત્ર પહેરાતાં નહિ

M. S. UNIVERSITY OF BARODA



૯ તો નિર્મલ મનની તો આશા જ શી ? કોઇને ઊજળો દીઠો તો ચાડિયા તૈયાર જ છે. તેઓ ચાડી ખાય ને તે પ્રમાણે મૂર્ખ રાજાના મૂર્ખ સરદારો તેને લૂંટે. ધનનું નામ ધરાવનાર હરેક પદાર્થને પૃથ્વીમાં દટાઇ, છુપાઇ રહેવું પડતું. જ્યાં જાયે ત્યાં બળાત્કાર, અન્યાય, અનીતિ, વ્યભિચાર આદિ દુર્ગુણોનો પરિવાર મહાલે. એવા અંધકારમાં ઇ.સ. ૧૮૦૦ની સાલમાં કહીં કહીંથી કિરણ પડવા માંડયાં." [૧૬]

મરાઠાઓની આ આક્રમક પ્રવૃત્તિ છેક સૌરાષ્ટ્ર પર્યંત વિસ્તરી હતી અને એ પ્રદેશ પણ પાયમાલ થઇ ચૂકયો હતો. પ્રજાજીવન ખૂબજ અસ્વસ્થ બન્યું હતું. મરાઠાઓના શાસનકાળ દરમ્યાન સૌરાષ્ટ્રની સામાજિક - આર્થિક સ્થિતિ કેવી અવનત બની ગઇ હતી તેનું નિરૂપણ રા. રા. કલ્યાણરાય જેઠાભાઇ બક્ષી (૧૮૫૮-૧૯૨૨)ના જીવનવૃત્તાંતમાંથી પ્રાપ્ત થાય છે :

""સૌરાષ્ટ્ર" એ સુંદર નામથી ઓળખાતા આ પ્રાંતનું "કાઠિયાવાડ" એ નામકરણનો વિધિ મહારાષ્ટ્રીઓએ કર્યો કહેવાય, કારણ કે પેશ્વા સરકાર અને ત્યારપછી ગાયકવાડ સરકારના સૈન્યો મુલ્કગીરી કરવા એટલે નાનાંમોટાં રાજસ્થાનોથી ખંડણી વસૂલ કરવા ખાતર ચઢાઇ કરવા જે સમયે આવવા લાગ્યા તે વેળા આ પ્રાંતમાં 'કાઠી' એ નામથી ઓળખાતા લોકોનું પ્રાબલ્ય તેમના જોવામાં આવ્યું.

"દિવાન અમરજીના મૃત્યુ (૧૭૮૪) પછી બીજા ભાગના સરદારો બેકાબુ બન્યા. કાઠીઓનાં તોફાન વધી પડયાં. તેઓ માંહોમાંહે આથડયાં. પરિણામે મહારાષ્ટ્રિઓ પુરા ફાવ્યા. બિચારી વસતી હેરાન પરેશાન થઇ ગઇ. લૂંટફાટ વધી પડી. પ્રાંતના સાહસ, શૌર્ય, ટેક, એ બધાં અંદર અંદર એકબીજાને નબળા પાડવામાં અને વસતિને ખુવાર કરવામાં વપરાયાં. દુર્ભાગી ભૂમિ ! ! આવા સંજોગોમાં હલકી ખટપટ, ચાડી ચુગલી અને દ્વેષભાવ વગેરે સ્વાભાવિક રીતે આગળ તરી આવ્યાં. પ્રાંતનો વેપાર ઉદ્યોગ તૂટી પડયો અને એક સમયનો આ સમૃદ્ધિવાન પ્રદેશ ગરીબી અને ખુવારીની ગર્તામાં આવી પડયો. પરંતુ સૌરાષ્ટ્રની આવા પ્રકારની કમનસીબીનો અંત નજીકમાં જ હતો.

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

M. S. UNIVERSITY OF BARODA



અંગ્રેજો આ અરસામાં પ્રબળ બન્યા હતા અને પેશ્વાઇની પડતી થવા માંડી હતી."[૧૭]

આ બન્ને અવતરણ પરથી સ્પષ્ટ થાય છે કે, મરાઠાઓનો મુખ્ય ઉદ્દેશ સુશાસનની સ્થાપના કરતાંય ખંડણીની વસૂલાતનો વિશેષ હતો. પ્રજા મરાઠાઓના હુમલાઓથી અને આંતરિક અરાજકતાથી ત્રાસી ગઇ હતી અને અનેક દુર્ગુણોમાં ફસાઇ હતી. લૂંટફાટ વધી પડી હતી. પ્રજા ગરીબ બનતી જતી હતી. વેપાર-ધંધાઓ પડી ભાગ્યા હતા. ટૂંકમાં, લોકો મરાઠાઓના અરાજકતાપૂર્ણ લૂંટારુ રાજ્યથી તંગ આવી ગયા હતા. આવી પરિસ્થિતિમાં સમાજજીવન સવિશેષ રૂઢિબદ્ધ અલગતાવાદી, જડ અને અંધશ્રદ્ધાળુ બંને એ સ્વાભાવિક જણાય છે. ડૉ. સરોજ દેસાઇ એતદ્કાલીન સમાજજીવન વિશે આવા અનુમાન પર આવે છે :

"લોકોનું મોટાભાગનું સામાજિક અને જાહેરજીવન તેમના સ્થાનિક ગામો કે નગરો પૂરતું જ સીમિત હતું. બહારની દુનિયા સાથેનો સંપર્ક ઘણો ઓછો રહેતો. સમુદ્ર ઓળંગવો તેને ધર્મનો અનાદર ગણવામાં આવતો. લોકો માટેની શિક્ષણ સુવિધાઓનો ઝોક મર્યાદિત થઇ રહયો હતો. સ્ત્રીઓને ઘરની ચાર દિવાલો વચ્ચે જ પૂરી રાખવામાં આવતી. સામાજિક દરજ્જો, સલામતી, આર્થિક હકો અને શિક્ષણની બાબતમાં સ્ત્રીઓને ઘણું સહન કરવાનું રહેતું."[૧૮]

આ કાલમાં શિક્ષણનું કાર્ય ખાનગી વ્યક્તિ કે સંસ્થા દ્વારા થતું. રાજ્ય તરફથી પ્રજાને શિક્ષણ આપવાની કોઇ સીધી જવાબદારીનો સ્વીકાર થયો નહોતો. આમ છતાં રાજ્ય તરફથી પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણની કેટલીક સંસ્થાઓને આશ્રય મળતો.[૧૯] આ યુગની મોટાભાગની શિક્ષણ-સંસ્થાઓ સ્થાનિક લોકોના સહકાર વડે ખાનગી ધોરણે નિભાવવામાં આવતી. આ સંસ્થાઓ મોટેભાગે, આગળ જોયું તેમ, ગામઠી કે પંડયાની નિશાળો તરીકે ઓળખાતી અને તેનો વિકાસ મહદ્ અંશે કસબાઓના વિસ્તારો પૂરતો જ મર્યાદિત રહયો હતો. ખાસ કરીને સમાજના ભદ્ર વર્ગનાં બાળકોને જ એનો લાભ મળતો. કેટલીક કન્યાઓ પણ આવી શિક્ષણ સંસ્થાઓમાં ઉંમર લાયક થતાં સુધી શિક્ષણ લેતી હોવાની નોંધ ડૉ. સરોજબહેન દેસાઇના સંશોધન અહેવાલમાં લેવાઇ છે.[૨૦]

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

આ યુગમાં સમાજના નિમ્ન વર્ગમાં ગણાતા લોકોની સ્થિતિ દુ:ખદ અને દયાજનક હતી. હલકી ગણાતી જ્ઞાતિઓના લોકોમાં છોકરા - છોકરીઓને ગુલામ તરીકે વેચવાની પ્રથા હતી. "ભીલ, બારૈયા, રાનીપરજ, અને જંગલમાં કે તેની નજદીક રહેતી જાતિઓની સ્થિતિ ગુલામોની સ્થિતિ કરતાં સહેજ પણ સારી નહોતી. સમાજ અને રાજ્ય દ્વારા તેમની સંપૂર્ણ ઉપેક્ષા થઇ હતી અને તેમની સ્થિતિની સુધારણા માટે કંઇ પણ કરવામાં આવ્યું નહોતું."[૨૧]

## ૨.૩ ઓગણીસમી સદીના પૂર્વાર્ધ (૧૮૦૧-૧૮૫૦) નું ગુજરાત : રાજકીય, ધાર્મિક અને સામાજિક ભૂમિકા :

રાજકીય ભૂમિકા :- ભારતની પૂર્વોકત રાજકીય અંધાધૂંધી અને અનિશ્ચિતતાએ પ્રથમ વેપારી તરીકે આવેલી અને પછીથી રાજકર્તા બની બેઠેલી ઇસ્ટ ઇંડિયા કંપનીને રાજકીય મહત્ત્વાકાંક્ષા સંતોષવા માટેની ઉત્તમ તક પૂરી પાડી. પેશવા અને ગાયકવાડ વચ્ચેની હોંસાતોંશીનો લાભ લઇ કંપની સરકારે વડોદરાના ગાયકવાડને ઇ.સ. ૧૮૦૨માં સહાયકારી યોજના સ્વીકારવાની ફરજ પાડી, ત્યારથી ગુજરાતના રાજકારણમાં અંગ્રેજી સત્તાનો પ્રવેશ થયો ગણાય. ઇ.સ. ૧૮૧૮ના ખીડકીના યુદ્ધમાં પેશવાને પરાસ્ત કરી કંપની સરકારે ગુજરાત સહિત, સમગ્ર ભારતમાં પોતાનું પ્રભુત્વ સિદ્ધ કર્યું. હવે, "તેઓ કહે તે ધોરણે અને બાંધે તે તોરણે" એ હકીકત સહુને સમજાવા લાગી.[૨૨]

મરાઠાઓના લૂટારુ રાજ્ય અમલથી કંટાળેલી ગુજરાતી પ્રજાએ આ સત્તાપરિવર્તનને આવકાર્યું હશે, એમ માનવાને કેટલાંક પ્રમાણો ઉપલબ્ધ થાય છે. અંગ્રેજોએ પ્રારંભમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિનું નિર્માણ કરી, લોકોનાં દિલ જીતી લીધાં હતાં. ઇ.સ. ૧૭૭૯માં વડગામ આગળ થયેલી સંધિ પ્રમાણે જ્યારે ભરૂચ શહેર સિંધિયાને સોંપવાનું નક્કી થયું ત્યારે ભરૂચની પ્રજાએ અંગ્રેજોનું શાસન જારી રહે એ માટેની તીવ્ર લાગણી પ્રદર્શિત કરેલી.

> "આ શહેર મરાઠાઓના તાબામાં જાય છે, એ હકીકત લોકોએ જાણી એટલે ભરૂચી પ્રજા ઘણી દિલગીર થઇ. ઇશ્વરની પ્રાર્થના કરવા લાગી કે અંગ્રેજી રાજ્ય અમલ અમારા ઉપર હંમેશાં રહો. રાજ્ય અંગ્રેજોનું

M. S. UNIVERSITY OF BARODA



કાયમ રહે, માટે યજ્ઞો, હોમ, બલિદાન વગેરે શરૂ થયાં. કેટલાક લોકોએ અમુક અમુક બાધાઓ પણ લીધી. આ વાતમાં ઢીલ થઈ એટલે પ્રજાએ જાણ્યું કે ઇશ્વરે સામું જોયું, તેથી લોકો ખુશી થયા."[૨૩]

બ્રિટિશ હકુમત હેઠળનાં કેટલાંક ગામડાંઓ, સુવ્યવસ્થિત વહીવટ ધરાવતાં દેશી રાજ્યોને સુપ્રત કરવાની જવાબદારી પોતાને શિરે આવી, ત્યારે એ ગામોની વસતીએ 'એ અન્યાયી પગલા સામે ભારે વિરોધ અને રોષ પ્રકટ કર્યો હોવાના' સ્વાનુભવની નોંધ સર જોન સ્ટ્રાચીએ પણ લીધી છે.[૨૪] આમ પ્રજા તરફથી અંગ્રેજ સત્તાનું ઉમળકાભેર સ્વાગત થયું. મરાઠા સરદારોના જુલ્મથી ત્રાસેલી પ્રજા આમ કરે, એ સ્વાભાવિક પણ જણાય છે. પ્રારંભમાં અંગ્રેજોના વહીવટે લોકોના દિલ પર કેવો કબજો જમાવ્યો હતો એની પ્રતીતિ એમાંથી મળી રહે છે.

બ્રિટિશ અમલ શરૂ થતાં ગુજરાતને વહીવટી દૃષ્ટિએ મુંબઈ પ્રાંત સાથે જોડવામાં આવ્યું. બ્રિટિશ હકૂમત હેઠળના પાંચ જિલ્લાઓ - સુરત, ભરૂચ, ખેડા, પંચમહાલ ને અમદાવાદ - નો વહીવટ મુંબઈ પ્રાંતની સરકાર હસ્તક આવ્યો. સૌરાષ્ટ્ર સાંસ્કૃતિક દૃષ્ટિએ ગુજરાત સાથે જોડાયેલો દેશીરાજ્યોનો બનેલો મુલક હતો. ઈ.સ. ૧૮૦૭ના ગાયકવાડ અને સૌરાષ્ટ્રના દેશી રાજવીઓ વચ્ચેના ખંડણી અંગેના ઈતિહાસ પ્રસિદ્ધ 'કોલોનેલ વૉકર્સ સેટલમેન્ટ' દ્વારા અંગ્રેજ સત્તાનો ત્યાં પણ પગ પેસારો થયો. ઇ.સ. ૧૮૨૦માં દેશી રાજ્યોના વહીવટ પર દેખરેખ રાખવા, બ્રિટિશ સરકારે રાજકોટ ખાતે 'પોલિટીકલ એજન્ટ'ની નિમણૂક કરી. ૧૯મી સદીના પૂર્વાર્ધમાં કંપની સરકારે ગુજરાત સહિત ભારતનાં વિવિધ દેશી રાજ્યો સાથે એક યા બીજા પ્રકારના કરાર કરી, તેમને પોતાના સાર્વભૌમત્વ હેઠળ આણી, સત્તા વિસ્તારવાની નીતિ અપનાવી. પ્રજાની જેમ રાજાઓ પણ આ સત્તા પરિવર્તન સાથે સમાધાન કરતા રહ્યા. હરિલાલ દામોદરદાસ વકીલ (૧૮૪૦-૧૯૦૦)ના જીવનચરિત્રના લેખક ચરિત્રનાયકના જન્મસમયની રાજકીય પરિસ્થિતિનો આવો ચિતાર આપે છે :

"તે વખતે હિંદમાં વ્યવસ્થિત અંગ્રેજી રાજ્ય અને કેળવણીની શરૂઆત હતી. ઘણા ખરા દેશી રાજાઓ કંપની સરકારની સહાયકારી લશ્કરી પદ્ધતિ તળે આવી ગયા હતા. એક જબરી આસમાની સુલતાનીનો

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

M. S. UNIVERSITY OF BARODA



ઇતિહાસ રાજારજવાડાઓમાં તેમજ લોકમાનસમાં તાજો હતો. છતાં, સૌ કોઇ - દેશી રાજાઓ તેમજ દેશી પ્રજા - નવા શરૂ થતા અંગ્રેજ યુગને વિધિના લેખ સમો માનીને અનુકૂળ થતાં જતાં હતાં."[૨૫]

અંગ્રેજોની સત્તાના વિસ્તાર સાથે ગુજરાતમાં પૂર્વે પ્રવર્તતાં અંધાધૂંધી, ખટપટો અને યાતનાઓ ધીમે ધીમે દૂર થયાં, અને શૈક્ષણિક વિકાસ માટે અનિવાર્ય એવી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિનું નિર્માણ થવા લાગ્યું.

"અંગ્રેજ હસ્તક દેશનો વહીવટ આવતાં, તેમાં પ્રજાએ ફેરફાર અને સુધારો થયેલો ભાળ્યો, પ્રથમ ચોતરફ સુલેહશાન્તિ પ્રસરવા માંડી, અને તે સ્થપાતાં વ્યવસ્થા આવી, અને સઘળો વહીવટ કાયદાકાનુન મુજબ થતાં સૌ કોઇને ન્યાય મળવા લાગ્યો, અને પ્રજાને તેમની જાનમાલની સલામતીમાં વિશ્વાસ બેઠો, જે પૂર્વે નહોતો, અને તેથી તે નિર્ભય બની હતી."[૨૬]

ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં, આમ ગુજરાતમાં બ્રિટિશ શાસનનાં મૂળ નંખાયાં, તેનો વિસ્તાર વધ્યો ને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિનું નિર્માણ થયું. ગુજરાતે સદીઓથી નહિ અનુભવેલી શાંતિ અને સ્થિરતા આવતાં ગુજરાત આર્થિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ પણ સમૃદ્ધ બનતું ગયું. કેળવણીના વિકાસ માટે આવી અનુકૂળ પરિસ્થિતિ સર્જાતાં એ દિશામાં પણ પ્રગતિ થવા લાગી. અહીં એટલું નોંધવું પૂરતું થઇ પડશે કે આ સમય દરમ્યાન, ઇ.સ. ૧૮૨૬માં ગુજરાતમાં પ્રાથમિક શાળાઓ અને ઇ.સ. ૧૮૪૨માં અંગ્રેજી શાળાઓની સ્થાપનાનો પ્રારંભ કરી કંપની સરકારે અર્વાચીન કેળવણીનો પાયો નાખી દીધો હતો.[૨૭] આ બન્ને પ્રકારની શાળાઓનો પ્રારંભ સુરતથી થયો એ હકીકત ઘણી સૂચક છે. સુરત ઘણા સમયથી અંગ્રેજોના સંપર્કમાં હોવાથી ત્યાં આવા નવાપ્રસ્થાન માટેની અનુકૂળતાઓ ઘણી વહેલી સર્જાઇ ચૂકી હતી. ક્રમશ: કંપની સરકારના વહીવટ હેઠળના અન્ય વિસ્તારોમાં અને દેશી રાજ્યોમાં પણ નવી કેળવણીની સંસ્થાઓ સ્થપાતી ગઇ.

ધાર્મિક ભૂમિકા :- મુસ્લિમશાસન દરમ્યાન ગુજરાતની ગૌરવપ્રદ અને ઉન્નત સંસ્કૃતિનો જે સર્વતોમુખી વિનાશ થયો તેનો ઉલ્લેખ અગાઉ થઇ ચૂકયો છે. પ્રજાનું ધાર્મિકજીવન પણ એમાંથી બાકાત ન જ રહે, એ સ્વાભાવિક છે. આ કાળ દરમ્યાન, શિક્ષણ સાથેનો

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

ધર્મ અને સંસ્કૃત ભાષાનો નાતો છૂટી જવાથી, આમપ્રજા ધર્મના સત્યસ્વરૂપથી અજ્ઞાત બનતી ગઇ. ધર્માચાર્યો અને પુરોહિતો પણ પ્રજાના અજ્ઞાનનો લાભ લઇ ધર્મશાસ્ત્રોનું પોતાને અનુકૂળ આવે એ રીતે અર્થઘટન કરી પ્રજાનાં અજ્ઞાન અને અંધશ્રદ્ધાઓને પોષતા રહ્યા. છોટાલાલ નરભેરામ ભટ્ટ (૧૮૫૦-૧૯૩૭) પોતાના 'આત્મવૃત્તાન્ત'માં એમના બાલ્યકાળમાં પ્રવર્તતી વિદ્વાન બ્રાહ્મણ વર્ગની આવી રીતિનીતિની નોંધ આ પ્રમાણે લે છે :

"મેહેમદાવાદમાં તે વખતે એક વિદ્વાનોનું મંડળ હતું.........કોઇને કાંઇ થાય તો વૈદને બોલાવે, વૈદ તેને ગ્રહદશા જોવરાવવાની સલાહ આપે. જોશી તેને અમુક ગ્રહના નડતરની શાંતિ માટે જપ અથવા હોમ કરાવવાની સલાહ આપે. આરીતે વારંવાર હોમહવન અને જપાનુષ્ઠાનાદિ ચાલ્યા કરતાં અને તે મંડળને પણ પૂર્ણાહુતિમાં મિષ્ટાન્ન અથવા સીધાં મળતાં."[૨૮]

મહેમદાવાદમાં પ્રવર્તતી આ સ્થિતિ ગુજરાતના અન્ય વિસ્તારોને પણ સમાન રીતે લાગુ પડે છે. ગુજરાતના લોકો એ જમાનામાં કેટલા બધા અંધશ્રદ્ધાળુ હતા, અંધશ્રદ્ધાઓ કેવી વ્યાપક હતી, તેનો પ્રચાર ને પ્રસાર શી રીતે થતો, લોકોમાં એનાથી કેવા ગભરાટનું વાતાવરણ પેદા થતું એનો વાસ્તવિક ખ્યાલ દુર્ગારામ મહેતાજીની ૩ ફેબ્રુઆરી, ૧૮૪૩ની નિત્યનોંધમાં ટંકાયેલા નીચેના કિસ્સા પરથી મળે છે :

"આજે ગામમાં જાંહાં ફરિયે છૈયે ત્યાં હાં સાંભળવામાં આવે છે કે આવતીકાલે વસંતપંચમીનો દિવસ છે માટે જે લૂમ એક વરસ થયાં ઉડી રહી છે કે પૃથ્વીમાં સર્વ મનુષ્યો ગરક જવાનાં છે તે દિવસ લખ્યા પ્રમાણે કાલનો છે. એ ઠગાઇની વાત પ્રથમ કાશીમાં કોઇ બાહામણાયે ધૂતવાને કાઢીને મહાદેવના દેરામાં કાગળ નાખ્યો હશે તે કાગળની નકલ મેં વાંચી છે..........તે કાગળના પ્રસિદ્ધ કરનારને ઘણું પુણ્ય લખ્યું હતું માટે જેના હાથમાં નકલ હોય તે સર્વ લોક ઉતારી આપતા ને પ્રસિદ્ધ કરતા હતા. તે કાગળની અસર એટલી તો થઇ હતી કે આખો ગુજરાત દેશ ખળભળી ગયો છે. હું નિશ્ચય જાણું છૌં કે એ મનુષ્યની મુર્ખાઇનું લક્ષણ છે. હવડાંના વખતમાં મૂર્ખ લોક ઘણા છે...

જોઇયે હવે કાલે શી ધામધુમ શેહેરમાં બની રેહે છે."[૨૯]

ચોથી ફેબ્રુઆરી, ૧૮૪૩ની નોંધમાં દુર્ગારામ મહેતાજી લોકો અત્યંત ભયભીત થઇ ગયા હોવાનું અને બધાંએ આખી રાત ગીતો, ભજનો અને કહેવાતી ધાર્મિક વિધિઓ કરતાં કરતાં જાગરણમાં ગાળી હોવાનું જણાવે છે.[30] સૂરત જેવા શહેરની જનતામાં જો અંધશ્રદ્ધાઓ આટલી બધી પ્રબળ હોય તો ગ્રામીણ જનતાની પરિસ્થિતિ કેવી હશે તેની કલ્પના કરવી મુશ્કેલ નથી.

ધર્મના સત્ય સ્વરૂપના જ્ઞાનના અભાવે, ગર્ભધારણાથી માંડી મરણોત્તર વિધિઓ સુધીનું સકલ માનવજીવન અંધશ્રદ્ધાઓ, વહેમો અને પરંપરારૂઢ ક્રિયાકાંડોમાં સપડાઇ ગયું હતું. ધર્મના નામે અનેક પાખંડોએ પ્રજાજીવનમાં પ્રવેશ કર્યો હતો.

"લોકોના ધાર્મિક આચારવિચાર, વિધિ અને પૂજા, ઇશ્વર પ્રત્યેના પ્રેમથી પ્રેરિત નહિ, પણ અંધશ્રદ્ધા, વહેમ અને અજ્ઞાનથી પોષણ પામી ધર્મના શુદ્ધ અને સાત્ત્વિક સ્વરૂપને ભૂલી, દંભ અને આડંબરને ધારણ કરી, આચરવામાં આવતાં. ધર્મને નામે અનેક ઢોંગ અને ખોટાં કૃત્યો થઇ, અને આ સઘળું યંત્રવત્ બનતું અને તેનો પાયો વિવેક ઉપર નહિ પણ વહેમ અને ભય પર બંધાયો હતો."[૩૧]

પ્રજાના ધાર્મિકજીવનમાં અનેક દેવદેવીઓની પૂજા, ભૂતપ્રેતાદિના વહેમો, બાધાઆખડીઓ, શ્રાદ્ધ અને ઉત્તરક્રિયાઓ વગેરે જેવાં અનિષ્ટો પ્રવેશી ચૂક્યાં હતાં. પ્રજાની આવી ધાર્મિક અંધશ્રદ્ધાઓ અને વહેમોમાંથી જલાભેદ જ્ઞાતિવ્યવહારો, બાળલગ્ન, ફરજિયાતવૈધવ્ય, સતી થવાનો ચાલ, પરદેશગમન સામેનો નિષેધ, બહુ પત્નીત્વ વગેરે જેવાં સામાજિક અનિષ્ટો પણ પેદા થયાં હતાં. ટૂંકમાં, હિંદુ-સમાજ અનેક સાંપ્રદાયિક વિધિનિષેધોમાં ફસાઇ ગયો હતો.

ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં આમ ગુજરાતની પ્રજાના ધાર્મિક જીવનમાં ઝાઝો ફેરફાર થયો હોવાનાં પ્રમાણો પ્રાપ્ત થતાં નથી.

પ્રજાનું આવું માનસ ગુજરાતમાં શરૂ થતી નવી કેળવણી માટે પ્રારંભમાં અવરોધક પણ નીવડયું હતું.

"મહીપતરામ (૧૮૨૯-૧૮૯૧) તેર ચૌદ વર્ષના થયા તે વખતે અંગ્રેજી ભાષાનો અભ્યાસ કરવાને માટે સાધન તૈયાર હતું. પરંતુ નાગર જ્ઞાતિના વયોવૃદ્ધ પુરુષોને એ ભાષા ભણવા વિરુદ્ધ દૃઢાગ્રહ. એ વૃદ્ધો મનમાં તો સારી પેઠે સમજતા હતા, કે આપણે નાગરોથી વેપાર થઇ શકવાનો નથી, એટલે નોકરી કર્યા વિના બીજો રસ્તો આપણને નથી, તથાપિ બહારથી એ ભાષા ભણવા પ્રતિ વિરોધ દર્શાવતા, ને કહેતા કે અંગ્રેજી ભાષા તો મ્લેચ્છોની ભાષા - યાવની ભાષા. એ ભાષા ભણવાથી ધર્મભ્રષ્ટ થવાય, વટલાઈ જવાય વગેરે વગેરે પોતાના વિચારને મળતાં આવતાં વાક્યો કહેવામાં આવતાં. યાવની શબ્દનો કર્ણને સ્પર્શ થયો હોય અથવા ભૂલેચૂકે એનો ઉચ્ચાર થઇ ગયો હોય તો સચેલસ્નાન કરવું પડે એવું મંતવ્ય તેમનું હતું. જૂના વિચારનાં કેટલાંક માબાપો તો પોતાનાં બાળકોને યાવની શબ્દના ઉચ્ચારથી પોતાનું ચાલે તો નવડાવે પણ ખરા."[32]

નાગર જેવી સંસ્કારિતામાં અગ્રિમ ગણાતી જ્ઞાતિઓમાં પણ ધાર્મિક અંધશ્રદ્ધાઓ કેટલી પ્રબળ હતી અને નવી કેળવણી સામે તે કેવું અવરોધક બળ બની રહી તેનો, આના પરથી ખ્યાલ આવે છે. શિક્ષણ અને સંસ્કારિતાની બાબતમાં શિરમોર ગણાતી નાગર જ્ઞાતિની પણ જો આ સ્થિતિ હોય તો અન્ય જ્ઞાતિઓની સ્થિતિ કેવી હશે તેની કલ્પના થઈ શકે એમ છે.

સુરતમાં ઈ.સ. ૧૮૨૬માં શરૂ થયેલી નવી કેળવણીનો બીજી રીતેય વિરોધ થતો. નવી કેળવણી વિજ્ઞાનના પાયા પર રચાયેલી હતી. પરંતુ વૈજ્ઞાનિક સત્યોને પુરાણાદિનું સમર્થન પ્રાપ્ત થતું ન હોવાથી અંધશ્રદ્ધાળુ લોકો એને નિંદવા લાગેલા. ઉ.ત. પૃથ્વી ગોળ છે અને સૂર્યની આજુબાજુ ફરે છે એવું શીખવવા માટે દુર્ગારામ મહેતાજીને લોકો ધર્મભ્રષ્ટ કહી તેમની નિંદા કરતા.[33] પરંપરાગત અંધશ્રદ્ધાઓમાં ઘડાયેલા અને લોકોની ધાર્મિક અંધશ્રદ્ધાઓની સામે પડવાની સાહસવૃત્તિ નહીં ધરાવતા બીજા એક શિક્ષક તો છોકરાઓને કહેતા કે "સાહેબ પરીક્ષા લેવા આવે ને પૂછે ત્યારે કહેવું કે પૃથ્વી ગોળ છે અને ફરે છે પણ તે તમે માનશો નહિ, કેમ કે પૃથ્વી ગોળ

હોયને ફરે તો આપણાં ઘર પડી જાય, તે પડતાં નથી માટે એ વાત ખોટી છે."[34]

ઓગણીસમી સદીના ત્રીજા દાયકા દરમ્યાન ગુજરાતમાં શરૂ થયેલી અર્વાચીન કેળવણીને આવી પ્રબળ ધાર્મિક અંધશ્રદ્ધાઓ વચ્ચે પોતાનો માર્ગ કાઢવાનો હતો.

ઉકત સમય દરમ્યાનની, ગુજરાતની ધાર્મિક પશ્ચાદભૂમિકામાં ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા સંચાલિત શાળાઓની વટાળપ્રવૃત્તિઓનો પણ ઉલ્લેખ કરવો ઘટે. આવી કેટલીક શાળાઓ ગુજરાતમાં પણ સ્થપાઈ ચૂકી હતી. અંગ્રેજી શિક્ષણના આકર્ષણને લીધે એ નિશાળોમાં પણ વિદ્યાર્થી-સંખ્યા ઠીક ઠીક રહેતી. પરંતુ પાદરીઓનું ધ્યેય વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા કરતાં ખ્રિસ્તી બનાવવા તરફ વિશેષ રહેતું. આમ છતાં, ગુજરાતમાં ધાર્મિક પરંપરાઓ એટલી બધી પ્રબળ હતી કે ધર્મ પરિવર્તનના કિસ્સા જવલ્લે જ બનતા. વળી, આવા કિસ્સા બનતાં આખો સમાજ ખળભળી ઊઠતો અને સરકારી નિશાળો પર પણ એની વિપરીત અસર થતી. ઓગણીસમી સદીના પૂર્વાર્ધના અંતીમ દાયકામાં સુરતની મિશન શાળાના પાદરી મોંટગોમરીની પ્રેરણાથી નવરોજજી પારેખ નામના પારસી યુવકે ખ્રિસ્તી ધર્મ અપનાવતાં, લોકોની શ્રદ્ધા અંગ્રેજી ભણતર પરથી ઊઠી ગઈ હોવાની અને સરકારી નિશાળો પણ ખાલી થઈ ગઈ હોવાની નોંધ મહીપતરામના જીવનચરિત્રમાં લેવાઈ છે. આ પારસી યુવકને સમાજસુધારકોના પ્રયત્નોથી પુન: સ્વધર્મમાં દાખલ કરાવતાં 'લોકોને લૂલી પાંગળી શ્રદ્ધા' અંગ્રેજી કેળવણીમાં બેઠી હોવાની નોંધ પણ એ જ ચરિત્રમાંથી પ્રાપ્ત થાય છે.[35] આવા કિસ્સા પરથી પ્રજાજીવન પર ધર્મની પકડ કેવી ચુસ્ત હતી અને તે નવી શરૂ થતી કેળવણીને શી રીતે અવરોધક નીવડતી હતી તેનીય ઝાંખી થાય છે.

અત્રે ઉદ્દિષ્ટ કાલ દરમ્યાન ધર્મસુધારણા અંગે થયેલાં સંચલનોની નોંધ પણ લેવી ઉચિત ગણાશે. અલબત્ત, ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં આ દિશામાં ઝાઝી પ્રગતિ થઈ નહોતી, એ હકીકત છે, તેમ છતાંય ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં ગુજરાતમાં ધર્મસુધારણાં અંગે મોટા પાયા પર જે હિલચાલ શરૂ થઈ તેનાં બીજ આ સમય-ખંડમાંજ રોપાઈ ચૂકયાં હતાં.

સમાજસુધારણાની જેમ ધર્મસુધારણાની બાબતમાં ય સુરત ગુજરાતમાં મોખરે રહયું એ બાબત ધ્યાન માગી લે છે. સત્તા પ્રાપ્તિ પહેલા ઘણા લાંબા સમયથી અંગ્રેજો

M. S. UNIVERSITY OF BARODA



વેપારાર્થે સુરતમાં આવીને વસેલા અને તેથી સુરતની પ્રજા પશ્ચિમની સંસ્કૃતિની અસર હેઠળ ઘણી વહેલી આવેલી એ હકીકતમાં આનો ખુલાસો મળે છે. આ જ કારણસર પૂર્વે નોંધ્યું તેમ ગુજરાતમાં નવી પદ્ધતિની કેળવણીનો પ્રારંભ પણ સુરતથી થયો હતો.

ઉદ્દિષ્ટ કાલખંડમાં ધર્મસુધારણાની હિલચાલનાં ચક્રો મહદઅંશે છેલ્લા દાયકામાં (૧૮૪૧-૫૦) ગતિમાન બન્યાં. એનું નેતૃત્વ મુખ્યત્વે સૂરતના દાદોબા પાંડુરંગ, દુર્ગારામ મહેતાજી, દલપતરામ માસ્તર, દીનમણિશંકર શાસ્ત્રી અને દામોદરદાસની બનેલી 'પાંચ દદ્દાની મંડળી' નામે મશહુર બનેલી સુધારક ટોળીના હાથમાં હતું.[૩૬] દાદોબા પાંડુરંગ ઇ.સ. ૧૮૪૦ના અરસામાં મુંબઇમાં સ્થપાયેલી 'પરમહંસ મંડળી'ના સૂત્રધાર - મંત્રી હતા. 'ઇશ્વરનું પિતૃત્વ અને મનુષ્યનું બંધુત્વ' એ તત્ત્વોના પાયા પર આ મંડળી રચાયેલી અને વિશ્વપ્રેમની રચના કરી તેમાં અંતરાય રૂપ થતા હિન્દુ સમાજના રિવાજોનો વિરોધ કરવો એ તેનો મુખ્ય ઉદ્દેશ હતો.[૩૭] એમાં જ્ઞાતિભેદોનો નિષેધ, એકેશ્વરવાદનું સમર્થન, મૂર્તિપૂજાનો ત્યાગ વગેરે બાબતો અંગે ઉપદેશો અપાતા. જ્ઞાતિભેદોની નાબૂદી માટે સભ્યો સમૂહભોજનો પણ યોજતા. જ્ઞાતિકોપના ભયને લીધે આ પ્રવૃત્તિ કેટલાંક વર્ષો સુધી ચાલી અને પછી જાહેર થઇ જતાં બંધ પડી ગઇ.[૩૮]

સુરતમાં, ઇ.સ. ૧૮૪૪માં પૂર્વોક્ત 'પાંચ દદ્દાઓ' અને તેમાંય વિશેષત: દુર્ગારામ મહેતાજીના પ્રયત્નોથી 'માનવ ધર્મસભા'ની સ્થાપના થયેલી. જ્યાં સુધી લોકોને ધર્મ અંગે સત્યજ્ઞાન લાધે નહીં ત્યાં સુધી તેમનો ઉદ્ધાર ન થાય, એ હકીકતને લક્ષમાં રાખીને માનવધર્મસભાના સૂત્રધારોએ ધર્મસુધારણાને પણ પોતાનું લક્ષ્ય બનાવેલું. સભાની સ્થાપના કરવા માટેની બેઠક બોલાવવા ખાતર ફેરવવામાં આવેલા મુસદ્દામાંથી આ હકીકત છતી થાય છે :

> "કેટલોએક કાળ થયો અજ્ઞાનથી ધર્મ સંબંધી બાબતમાં માણસોના અનેક વિચાર થયા છે તેણે કરીને તેઓ અત્યંત દુ:ખમાં પડેલા છે. તેમને મોક્ષ પ્રાપ્ત થાય માટે જ્ઞાનપૂર્વક ખરો વિચાર તે પ્રાપ્ત કરી લેવાની ઘણી અગત જાણી દર શનિવારે રાત્રે કોઇ ઠેરવેલા ઘરમાં માણસોનો મેલાપ રાખવો જોઇએ. તે ઠેકાણે બેસીને વિચાર તેણે કરીને

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

અજ્ઞાનથી થયેલાં જે દુ:ખદાયક બંધન તેમાંથી છૂટશે."[39]

'દુર્ગારામચરિત્ર'માં પ્રસિદ્ધ થયેલી માનવ ધર્મસભાની દફતર નોંધો જોતાં જણાય છે કે એની બેઠકોમાં જ્ઞાતિભેદોની નાબૂદી, એકેશ્વરવાદનું સમર્થન, મૂર્તિપૂજાનિષેધ, દંભીગુરુઓનો વિરોધ અંધશ્રદ્ધાઓનું ઉન્મૂલન વગેરે બાબતો પર ચર્ચાવિચારણા થતી.[40]

ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં પ્રજાનું ધાર્મિક જીવન આમ અંધશ્રદ્ધાપ્રચુર હતું. પરિણામે તેનું સમાજજીવન પણ કલુષિત બન્યું હતું. જ્યાં સુધી પ્રજાની ધર્મ અંગેની માન્યતાઓમાં ફેરફાર ન થાય, ત્યાં સુધી સમાજજીવન પણ સંસ્કારી બની ન શકે, એ હકીકતને લક્ષમાં રાખીને કેટલાક સમાજસુધારકોએ ધર્મસુધારણાની દિશામાં ઉપર જણાવ્યા મુજબની પહેલ કરી હતી. પ્રજાના રૂઢિચુસ્ત માનસનો પ્રબળ સામનો કરવાનો હોવાથી આવા પ્રારંભિક પ્રયત્નોની અસર પણ મર્યાદિત જ રહે એ સ્વાભાવિક છે.

અત્રે એ નોંધવું પણ રસપ્રદ થઇ પડશે કે ધર્મ અને સમાજસુધારણાનો ઝંડો પકડનાર ઉપર્યુકત પરિવર્તન-પરિવ્રાજકો પૈકી દુર્ગારામ, દાદોબા પાંડુરંગ, દલપતરામ વગેરે નવી પદ્ધતિની નિશાળોના શિક્ષકો હતા. શિક્ષણ અને સામાજિક પરિવર્તન વચ્ચે વિધાયક સંબંધ છે એટલું જ નહિ, પરંતુ શિક્ષક પરિવર્તનનો અગ્રદૂત બની શકે એ હકીકતનેય અહીં સમર્થન પ્રાપ્ત થાય છે.

સામાજિક ભૂમિકા :- મુસ્લિમ અને મરાઠી શાસન દરમ્યાન, સામાન્ય થઇ પડેલી રાજકીય અનિશ્ચિતતા અને અંધાધૂંધીને લીધે ગુજરાતની સમૃદ્ધ, સંસ્કારી સમાજ-વ્યવસ્થાનો જે વિનિપાત થયો તેનો ઉલ્લેખ આ પૂર્વે થઇ ગયો છે. અંગ્રેજોના હાથમાં સત્તા આવતાં ગુજરાત શાંતિ અને સ્વસ્થતા અનુભવવા લાગ્યું એ હકીકત છે. પરંતુ પાંચ-છ સૈકાના કાળબળ વડે ઘડાયેલા સમાજનું એકાએક પરિવર્તન થઇ જાય, એ શકય નથી જ. એથી ઉકત સમય દરમ્યાન ઘડાયેલાં જનસમાજનાં મૂલ્યો, વલણો, રૂઢિઓ, રીતરિવાજો વગેરેમાં ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં કોઇ નોંધનીય ફેરફારો થયા હોય એમ જણાતું નથી. વાસ્તવમાં, આ ગાળો પણ મહદંશે સામાજિક સ્થિતિચુસ્તતાનો કાલ હતો એમ કહેવામાં કંઇ અજુગતું નથી.

આ સમય દરમ્યાન નીચે જેવાં પરંપરાગત સામાજિક અનિષ્ટો યથાવત્ ચાલુ જ હતાં.

M. S. UNIVERSITY OF BARODA



સમાજમાં પુરોહિતો અને ધર્માચાર્યોનું પુષ્કળ વર્ચસ્વ હતું. આગળ નોંધ્યું છે તેમ આ વર્ગ પ્રજાને સાચા જ્ઞાનથી અજ્ઞાત રાખી તેમની અંધશ્રદ્ધાઓનો લાભ ઉઠાવવામાં જ રાચતો. સમગ્ર માનવજીવનની આસપાસ તેમણે અંધશ્રદ્ધાઓ અને વહેમોનાં જાળાં ગૂંથ્યાં હતાં. ધર્મના નામે અનેક અનિષ્ટો અને દુરાચારો નિરવરોધ પોષાતાં.

હિંદુ સમાજ નાતજાતના અનેક સંકુચિત વાડાઓમાં હજુય જકડાયેલો જ રહ્યો. જનસમાજના માનસ પર જ્ઞાતિસંસ્થાનો પ્રબળ પ્રભાવ અને પકડ હતાં. ભલભલા ચમરબંધીઓને પણ જ્ઞાતિના પ્રભાવ આગળ નમતું જોખવું પડતું. જ્ઞાતિ પાસે 'બહિષ્કાર'નું ધારદાર શસ્ત્ર હતું જેનો કલ્પના માત્રથી લોકો ધ્રૂજી ઊઠતા. શ્રી પારેખ નોંધે છે તેમ "આજના બદલાયલા સંજોગોમાં એ પ્રકારનું જ્ઞાતિનું વર્તન આપણને જુલ્મ જ લાગે."[૪૧] મહીપતરામનો ઇંગ્લેંડ પ્રવાસ (૧૮૬૦), કરસનદાસના વિદેશગમન, (૧૮૬૩) માધવદાસ અને ધનકોરબાઇના પ્રથમ ગુજરાતી પુનર્લગ્ન વગેરે પ્રસંગોએ જ્ઞાતિસંસ્થાએ જે તરખાટ મચાવેલો અને જે શિક્ષાત્મક પગલાં લીધેલાં તે જ્ઞાતિસંસ્થાની અમર્યાદ સત્તાની સાક્ષી પૂરે છે. ટૂંકમાં, નવી સામાજિક પહેલ સામે એ સમયે જ્ઞાતિસંસ્થા દીવાલ બનીને ઊભી હતી અને પ્રગતિનો માર્ગ અવરોધી રહી હતી.

બાળલગ્નના વ્યાપક ચાલને લીધે કન્યાકેળવણીને નહીંવત્ અવકાશ રહેતો. સ્ત્રીઓનું સામાજિક સ્થાન અને દરજ્જો પણ પૂર્વવત્ નિમ્ન કોટિનાં હતાં. કન્યાને જેમ બને તેમ વહેલી પરણાવી દેવાનું લોકોનું વલણ રહેતું. 'ગૃહજીવનમાં સ્ત્રીઓનું સ્થાન' - એ વિષય પરના એક અભ્યાસમાં વ્યક્ત થયેલું સરોજિની મહેતાનું સ્ત્રીઓની સ્થિતિ અંગેનું નિમ્ન અવલોકન નોંધનીય છે :

> "એ વખતે સ્ત્રીને પણ તેનું સ્વતંત્ર વ્યક્તિત્વ છે એ ભૂલાઇ ગયું હતું. ૧૯મી સદીની પ્રથમ પચીસી સુધી તેની સ્થિતિ અત્યંત ખરાબ હતી. રાજકીય અંધાધૂંધીની આ યુગના સામાજિક જીવન પર ઘણી વિકૃત અસર થઇ હતી. આવા અસ્થિર સમયમાં ગુજરાતની સ્ત્રીઓ ઘરની ચાર દિવાલોમાં જ પૂરાઇ રહેતી. માબાપ તેમની પુત્રીઓનાં લગ્ન જેમ બને તેમ વહેલાં કરી નાખવા આતુર રહેતાં......... એને પણ શિક્ષણ આપી શકાય એ વાતનું વિસ્મરણ થયું હતું."[૪૨]

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

HANSA MEHTA LIBRARY


સમાજના નિમ્નસ્તરોના લોકોના સામાજિક જીવનમાં પણ આ યુગમાં કોઈ સુધારા થવા પામ્યા ન હતા. તેમને અસ્પૃશ્ય ગણીને ગામ બહાર અલગ વસાહતોમાં રાખવામાં આવતા. શિક્ષણ પ્રાપ્ત કરવાના, ગામના કૂવે પાણી ભરવાના અથવા ઉચ્ચ જ્ઞાતિના હિંદુઓ સાથે અન્ય રીતે સહચાર સાધવાના સામાન્ય અધિકારો પણ તેમની પાસેથી ઝૂંટવી લેવામાં આવેલા.[૪૩]

આ ઉપરાંત સમાજમાં કેટલીક અનિષ્ટ રૂઢિઓ પણ લાંબા સમયથી ઘર કરી ગઈ હતી. તેમાંની એક તે કન્યાઓને દૂધ પીતી કરવાનો ચાલ. આ ચાલ સૌરાષ્ટ્ર અને કચ્છના જાડેજા રાજપૂતોમાં તેમજ ઉત્તરગુજરાતના લેઉઆ અને કડવા પાટીદારોમાં પ્રચલિત હતો.[૪૪] આ પ્રથા દૂર કરવા, સૌ પ્રથમ કર્નલ વૉકરે ઈ.સ. ૧૮૦૮માં સૌરાષ્ટ્રના જાડેજા અને જેઠવા ઠાકારો પાસે કરાર કરાવ્યો. તત્ પશ્ચાત્ કંપની સરકારે કાયદા દ્વારા તેને નાબૂદ કરી.

સતી થવાની પ્રથા આ યુગની બીજી ઘાતકી ચાલ હતી. એ રિવાજ પ્રમાણે વિધવા સ્ત્રીને તેના પતિ સાથે જીવતાંજ બળી મરવાની ફરજ પડતી. સ્વર્ગમાં પણ પતિનો સહયોગ પ્રાપ્ત થાય એવી અંધશ્રદ્ધા તેની પાછળ રહેલી હતી. રજપૂત, બ્રાહ્મણ વગેરે જ્ઞાતિઓમાં આ પ્રથા પ્રબળ હતી. રાજા રામોહનરાય અને લૉર્ડ વિલિયમ બેન્ટિકના પ્રબળ પુરુષાર્થને લીધે કંપની સરકારે આ પ્રથાને કાનૂન દ્વારા અટકાવવામાં સફળતા પ્રાપ્ત કરી.

ફરજિયાત વૈધવ્ય એ આ સમયનો ત્રીજો અમાનુષી રિવાજ હતો. બાળલગ્નની પ્રથાને લીધે ઘણી સ્ત્રીઓ નાની ઉંમરમાંજ વિધવા થતી અને તેમને ફરજિયાત વૈધવ્યની યાતનાઓ જીવનભર ભોગવવી પડતી. ૧૮૫૬માં કંપની સરકારે કાયદા દ્વારા તેને દૂર કર્યો. વાંકડો-દહેજ-કન્યા-વિક્રયનો પણ આ જમાનાના અનિષ્ટમાં સમાવેશ થાય.

આ યુગના કેટલાક શક્તિશાળી સમાજસુધારકોએ ઉપર્યુક્ત સામાજિક અનિષ્ટો દૂર કરવા ઠીક ઠીક જહેમત લીધી હતી. એમની સંખ્યા જો કે થોડી હતી, તે છતાંય પરંપરાથી જડ બની ગયેલા રૂઢિચુસ્ત હિન્દુ સમાજની સુધારણાની હિલચાલના તેઓ જનક હતા. એમના પ્રયત્નો વિશેષતઃ સ્ત્રીઓની સ્થિતિની સુધારણા પૂરતા મર્યાદિત રહ્યા હોવા છતાંય ગુજરાતની સામાજિક ઉન્નતિના ઇતિહાસમાં એમનું

નામ અમર રહેશે. આ સુધારકોમાં 'હિંદુલ્યુથર'નું બિરુદ પ્રાપ્ત કરનાર સુરતના દુર્ગારામ મહેતાજી (૧૮૦૯-૧૮૭૬)નું નામ અગ્રસ્થાને ગણાય. એમની પહેલાં રણછોડદાસ ઝવેરી (૧૮૦૩-૧૮૭૦)એ સમાજસુધારણાનાં બીજ રોપ્યાં જ હતાં. એ ઉપરાંત ફરદુનજી મર્ઝબાનજી (૧૭૮૭-૧૮૪૪) એ પણ 'મુંબઈ સમાચાર' ને સામાજિક સુધારણાનું વાહન બનાવ્યું હતું. આ યુગના સુધારકોનું કાર્ય અતિશય કઠિન હતું કારણ કે તેમને જૂનવાણી માનસ ધરાવતા રૂઢિચુસ્ત સમાજનો પ્રબળ સામનો કરવાનો હતો.

ત્રીસ વર્ષની ઉંમરે પ્રથમ પત્નીનું નિધન થતાં દુર્ગારામનું ધ્યાન સ્વાનુભવ પરથી વિધુરો અને વિધવાઓની યાતનાઓ તરફ દોરાયું.[45] પછી તેમણે વિધવા પુનર્લગ્ન અંગે જાહેરબોધ કરવાનું શરૂ કર્યું. તેમની નાગર જ્ઞાતિમાં આથી ભારે ખળભળાટ મચી રહયો. દુર્ગારામને ફરી કન્યા આપવા તૈયાર થયેલા તેમના સાસુ-સસરાએ 'છોકરીને પરણ્યા પછી વિધવા પુનર્વિવાહ સંબંધી જાહેર બોધ કરવો નહિ' એવી શરત કરી એટલે દુર્ગારામે આ પ્રશ્ન છોડી દીધો.[46]

ઇ.સ. ૧૮૪૪માં દુર્ગારામે સુરતની અંગ્રેજી શાળાના મુખ્ય શિક્ષક દાદોબા પાંડુરંગ સાથે મળી 'માનવ ધર્મ સભા'ની સ્થાપના કરી. એનો મુખ્ય ઉદ્દેશ તત્કાલિન સમાજની અંધશ્રદ્ધાઓ અને કુરૂઢિઓની નાબૂદીનો હતો. એમાં ભૂતપ્રેત આદિનાવહેમોનો ત્યાગ, મરણોત્તર ભોજનો અને રોવાકૂટવાના રિવાજોની નાબૂદી, એકેશ્વરવાદનું સમર્થન, અસ્પૃશ્યતાનિવારણ જેવા પ્રશ્નોને આવરી લેવામાં આવતા. એની પ્રતીતિ 'દુર્ગારામચરિત્ર'માં આપવામાં આવેલી માનવધર્મ સભાની દફતરી નોંધો પરથી થાય છે.

૧૯મી સદીના પૂર્વાર્ધના સમાજસુધારાના ઇતિહાસમાં મુંબઇની એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટયુટમાં શિક્ષણ મેળવી, ગુજરાતના સંસારસુધારાના ઇતિહાસમાં જાણીતા થયેલા યુવકો અને એમની પ્રવૃત્તિઓની નોંધ પણ લેવી રહી. આ કોલેજના ગુજરાતી વિદ્યાર્થીઓએ ૧૮૪૮ના ઓકટોબરમાં 'ગુજરાતી જ્ઞાનપ્રસારક સભા'ની સ્થાપના કરી અને એમાં વિદ્યા વિશે તથા સંસારી રૂઢિઓ વિષે ભાષણો થવા લાગ્યાં.[47] મુંબઇમાં વસતા ગુજરાતી યુવકોએ ઇ.સ. ૧૮૫૧ના એપ્રિલ માસમાં 'બુદ્ધિવર્ધક હિન્દુ સભા' નામના સંસારસુધારા મંડળની સ્થાપના કરી.[48] આ મંડળે સ્ત્રીકેળવણીને ઉત્તેજન

આપવા કન્યાશાળાની સ્થાપના કરી અને થોડા સમય બાદ 'બુદ્ધિવર્ધક ઍંગ્લોવર્નાક્યુલર સ્કૂલ' પણ સ્થાપી. એ મંડળી એ જમાનાની સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ અંગેની પ્રાગતિક વિચારસરણીની મુખ્ય ધરી બની રહી. દુર્ગારામ મહેતાજી, મોહનલાલ રણછોડદાસ ઝવેરી, મહીપતરામ રૂપરામ નીલકંઠ, સોરાબજી બંગાળી, અરદેશર મૂસ, વગેરે જેવા ગુજરાતના અર્વાચીન યુગના કેટલાક આદ્ય સુધારકો અને શિક્ષકોને આ મંડળીએ પ્રેરણામૃત પાયાં હતાં. આ મંડળીએ ગુજરાતના બંધિયાર સમાજજીવનમા ફરજિયાત વૈધવ્ય, બાળલગ્ન, વગેરે જેવા અનિષ્ટ રિવાજોની નાબૂદી માટેની હિલચાલનું પુરશ્ચરણ કર્યું.

આ પુરોગામીઓના પ્રયત્નોએ ગુજરાતમાં શિક્ષિત બ્રાહ્મણ, વણિક આદિ ઉચ્ચ જ્ઞાતિના લોકોને સમાજસુધારણાની દિશામાં વિચાર કરવા પ્રેર્યા, પરંતુ સામાન્ય જનતા પર તેની ઘણી ઓછી અસર થઇ.

## ૨.૪ ઓગણીસમી સદીના ઉત્તરાર્ધ અને વીસમી સદીના પ્રારંભિક દાયકાઓ (૧૮૫૫-૧૯૨૦)નું ગુજરાત: રાજકીય, ધાર્મિક અને સામાજિક ભૂમિકા :

રાજકીય ભૂમિકા :- ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં ઇસ્ટ ઇંડિયા કંપનીએ ગુજરાતમાં રાજકીય વર્ચસ્વ પ્રાપ્ત કર્યું અને પ્રજા તેમજ દેશી રાજા-રજવાડાં ધીમે ધીમે આ સત્તાપરિવર્તનને સાનુકૂળ બનતાં ગયાં એનો વિગતે ઉલ્લેખ આ અગાઉ થઇ ગયો છે. અંગ્રેજોના હાથમાં સત્તા આવતાં ગુજરાતમાં ચોમેર શાંતિ અને વ્યવસ્થા સ્થપાયાં તેમજ પ્રજાજીવન સ્વસ્થ બન્યું. આમ, ઓગણીસમી સદીના પૂર્વાર્ધના અંતે શૈક્ષણિક અને સામાજિક - સાંસ્કૃતિક ઉન્નયન માટેની ભૂમિકા સર્જાઇ ચૂકી હતી અને નવી કેળવણીનો વિકાસ થઇ રહ્યો હતો. અત્રે ઉદ્દિષ્ટ કાલમર્યાદા (૧૮૫૫-૧૯૨૦) દરમ્યાન પણ જૂજ અપવાદો બાદ કરતાં ગુજરાતમાં એકંદરે રાજકીય શાંતિ કાયમ રહી અને શૈક્ષણિક, સામાજિક, સાંસ્કૃતિક ઉન્નયનની પ્રક્રિયાએ વેગ ધારણ કર્યો. આમ છતાંય, આ કાલખંડ દરમ્યાન પ્રવર્તતી રાજકીય વિચારસરણીઓ, ઘટનાઓ, પ્રવાહો વગેરે વિશિષ્ટ રીતે શિક્ષણ સાથે સંકળાયેલાં માલમ પડે છે. બીજા શબ્દોમાં કહીએ તો ગુજરાતની એતદ્કાલીન રાજકીય પરિસ્થિતિ સમકાલીન શિક્ષણ વ્યવસ્થાને સમજવામાં ખૂબ ઉપયોગી જણાયછે. વાસ્તવમાં, એ બન્ને પારસ્પરિક અસરો ધરાવે છે. એટલે અહીં તેનો સંક્ષિપ્ત પરિચય મેળવી લેવો સયુક્તિક ગણાશે.

ઇ.સ. ૧૮૫૭નો સ્વાતંત્ર્યવિપ્લવ , આ સમય દરમ્યાન બનેલી સૌથી મહત્ત્વની દેશવ્યાપી રાજકીય ઘટના ગણાય. સમગ્ર ભારતની રાજકીય ક્ષિતિજ પર એણે મહત્ત્વની હલચલ પેદા કરી હતી. ગુજરાત પણ એમાંથી બાકાત નહોતું.

> "ગુજરાતની સરહદ પરના કેટલાક જ્હાના ઠાકોરો અને રાજાઓએ કઠિન અને મુશ્કેલ સ્થિતિનો લાભ મેળવવા, ઉંચા નીચા થયા હતા પણ તે માટે પુરતી તૈયારી નહિ, પાસે સાધનોનો અભાવ અને વળી એક સાથે મળી જઇને, સંપીને કાર્ય ઉકેલવાની અશક્તિને કારણે, તેમના પ્રયાસ નિષ્ફળ ગયા હતા. અમદાવાદની લશ્કરી છાવણીમાં જે પલટણોએ માથું ઉંચું કર્યું, એ જ સમયે ગુજરાતની આસપાસના ભાગોએ એક સામટું હુલ્લડ કર્યું હોત તો તેનું પરિણામ બહુ માઠું નિપજત, પ્રાંત પરનો કબજો હાથમાંથી જો કે થોડા સમય માટે જઇ, અંગ્રેજોને ઘણું ખમવું પડત, પણ એ તો "જો બન્યું હોત" તેની અટકળો માત્ર છે."[૪૯]

ઇતિહાસપ્રસિદ્ધ એવા આ સ્વાતંત્ર્યવિપ્લવમાટે ઘણાં રાજકીય, આર્થિક સામાજિક, ધાર્મિક અને લશ્કરી પરિબળો જવાબદાર હતાં પરંતુ એની વિસ્તૃત ચર્ચા અત્રે અસ્થાને છે. મુખ્યત્વે નેતાગીરી અને સંયોજનનો અભાવ, પ્રજાકીય સાથની ઊણપ, કંપની સરકારની સમયસૂચકતા વગેરે કારણોને લીધે વિદેશી પ્રજાના આધિપત્ય હેઠળથી મુક્તિ પ્રાપ્ત કરવા માટેનો આ પ્રથમ સળવળાટ નિષ્ફળ ગયો. વિદેશી સત્તાની ધૂંસરીમાંથી મુક્તિ મેળવવાના આ પ્રયાસમાં પ્રજાનો સાથ નહોતો એ હકીકત ઘણી સૂચક છે. અંગ્રેજી અમલ આમ પ્રજામાં હજુ લોકપ્રિય હતો એ સત્ય એમાંથી નિષ્પન્ન થાય છે. શિક્ષિત વર્ગનો મોટોભાગ પણ આ વિપ્લવમાં અંગ્રેજોનીજ પડખે જ હતો. 'નંદશંકરજીવનચરિત્ર'ના લેખક ચરિતનાયક નંદશંકર મહેતા (૧૮૩૫-૧૯૦૫)ના શબ્દો ટાંકી આ હકીકતનું સમર્થન કરે છે. "ખરું પુછાવો તો અંગ્રેજી અમલના અમે તો એટલા શાયક હતા કે પરરાજ્ય તો પરરાજ્ય પણ સડેલા મોગલો અને લુંટારા મરાઠા કરતાં તેના રાજ્યમાં હજાર ગણું વધારે સુખ હતું. આથી નવી કેળવણી પામેલામાંથી તો સો એ પંચાણું ટકા બળવાખોરીની વિરુદ્ધ રહયા."[૫૦]

૧૮૫૭ના સ્વાતંત્ર્યવિપ્લવ પછી મહારાણી વિકટોરીયાના રાજ્યઅમલને આવકારતાં અને એની પ્રશસ્તિ કરતાં જે કાવ્યો રચાયાં છે, તેમાંથી પણ એ જમાનાનું જનમાનસ બ્રિટિશ શાસનને કેટલું અનુકૂળ હતું તેની ઝાંખી થાય છે. કવિ નર્મદે (૧૮૩૩-૮૬) મહારાણી વિકટોરિયાના સત્તારોહણ પ્રસંગે રચેલું નીચેનું કાવ્ય તો જાણીતું છે.

"જય જય જય વાગો રાણી ડંકા તમારા,
ઝટ ઝટ ઝટ ભાગો રાણી શત્રુ તમારા.

... ... ...

"રાણી રાજ્ય કરો બહુ, પસરો અખય કીર્તિ,
રાય રંકની નિત વધો, સુખદ પરસ્પર પ્રીતિ"[૫૧]

આ અરસામાં દલપતરામે (૧૮૨૦-૧૮૯૮) પણ વિકટોરિયાના રાજ્યઅમલની પ્રશસ્તિ નીચે પ્રમાણે કરી છે :

"ઝેર ગયાં ને વેર ગયાં વળી કાળા કેર ગયા કરનાર,
પરનાતીલા જાતીલાથી, સંપ કરી ચાલે સંસાર.
દેખ બિચારી બકરીનો પણ, કોય ન જાતાં પકડે કાન,
એ ઉપકાર ગણી ઈશ્વરનો હરખ હવે તું હિન્દુસ્તાન"[૫૨]

૧૮૫૭ની આ દેશવ્યાપી ક્રાંતિ પછી ભારતમાં કેટલાક મહત્ત્વના રાજકીય-વહીવટી ફેરફારો થયા. આ ક્રાંતિથી ઈંગ્લેન્ડની પાર્લામેન્ટને ખાતરી થઇ કે ભારત જેવા વિશાળ દેશનો વહીવટ ઇસ્ટ ઈંડિયા જેવી એક વ્યાપારી કંપનીના હાથમાં રહે, તે સલાહભર્યું નથી. પરિણામે, તેણે ૧૮૫૮ના 'ગવર્મેન્ટ ઓફ ઈંડિયા એકટ' દ્વારા ભારતનો રાજ્યવહીવટ કંપની પાસેથી છીનવી લઇ, બ્રિટિશ તાજને હસ્તક મૂકયો. ભારતના રાજ્યવહીવટનું નિરીક્ષણ, નિર્દેશન અને નિયંત્રણ કરવા બ્રિટિશ પ્રધાન મંડળના એક સભ્યને 'ભારત-મંત્રી'નો હોદ્દો આપવામાં આવ્યો. તેમને ઉકત કાર્યોની જવાબદારી ઉપાડવામાં સહાયભૂત થવા 'ભારતીય સમિતિ'ની પણ રચના કરવામાં આવી. આમ, હવે ભારતની પ્રશાસકીય સત્તાનો દોર 'ભારત-મંત્રી' અને 'ભારતીય સમિતિ'ના હાથમાં આવ્યો જે ઈંગ્લેન્ડની પાર્લામેન્ટને જવાબદાર હતાં. ભારત ખાતેના ગર્વનર જનરલ અને પ્રાંતીય ગર્વનરો એ હવે આ ભારત-મંત્રીના

નિયંત્રણ અને માર્ગદર્શન હેઠળ કામ કરવાનું હતું.

સત્તાના હસ્તાંતરણના આ પ્રસંગે મહારાણી વિક્ટોરિયાએ ભારતીય પ્રજાજોગ એક ઢંઢેરો બહાર પાડી નવી રાજનીતિની જાહેરાત કરી. ત્યારબાદ "દેશી રાજ્યો સાથે (નવેસરથી) કોલકરારો થયા અને પ્રજાજનોમાં અરાજકતા અને ગભરાટનું વાતાવરણ લગભગ લોપ થયું. આ પ્રકારે સમાજમાં શાંતિ અને વ્યવસ્થા સ્થપાઇ અને કેળવણીના ઉદયકાળનાં કિરણો ફૂટવા લાગ્યાં."[53] સત્તાની ફેરબદલી પછી સ્થપાયેલી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિએ કેળવણીના પ્રસાર માટે સાનુકૂળ વાતાવરણ સર્જ્યું હતું, એ હકીકતનું સમર્થન "શ્રીયુત ગોવર્ધનરામ" (૧૮૫૫-૧૯૦૭)માં આ રીતે કરવામાં આવ્યું છે :

> "તે વખતના જમાનાનો રંગ પણ ગોવર્ધનરામને લાગ્યો હશે. સત્તાવનના બળવાની ઘણીખરી અસર દેશમાંથી ભૂંસાઇ ગઇ હતી, અને અંગ્રેજી અમલ પૂરજોસમાં જામ્યો હતો. બધે સ્વસ્થતા અને શાંતિ પથરાઇ રહયાં હતાં. અંગ્રેજી વિદ્યા અને અંગ્રેજી સાહિત્યનો વધારે ને વધારે અભ્યાસ થતો જતો હતો. હિન્દુસ્તાનમાં વિશ્વવિદ્યાલયો સ્થપાયાં હતાં અને તે દ્વારા અંગ્રેજી વિદ્યા અને અંગ્રેજી સંસ્થાઓ સંબંધી ઘણું જ્ઞાન લોકોમાં ફેલાતું હતું."[54]

ઇ.સ. ૧૮૫૮ના ઉપર્યુકત સુવિખ્યાત ઢંઢેરામાં ભારતીય પ્રજાને કેટલાક રાજકીય, સામાજિક, આર્થિક અને ધાર્મિક હકોની ખાતરી આપવામાં આવી હતી, પરંતુ દેસાઇ નોંધે છે તેમ વ્યવહારમાં એનું પાલન થયું નહોતું :

> "રાણીના ઢંઢેરાએ રાજયવહીવટના ઊંચા સિદ્ધાંતો અને ભવ્ય શકયતાઓ સર્જી, પણ વાસ્તવમાં ભારતમાંના અંગ્રેજ અધિકારીઓએ તેનું પાલન કર્યું નહીં. અંગ્રેજોએ રાજયની ઉચ્ચ નોકરીઓમાં રંગભેદની નીતિ ચાલુ રાખી અને યોગ્યતા ધરાવનાર, તેજસ્વી ભારતીય યુવાનોને પણ રાજયની ઉચ્ચ કક્ષાની સેવાઓમાંથી દૂર રાખ્યા. ઇ.સ. ૧૮૫૮ પછી એક ચડિયાતી જાતિ તરીકે જ અંગ્રેજોએ ભારતમાં શાસન ચાલુ રાખ્યું. ભારતીય પ્રજાજનોને બ્રિટિશ નાગરિકોના જેટલા સમાન હકકો ને તક મળ્યાં નહીં. પ્રજામતની મુકત અભિવ્યકિત કરવાની તક

તેમણે ઝૂંટવી લીધી. પોતાના કાયદા ઘડવામાં ભારતવાસીઓને ભાગ મળ્યો નહીં. ભારતના વાઇસરોય (ગર્વનર જનરલ) અને તેની સમિતિ એક પ્રકારની ધારાસભા અને પાર્લામેન્ટ બની રહયા. અંગ્રેજોએ એક વચન પાળ્યું, અને તે એ કે ભારતીય પ્રજાજનોની સામાજિક રૂઢિઓમાં અને ધાર્મિક વ્યવહારમાં તેમણે માથું માર્યું નહીં". [૫૫]

ગુજરાત સમેત ભારતની પ્રજાને બ્રિટિશ તાજના વહીવટ હેઠળ આ પ્રમાણે નાનામોટા ઘણા અન્યાયો થતા રહયા. પરંતુ ઇ.સ. ૧૮૮૫માં હિંદી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના થઇ, ત્યાં સુધી અંગ્રેજ સરકારનો પ્રબળ વિરોધ કરવા માટેનું યોગ્ય હવામાન દેશમાં સર્જાયું નહોતું, એ હકીકત છે. મહાસભાની સ્થાપના થતાં સુધીમાં કેટલાક એવા સંજોગો ઊભા થયા જેણે રાષ્ટ્રીય અસ્મિતાની ભાવનાને વેગ આપ્યો. એમાં પશ્ચિમની કેળવણી, સાહિત્ય અને વિચારોના સંપર્કથી શિક્ષિત વર્ગમાં પ્રગટેલી સ્વતંત્રતા, સમાનતા અને સ્વદેશાભિમાનની ભાવના, ખ્રિસ્તી મિશનરીઓની ધર્માંતર પ્રવૃત્તિ સામે સ્વામી દયાનંદ સરસ્વતીએ આર્યસમાજની સ્થાપના કરી સાધેલું વૈદિક ધર્મનું પુનરુત્થાન, રેલવે, તાર, ટપાલ વગેરેની સુગમતા થતાં સરળ થતો આંતરપ્રાંતીય વ્યવહાર અને હળવી બનતી સ્પૃશ્યાસ્પૃશ્યની રીતિનીતિ, સર જોન્સ વિલિયમ અને તે પછીના વિદ્વાનોએ પ્રાચીન આર્ય સંસ્કૃતિની ગૌરવાન્વિત સિદ્ધિઓ તરફ યુરોપના વિદ્વાનો અને હિન્દના વિચારકોનું દોરેલું ધ્યાન વગેરે મુખ્ય ગણાય. આ બધા પરિબળોએ સૌ પ્રથમ વાર રાષ્ટ્રીય અસ્મિતાની ભાવના પ્રદીપ્ત કરી અને એમાંથી અખીલ ભારતીય રાષ્ટ્રીય મહાસભાનો જન્મ થયો.

આમ છતાં મહાસભાની સ્થાપના પછીના બે દાયકા સુધી મહાસભાએ 'અરજીઓ, વિરોધો અને ઠરાવો' કરીને જ સંતોષ માન્યો. અંગ્રેજ સરકારની રાજનીતિ પર તેની દૂરગામી અસરો ભાગ્યે જ થતી. લૉર્ડ કર્ઝન જેવા તુમાખી ગર્વનર જનરલ તો મહાસભાને અતિસૂક્ષ્મ લઘુમતી ( microscopic minority) ગણીને તેની ઉપેક્ષા જ કરતાં. [૫૬]

મહાસભાની આવી વિનીત રાજનીતિ પાછળનું એક મહત્ત્વનું કારણ એ જમાનાના અગ્રણીઓની પાર્લામેન્ટરી પદ્ધતિની શાસન વ્યવસ્થા માટેની ભારતની

પ્રજાની યોગ્યતા અંગેની આશંકા ગણાય. આ અગ્રણીઓને વિદેશીશાસકોની સદ્ભાવના અને સંનિષ્ઠામાં પણ પ્રબળ શ્રદ્ધા હતી. આવો વર્ગ ગુજરાતમાં ય હતો. અંબાલાલભાઈ (૧૮૪૪-૧૯૨૪)ના જીવનચરિત્રમાં બ. ક. ઠાકોર અગ્રણીઓના આવા વલણનું તાદૃશ ચિત્ર આ રીતે નિરૂપે છે :

"એ ઝમાનો આપણી પ્રજાના કુસંપ, ઈર્ષ્યા, આન્તર દ્વેષ, હીનચરિત્ર, કમસમઝ, સ્વાર્થાન્ધતા, અજ્ઞાન આદિ દોષને આપણા કરતાં ઘણા મોટા રૂપમાં જોતો. એ પણ નક્કી. અંગ્રેજ તો આપણી યોગ્યતા થાય તેની જ રાહ જુવે છે પણ આપણે જ "બાર પૂરબિયે તેર ચૌકા" વાળા છિયે. આપણા દુરાચાર અને ખોટા ગ્રહ અને અશક્તિઓ અગણિત છે, તે બહુ ધીમે ધીમે જ ઘટશે. એકમતનું વર્તુલ વધારતા જઈએ, રાજદ્વારી વિષયોમાં બુદ્ધિપૂર્વક રસ લેતા અને કર્તવ્યતા સ્વીકારતા માણસોની સંખ્યા વધારતા જઈયે, ભેગા મળી કાયદેસર (constitutional) સુધરેલી જાહેર ચર્ચાની પાર્લામેન્ટરી (Parliamentary ) પદ્ધતિએ આપણાં રાજકીય દુ:ખો (grivances ) વિશે પૂરી વાકેફગારી ડાહપણ અને વ્યવહારુ રાષ્ટ્રચિંતનાથી એક અવાજે બોલતા થઈયે, તેમ તેમ આપણી અયોગ્યતા ઘટતી આવે, એવી એ જમાનાની દૃઢ પ્રતીતિ હતી. કાયદેસર પાર્લામેન્ટરી પદ્ધતિ માટેનાં જ્ઞાન સહકાર અને સંયમ એ ઝમાનાના રાજકીય ધર્મ (Political Creed પોલિટિકલ ક્રીડ) જેવાં હતાં. આ જ અંબાલાલભાઈનો ચોથો સિદ્ધાંત."[૫૭]

નેતાઓની આવી વિચારસરણીને પરિણામે તે જમાનાના અગ્રણીઓએ બ્રિટિશ સરકાર સામે કરેલી ટીકાઓ તીખી અને મર્મવેધક હોવા છતાંય "વફાદાર શ્રદ્ધાળુ સ્નેહીભાવથી જ કરેલી છે"[૫૮] ગુજરાતના રાજદ્વારી પ્રશ્નો ઉકેલવા ૧૮૮૪માં સ્થપાયેલી ગુજરાત સભાએ પણ ઈ.સ. ૧૯૧૭માં પ્રમુખ તરીકે ગાંધીજીની વરણી કરી, અને તેમના પ્રમુખપદ હેઠળ ગોધરામાં પહેલી રાજકીય પરિષદ ભરાઈ ત્યાં સુધી વિનીત રાજનીતિ જ અપનાવી હતી, આ હકીકતનો નિર્દેશ મહારાજા સયાજીરાવ (૧૮૬૩-૧૯૩૯ )ના જીવનચરિત્રમાં આ પ્રમાણે જોવા મળે છે :

"તે વખતે ગુજરાતનું બધું રાજદ્વારી કામ ગુજરાત સભા કરતી. એ સંસ્થા સને ૧૮૮૪માં સ્થપાયેલી અને આખા ગુજરાતના રાજદ્વારી પ્રશ્નોમાં રસ લેતી. રાજદ્વારી દૃષ્ટિએ ફરિયાદ કરવા જેવા અથવા વાંધો ઉઠાવવા જેવા પ્રશ્નો ઉપર જૂની વિનીત વિચારસરણી પ્રમાણે સરકારને અરજી કરી પ્રજાની અડચણો તથા મુશ્કેલીઓ તે સરકારને જણાવતી."[૫૯]

૧૯૦૫માં લૉર્ડ કર્ઝને પાડેલા બંગાળના ભાગલા સમયે ગુજરાતમાં અંગ્રેજ સરકાર સામેના વિરોધનું એક મોજું પ્રસરેલું ખરું, પરંતુ એ તો સમગ્ર ભારતની રાષ્ટ્રીય ચેતનાના એક ભાગ રૂપે જ હતું, જેની અસરો અમુક શહેરી વિસ્તારોને બાદ કરતાં અન્યત્ર જોવા મળતી નહોતી. રાણી વિકટોરિયાની તાજપોશી (ઇ.સ. ૧૮૫૮) પછી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના (ઇ.સ. ૧૮૮૫) સુધીનો ગાળો ભારતીય પ્રજા અને દેશી રાજ્યો માટે અંગ્રેજશાસનના અવિરોધનો કે શાંત શરણાગતિનો ગાળો હતો. રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના પછીય બે એક દાયકાનો સમય, અંગ્રેજ રાજ્યકર્તાઓની સંનિષ્ઠામાં શ્રદ્ધાપૂર્વક પસાર થયો. આનું એક મહત્ત્વનું કારણ, રાજકીય ઉદ્દેશો સિદ્ધ કરવા માટે બ્રિટિશ સરકારે કેળવણીને સાધન બનાવ્યું હતું એ ગણાય. મુનશી (૧૮૮૭-૧૯૭૧ ) ૧૯૦૨થી ૧૯૦૬ સુધીનાં પોતાના કૉલેજ-જીવનનાં સંસ્મરણોમાં આ સત્ય પર વેધક પ્રકાશ પાથરે છે :

"સત્તરમી તેમ જ અઢારમી સદીની અંધાધૂંધીના સ્મરણો તાજાં રાખી અંગ્રેજ કેળવણીકારોએ, વિદ્યાર્થીઓનાં મન બ્રિટિશરો તરફ ભક્તિભાવથી આકર્ષાય તે માટે, હિંદીઓ જંગલી હતા, તેમના કુસંસ્કારો અને કુરિવાજોને લીધે તેમનું અધઃપતન થયું હતું, પરભાષા અને પરસંસ્કારો સ્વીકારમાં જ તેમનો જયવારો હતો એવું બધું ઠાંસી ઠાંસીને ભરવા માંડયું હતું. સર સુરેન્દ્રનાથ બેનરજી જેવા ય 'શુભેચ્છાપૂર્ણ' બ્રિટિશ સરકાર (Bengin British Government ) ની પ્રશંસા કરતા અને ઘણાખરા નેતાઓય માનતા કે 'ઇશ્વરની ડહાપણભરી વ્યવસ્થા' ( wise dispensation of Providence ) ને લીધે અંગ્રેજો ભારત પર રાજ્ય કરતા હતા."[૬૦]

શાળા-મહાશાળાઓમાં રાષ્ટ્રીય હિલચાલનો પ્રવેશ થવા ન પામે એના પર પણ સરકાર પૂરતું ધ્યાન આપતી. ચંદ્રવદન મહેતા (જ. ૧૯૦૧ ) પોતાના શાળાજીવનના સંસ્મરણો આલેખતાં ૧૯૧૬-૧૭નો એક પ્રસંગ ટાંકે છે એના પરથી સરકારી જાપ્તાની કડકાઇનો ખ્યાલ આવે છે :

"નિશાળના કમ્પાઉન્ડમાં અમારી નિશાળના એક છોકરાએ 'વન્દે માતરમ્'ની બૂમ પાડી, એમાં એણે પહેલે દિવસે દસ સોટીનો માર ખાધો, અને ફરીથી કલાસમાં બૂમ પાડી એટલે એને કંઇ બીજા બહાના હેઠળ ડિસમિસ કરવામાં આવ્યો. સુરતની સાર્વજનિક હાઈસ્કૂલના પિતાશ્રી ને કોલેજના સ્થાપક શ્રી ચુનીલાલ શાહ ગાંધીજીને પોતાની નિશાળમાં લઇ ગયા હતા, પણ સરકારી નિશાળમાં એમનો પડછાયો સરખો ન પડે એવી તકેદારી રાખવામાં આવી હતી."[૬૧]

આમ, કેળવણીમાં એક તરફ વિદ્યાર્થીઓના અંગ્રેજીકરણ તરફનો સભાન ઝોક અને બીજી તરફ રાષ્ટ્રીયતાના વિચાર-પ્રવેશ સામેની સજાગ તકેદારીને લીધે ગુજરાતમાં અને ગુજરાત બહાર પણ વિદેશી શાસનના વિરોધનો પ્રબળ સૂર ઊઠયો ન હોય અને શિક્ષિતવર્ગે વિદેશી શાસનનું સમર્થન કરવાનું વલણ કેળવ્યું હોય તો એમાં નવાઇ જેવું નથી.

ઇ.સ. ૧૯૦૫ થી ૧૯૧૯ના અરસામાં અલબત્ત, ગુજરાતમાં કેટલીક રચનાત્મક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી, પરંતુ ગુજરાત, મહારાષ્ટ્ર અને બંગાળની સરખામણીમાં રાષ્ટ્રીય ભાવનાની દૃષ્ટિએ નરમ અને દમ વિનાનું ગણાતું હતું.[૬૨] દેશી રાજ્યોમાં તો 'ગાંધીવાળાઓ'નો પ્રવેશ જ થવા ન પામે એ માટે પૂરતો બંદોબસ્ત રાખવામાં આવતો. કલ્યાણરાય જેઠાલાલ જોષી (૧૮૫૮-૧૯૨૨)ના જીવનચરિત્રમાં નોંધ્યું છે એ પ્રમાણે ઇ.સ. ૧૯૨૧માં કોઇ એક દેશી રાજ્યમાં "જાહેર ભાષણ કરવા ગયેલા શખ્સના મોંમાંથી એક શબ્દ પણ બહાર પડતાં પહેલાં જ પોલિસે સાંભળવા એકઠી થયેલી રઇયતને સોટી તથા ચાબુક ચલાવી વિખેરી નાખી હતી. પોલિસ પાસે માજીસ્ટ્રેટ કે કોઇ મોટા અધિકારીનો હુકમ પણ નહોતો."[૬૩] દેશી રાજ્યોમાં ઠક્કર બાપાને ભીલ પ્રજાના રચનાત્મક શિક્ષણકાર્યની તજવીજ કરવામાં ખૂબ તકલીફ પડેલી એ હકીકતનો નિર્દેશ કરતાં ચરિતલેખક જણાવે છે કે "દેશી

# ઓગણીસમી સદીના અંતે ગુજરાત




| દેશી રાજ્યો | | જિલ્લા | |
|---|---|---|---|
| ૧ | કાઠિયાવાડ | A | અમદાવાદ |
| ૨ | પાલનપૂર | B | ખેડા |
| 3 | વડોદરા | C | ભરૂચ |
| ૪ | મહીકાંઠા એજન્સી | D | સુરત |
| ૫ | રેવાકાંઠા એજન્સી | | |

રાજ્યોમાં અમસ્તુંયે ગાંધીવાળા અને ચળવળખોરોને માટે બારણાં બંધ જ હતાં"[64] દેશી રાજ્યોના આવા વલણને બ્રિટિશ સરકારનો- ટેકો- પ્રોત્સાહન હતું એની નોંધ પણ આ ચરિત્રમાં લેવાઈ છે. આમ ૧૮૫૮થી ૧૯૧૮ સુધીનો સમય થોડાં હળવાં સંચલનો બાદ કરતાં, ગુજરાત માટે રાજકીય સુષુપ્તિનો કાળ હતો એમ કહેવાનું પ્રાપ્ત થાય છે.

૧૯૧૯ના ફેબ્રુઆરી માસમાં બ્રિટિશ સરકારે દેશભરમાં 'કાળા કાયદા' નામે પંકાયેલ રોલેક્ટ એક્ટ પસાર કર્યો ત્યારે તેના વિરોધમાં મોટો પ્રજાકીયજુવાળ ફાટી નીકળ્યો. ગુજરાત પણ આમાં બાકાત નહોતું જ. ઈન્દુલાલ યાજ્ઞિક આ પ્રસંગના સંદર્ભમાં નોંધે છે કે "ગાંધીજી તે વખતે સાબરમતી આશ્રમમાં પધારી-વશ હતા. પણ તે બધું જોતા, જાણતા અને વિચારતા. તે જ દિવસોમાં પહેલી વિરોધ સભા રમણભાઈ નીલકંઠના પ્રમુખપદે મળી. પછી હોમરૂલ લીગ, ગુજરાત સભા, વેપારી મંડળો વગેરે સર્વ સંસ્થાઓ તરફથી જે આંદોલન શરૂ થયું તેમાં વલ્લભભાઈએ અને મેં પૂરજોશથી ઝુકાવ્યું"[65] - આ એક્ટના વિરોધમાં ૬-૪-૧૯૧૯ના દિવસે દેશભરમાં પ્રચંડ હડતાલ પાડવાનું એલાન ગાંધીજીએ આપ્યું ત્યારથી, ડૉ. સુમંત મહેતા જણાવે છે તેમ, તેઓ રાજકીય ક્ષેત્રે પ્રમુખ રાષ્ટ્રીય નેતા બન્યા.[66] ત્યારબાદ ગાંધીજીએ દેશને અસહકારનો વિશિષ્ટ કાર્યક્રમ આપ્યો. દેશભરમાં અસહકારનો ઠરાવ, સૌ પ્રથમ તા. ૨૮-૨૯ જુલાઈ, ૧૯૨૦ના રોજ હરિપ્રસાદ જીવણલાલ બેરિસ્ટરના પ્રમુખપદે મળેલી 'ગુજરાત રાજકીય મંડળ'ની ચોથી પરિષદમાં લેવાયો, ત્યારથી ગુજરાત ભારતના રાજકીય મંચ ઉપર આગળ તરી આવ્યું.[67] આ અસહકારની પ્રવૃત્તિમાંથી જ ગુજરાતમાં રાષ્ટ્રીય/શિક્ષણનો જોરદાર પ્રવાહ આગળ જતાં વહેવા લાગ્યો.

ધાર્મિક ભૂમિકા :- ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં, ગુજરાતની પ્રજાનું ધાર્મિક જીવન અજ્ઞાનના પાયા ઉપર રચાયેલું હોઈ અનેક વહેમો, અંધશ્રદ્ધાઓ અને વિધિનિષેધોથી કલુષિત અને કુત્સિત રહ્યું. ધર્મના નામે અનેક સામાજિક અનિષ્ટોમાં પણ પ્રજા પીડાતી રહી. આ કાલખંડના અંતિમ દાયકામાં, પશ્ચિમના શિક્ષણ અને સંસ્કારની અસર હેઠળ આવેલા કેટલાક મહાનુભાવોએ ગુજરાતમાં ધાર્મિક પુનરુત્થાનની હિલચાલનો પાયો નાખ્યો એ ખરું, પરંતુ સદીઓ જૂની માન્યતાઓ, આચારવિચારો અને રીતરિવાજોને

બદલવામાં એમને સધ સિદ્ધિ ન મળી એ તો દેખીતું છે. વળી એમણે શરૂ કરેલી હિલચાલો પણ સ્થાનિક વિસ્તારો પૂરતી જ મર્યાદિત રહી.

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધના પ્રારંભિક દાયકાઓમાં ગુજરાતમાં અંગ્રેજી કેળવણીનો વિસ્તાર ઝડપથી વધવા લાગ્યો અને પશ્ચિમના શિક્ષણ અને સંસ્કારો હેઠળ ઘડાયેલો એક નાનો છતાં પ્રબળ વર્ગ ઊભો થયો.

"અંગ્રેજી શાસનના આરંભમાં જ રાજા રામમોહન-રાયના આંદોલનને લીધે બધી કેળવણીને નવો પાશ્ચાત્ય ઝોક અપાયો. અંગ્રેજી ભાષામાં નવા સાહિત્ય ને જ્ઞાનવિજ્ઞાનનું શિક્ષણ અપાવા માંડયું. સન ૧૮૫૪ પછી નવી યુનિવર્સિટીઓ ને કોલેજો, હાઇસ્કૂલો ને કોલેજો દેશભરમાં તેમ મુંબઇને ગુજરાતમાં પણ સ્થપાતાં ગયાં. સૂરતને અમદાવાદની માફક નડિયાદના પણ નાગર, વાણિયા, દેસાઇ, પટેલ વગેરે ન્યાતના જુવાનોએ છેક મુંબઇ સુધી જઇને કોલેજની કેળવણી લેવા માંડી...... ........તેથી મુત્સદ્દીને ભણેલા વિચક્ષણ લોકો તદ્દન નવી જ દુનિયા તરફ ઝબકીને જોતા થયા."[૬૮]

આમ, ઓગણીસમી સદીના ઉત્તરાર્ધના પ્રારંભિક દાયકાઓમાં અંગ્રેજી કેળવણીનો પ્રસાર થતાં, શિક્ષિત વર્ગ અંગ્રેજી સાહિત્ય અને સંસ્કૃતિના ઘનિષ્ઠ સંપર્કમાં આવ્યો. "અંગ્રેજી ભાષાએ આખા જગતના જ્ઞાનરાશિને એમની સેવામાં રજૂ કરી દીધો. લોકોનાં ચક્ષુ નવીન જ્ઞાનથી ચમકવા લાગ્યાં. જૂનું ઘણું એમને અજુગતું લાગ્યું, નવું ઘણું એમને લાવવાની જરૂર જણાઇ ને એમ જૂનાનવાની રસાકસી ચાલી." [૬૯] આ રીતે ગુજરાતના સદીઓથી જકડાઇ ગયેલા સામાજિક-ધાર્મિક જીવનમાં નવો પ્રાણ ફૂંકાયો. અંગ્રેજી શિક્ષણ પ્રાપ્ત કરનાર વર્ગને પોતાના સમાજ, ધર્મ આદિને મૂલવવાનાં નવાં પરિમાણો મળ્યાં. આમ-જનતાના જીવનમાં વ્યાપ્ત અંધશ્રદ્ધાઓ, વહેમો, રૂઢિઓ, રીતરિવાજોએ આ શિક્ષિત વર્ગને ક્ષુબ્ધ કરી મૂકયો. "નવશિક્ષિત ઉછરતા યુવક વર્ગમાં યુવાનીના ઉત્સાહ અને અભિલાષ સાથે પાશ્ચાત્ય સંસ્કૃતિએ તેમને નવીન દૃષ્ટિકોણ બક્ષ્યો, તેમાંથી પ્રેરણા મળી, નવા વિચાર અને ભાવના પ્રગટયાં, પોષણ મળ્યું, નવીન બળ આવ્યું અને જીવન - 'ચેતનવંત બની, વેગ ભર્યાં ઉછાળા મારવા માંડયું હતું."[૭૦] હવે પરંપરાગત ધર્મના મૂક અનુસરણની પરંપરા તૂટી. "પ્રાચીન

ધર્મશ્રદ્ધાને ઠેકાણે તર્ક અથવા બુદ્ધિવાદે જગ્યા લીધી."[૭૧]

ઉપેન્દ્ર ભટ્ટ, દુર્ગારામ મહેતાએ સુરતમાં માનવધર્મસભાની સ્થાપના (૧૮૪૪) કરી ત્યારથી માંડી નર્મદનું અવસાન (૧૮૮૬) થતા સુધીના કાળને 'જાગૃતિ યુગ' તરીકે ઓળખાવે છે.[૭૨] ગુજરાતમાં ધાર્મિક પુનરુત્થાનનાં બીજ તો ૧૮૪૪માં માનવધર્મસભાની સ્થાપના થઇ ત્યારથી જ નંખાઇ ચૂકયાં હતાં એ વાત સાચી છે, પરંતુ તેની અસરો આગળ જોયું તેમ ઘણી મર્યાદિત હતી. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં ધર્મસુધારણાની બાબતમાં જે વેગ આવ્યો, તેથી ગુજરાતની પ્રજાની જીવનદૃષ્ટિમાં આમૂલ પરિવર્તન આવ્યું :

> "ગુજરાતમાં સંચરતી થયેલી આ નવજાગૃતિને પરિણામે ગુજરાતનું જીવન પરિવર્તન પામવા લાગ્યું અને પ્રજામાં નવો ઉત્સાહ, સાહસિકતા, નવા વિચારો, નવી ભાવનાઓ, નવાં દૃષ્ટિબિંદુ વગેરેનો ઉદય થયો. ઇશ્વર, મોક્ષ અને પારલૌકિક જીવન પર દૃષ્ટિ માંડીને આધ્યાત્મિક જીવન ગાળવા પ્રયત્નશીલ રહેતી પ્રજા આ વાતાવરણમાં ઐહિક દૃષ્ટિબિંદુ કેળવવા લાગી. સાંસારિક જીવન તરફ દોરાતાં તેની પ્રવૃત્તિશીલતા વધવા લાગી તથા જીવનને તે ભૌતિક બાબતોમાં વધુ સમૃદ્ધ અને સમુન્નત બનાવવા પ્રયાસ કરવા લાગી."[૭૩]

અંગ્રેજી સાહિત્ય, શિક્ષણ અને સંસ્કૃતિના સંપર્ક દ્વારા શિક્ષિત યુવકોમાં પ્રગટેલી ચેતનાએ, પ્રતિભાશાળી યુવકોને મુખ્યત્વે ત્રણ દિશામાં કાર્યાભિમુખ કર્યા. (૧) ધર્મ સુધારણા (૨) સમાજસુધારણા અને (૩) દેશોદ્ધાર. આ ત્રણેય પરસ્પર સંબંધિત હોવાથી એનું પૃથક પૃથક અધ્યયન કરવું કઠિન છે. એમ છતાંય અહીં, ગુજરાતમાં ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં ધર્મસુધારણા અંગે થયેલા પ્રમુખ પ્રયત્નોની ટૂંકમાં સમીક્ષા કરીશું. એમ કરતાં અખિલ ભારતીય સ્તરે ધર્મસુધારણાના ક્ષેત્રે થયેલી મુખ્ય મુખ્ય હિલચાલોની ગુજરાત પર પડેલી અસરોનેય લક્ષમાં રાખીશું.

આધુનિક ભારતના ઘડવૈયાઓમાં રાજા રામમોહનરોયનું સ્થાન મોખરે છે. હિંદુ ધર્મમાં પ્રવેશેલા સડાઓનો ઉપહાસ કરી, ખ્રિસ્તી મિશનરીઓ જયારે ધર્માંતરની પ્રવૃત્તિને વેગ આપી રહયા હતા ત્યારે પૂર્વ અને પશ્ચિમનાં ધર્મશાસ્ત્રોનું તુલનાત્મક અધ્યયન કરી એમણે બ્રાહ્મધર્મની સ્થાપના કરી, હિન્દુ ધર્મ અને હિન્દુ પ્રજાની

ઉત્તમ સેવા બજાવી. એકેશ્વરવાદ, મૂર્તિપૂજાનો નિષેધ, ભ્રાતૃભાવ અને ઇશ્વરભક્તિ દ્વારા ઇહલૌકિક અને પારલૌકિક કલ્યાણ એ તેના મુખ્ય સિદ્ધાંતો હતા. આ બ્રાહ્મ સમાજે સેંકડો હિન્દુઓને ખ્રિસ્તી થતા અટકાવ્યા. એની અસર બંગાળમાં જ નહીં, પણ મહારાષ્ટ્ર, મદ્રાસ અને ગુજરાત સુધી પણ વિસ્તરી હતી.[૭૪] ઓગણીસમી સદીના પૂર્વાર્ધના અંતિમ દાયકામાં બ્રાહ્મસમાજના ધોરણે મુંબઇમાં સ્થપાયેલી પરમહંસમંડળી તેમજ ૧૮૪૪માં સુરતમાં સ્થપાયેલી માનવધર્મસભાની પ્રવૃત્તિઓની નોંધ તો આ અગાઉ લેવાઇ ચૂકી છે.

મુંબઇમાં ઇ.સ. ૧૮૫૧માં સ્થપાયેલી બુદ્ધિવર્ધક સભાનાં ધારાધોરણોમાં રાજકીય અને ધાર્મિક વિષયો પર વાદવિવાદ કરવા અંગે પ્રતિબંધ હોવાથી, નર્મદે ઇ.સ.૧૮૬૦માં બ્રાહ્મધર્મના સિદ્ધાંતોનુસાર 'તત્ત્વશોધક સભા'ની સ્થાપના કરી હતી. ત્યારબાદ એ ધર્મના સિદ્ધાંતો દર્શાવતું પુસ્તક પણ પ્રગટ કર્યું હતું. આ સભાની સ્થાપના પાછળનો નર્મદનો ઉદ્દેશ હિન્દુ ધર્મના શુદ્ધીકરણનો હતો. નર્મદે તેને આ રીતે દર્શાવ્યો છે :

> "વહેમરૂપી અગાસુર બગાસુરના મ્હોડામાં અજ્ઞાન અને ભોળા થઇ ગયેલા દેશીઓ પડેલા છે તેઓને તેમાંથી જીવતા કાઢી ઠેકાણાસર આણનાર કોઇ ધર્મસભારૂપી કૃષ્ણ (આકર્ષણ કરનારી) શક્તિ જોવામાં આવતી નથી માટે એ શક્તિને શોધવી એક ધર્મસભા ઉભી કરવી, ને તેનો ઉદ્દેશ એવો હોવો કે ધર્મરૂપી ગોળીમાં આજકાલ ઘર ઘરનું જમાવેલ વાસી દહીં એકઠું થયેલું છે તેને વિવેકબુદ્ધિરૂપી રવૈયે એક સંપી ઉદ્યોગરૂપી નેત્રું બાંધી ખૂબ વલોવવું અને શુદ્ધ માખણ કાહાડવું - અથવા ધર્મનીતિ સંબંધી પ્રકરણમાં જે કાંઇ સાર હોય તે યથાશક્તિ શોધવો. અને તેથી લોકોને જાણીતા કરવા."[૭૫]

પૂર્વોક્ત 'પરમહંસ મંડળી' બંધ પડતાં ઇ.સ. ૧૮૬૭માં એના કેટલાક સભ્યોએ ''ઐહિક કલ્યાણના વિષય પર વિશેષ ધ્યાન આપવા કરતાં, મનુષ્ય જન્મનું મુખ્ય કર્તવ્ય, પારમાર્થિક સાધન મેળવવા પ્રવૃત્ત થવું એ વધુ ઇચ્છનીય છે" એમ માની સંસારસુધારાની બાબતોથી નિર્લિપ્ત રહેનારી 'પ્રાર્થના સમાજ'ની સ્થાપના મુંબઇ ખાતે કરેલી.[૭૬] એ ધોરણે અમદાવાદમાં પણ મહીપતરામ અને ભોળાનાથના

M. S. UNIVERSITY OF BARODA



પ્રયત્નો વડે ૧૮૭૫માં 'પ્રાર્થનાસમાજ'ની સ્થાપના કરવામાં આવી હતી. આ પ્રાર્થના સમાજની રચના "સ્વદેશી બંધુઓને ખોટે રસ્તેથી સત્ય માર્ગે ચઢાવવા, દેશમાંથી દુરાચાર દૂર કરી તેને સ્થળે સદાચારનો પ્રચાર કરવા, વ્હેમ તથા ઠગાઇને દૂર કરી ખરી શ્રદ્ધા ઉત્પન્ન કરવા, મૂર્તિપૂજા જેવી અધમ ઉપાસનાને સ્થળે સદ્ધર્મને ઉત્તમ પદ આપવાના ઉદાર હેતુથી" કરવામાં આવી હતી.[૭૭] આમ, વર્ષોથી હિંદુધર્મમાં પ્રવેશેલાં અંધશ્રદ્ધાઓ, વહેમો, ક્રિયાકાંડો વગેરેને દૂર કરી ધર્મના સત્ય સ્વરૂપને પ્રજા સમક્ષ મૂકવાનો પ્રાર્થના સમાજનો પ્રયત્ન હતો. ગુજરાતમાં ઠેર ઠેર પ્રાર્થના સમાજની શાખાઓ સ્થપાય તો જ પ્રજાજીવનમાં વ્યાપક અજ્ઞાન દૂર થઇ શકે એ હેતુથી ખેડા, પેટલાદ, ભરૂચ, માતર તથા સુરતમાં પણ પ્રાર્થના સમાજની શાખાઓ શરૂ કરી હોવાનો ઉલ્લેખ મહીપતરામના જીવનચરિત્રમાંથી મળે છે.[૭૮] આ ~~પ્રશ્ન~~ પ્રાર્થના સમાજની રચના બ્રાહ્મસમાજના સિદ્ધાંતોના ધોરણેજ થયેલી, પરંતુ બંગાળ જેવી ક્રાંતિની હવા ગુજરાતમાં જામી ન હોવાથી બ્રહ્મોસમાજમાં નાતજાતના બંધનો ત્યજવાનો જે સિદ્ધાંત હતો તે અમદાવાદની પ્રાર્થના સમાજમાં સ્વીકારાયો નહોતો. પ્રાર્થના સમાજની કામગીરીએ તત્કાલીન ગુજરાતના ધાર્મિક જીવનની કાયાપલટ કરવામાં મોટો ફાળો આપ્યો છે. એની પ્રવૃત્તિઓનું મૂલ્યાંકન હીરાલાલ પારેખે આ રીતે કર્યું છે :

> "હિંદુ ધર્મ સંસ્થાઓ તે કાળે અધમ દશાને પામી હતી અને ધર્માચાર્યો અને પુરોહિત વર્ગ પ્રજાની અજ્ઞાનતાનો લાભ લઇ, તેમના વહેમોને પોષી, પોતાનો નીચ સ્વાર્થ સાધતા હતા, એ શરમભરી અને દુ:ખદ સ્થિતિમાંથી હિંદુ સમાજને ઉંચો આણવામાં અને ધર્મના શુદ્ધ અને સાચા માર્ગે લઇ જવામાં બ્રાહ્મસમાજ અને પ્રાર્થનાસમાજનો ફાળો જેમ મ્હોટો તેમ કિંમતી છે. તેણે મૂર્તિપૂજાનો નિષેધ કર્યો, તેની સાથે એકેશ્વરવાદનો બોધ આપ્યો, એટલું જ નહીં પણ ભ્રાતૃભાવ કેળવી, વિશ્વપ્રેમ આચરવા જે ઉપદેશ કર્યો છે, તે આપણને એક અમૂલ્ય વારસો મળેલો છે તેમ કહેવું જોઇએ."[૭૯]

પોતાના ગુરુ વિરજાનંદની પ્રેરણાથી સ્વામી દયાનંદ સરસ્વતીએ ૧૦ એપ્રિલ, ૧૮૭૫ના રોજ મુંબઇમાં આર્ય સમાજની સ્થાપના કરી હિન્દુ ધર્મ-સુધારણાનો ઝંડો

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

ફરકાવ્યો. સ્વામીજી મૂળ સૌરાષ્ટ્રના ટંકારા ગામના વતની હતા એની નોંધ લેવી અહીં જરૂરી ગણાય. એમણે વેદોના આધારે સર્વવ્યાપક, સચ્ચિદાનંદ સ્વરૂપ, નિરાકાર ઇશ્વરની વૈદિક કલ્પનાનું સમર્થન કરી વેદો ઇશ્વરપ્રણિત છે, એવો મત રજૂ કર્યો. એમણે કેવળ ધાર્મિક સુધારાનું કાર્ય ઉપાડીને જ સંતોષ માન્યો નહીં, પરંતુ હિન્દુઓનું સંગઠન કરી તેમની કેળવણી સારું પ્રાચીન ગુરુકુળના ધોરણે સંસ્થાઓ સ્થાપી, અત્યંજોદ્ધાર અને શુદ્ધીકરણનું કામ આરંભી, દેશમાં નવીન ચૈતન્ય આણ્યું હતું. આર્યસમાજની પ્રવૃત્તિઓ મહદઅંશે પંજાબમાં કેન્દ્રિત થઇ, તે છતાંય ગુજરાતમાં ધાર્મિક જાગૃતિ આણવામાં તેનો ફાળો નાનોસૂનો નથી.

હિન્દુ ધર્મનું પુનરુત્થાન કરવામાં થિયોસોફીકલ સોસાયટીનો ફાળો પણ ઘણો કિંમતી ગણાય. શ્રીમતી એનિ બિસાન્ટ એ સોસાયટીમાં જોડાયા બાદ હિંદમાં આવીને વસ્યાં ત્યારથી ભારતમાં એની પ્રવૃત્તિઓને વેગ મળ્યો. હિન્દભરમાં તેમ ગુજરાતમાં પણ સ્વધર્મ માટે આદર અને ગૌરવ પેદા કરી ધાર્મિક અને સાંસ્કૃતિક પુનરુત્થાન સાધવામાં સોસાયટીએ મહત્ત્વનો ફાળો આપ્યો છે. ગુજરાતના મૂર્ધન્ય સાક્ષર મણિભાઇ નભુભાઇ (૧૮૫૮-૧૮૯૮) દ્વિવેદી ૧૮૮૨માં આ સોસાયટીના સભ્ય થયા હતા.[૮૦] એમણે 'સુદર્શન'માં લેખો દ્વારા ૧૮૯૦થી ૧૮૯૮ સુધી થિયોસોફીના જે વિચારો વહેતા કર્યા તેની ગુજરાતની શિક્ષિત જનતાના ધાર્મિક વિચારો પર સારી એવી અસર થઇ છે.

પોતાના ગુરુ રામકૃષ્ણ પરમહંસની સ્મૃતિમાં સ્વામી વિવેકાનંદે ઇ.સ. ૧૮૯૭માં વેદાંતધર્મને કેન્દ્રમાં રાખતા રામકૃષ્ણમિશનની સ્થાપના કરી. ગુજરાત સહિત ભારતના નવશિક્ષિત યુવકો પર તેનો સારો પ્રભાવ હતો. રામકૃષ્ણ મિશનના કેટલાક સાધુઓ ગુજરાતમાં પ્રચારકાર્યાર્થે આવતા હતા. આ મંડળ દ્વારા સંચાલિત કેટલીક સંસ્થાઓ આજે પણ ગુજરાતમાં અસ્તિત્વ ધરાવે છે.

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધ અને વીસમી સદીના પૂર્વાર્ધના પ્રારંભિક દાયકાઓના ગુજરાતના ધાર્મિક પુનરુત્થાનના ઇતિહાસમાં શ્રીમન્નૃસિંહાચાર્ય અને શ્રીમન્નથુરામ શર્માના પ્રયત્નોની નોંધ પણ લેવી ઘટે. શ્રી મન્નૃસિંહાચાર્ય સુરત પાસેના કડોદના વતની હતા અને તેમણે ઉચ્ચ કક્ષાનું અંગ્રેજી શિક્ષણ પ્રાપ્ત કરેલું હતું. મૂળથી જ તેઓ અધ્યાત્મ તરફ વળેલા. એમના 'શ્રેયઃસાધક વર્ગ'માં ગુજરાતના

ઘણા શિક્ષિત પુરુષો દાખલ થયેલાં. પારેખ નોંધે છે તેમ, જીજ્ઞાસુ સ્ત્રીપુરુષોની ધર્મવૃત્તિને સંતોષવા અને ઉત્તેજવાનો તેમનો પ્રયત્ન અને કાર્ય બેશક પ્રશંસાપાત્ર હતાં[૮૧] એમના નિધન પછી એમના સુપુત્રે એ પ્રવૃત્તિનું સાતત્ય જાળવ્યું.

શ્રીમન્નથુરામ શર્મા એક સાદા ગુજરાતી શિક્ષક હતા. મૂળ તેઓ લીંબડી (સૌરાષ્ટ્ર) તાલુકાના મોજીદડ ગામના વતની હતા. આજન્મ અપરિણિત રહી તેમણે નોકરીનો સમય બાદ કરતાં મળતા સમયમાં યોગસાધના કરેલી. હિંદુ ધર્મના મૂળ ગ્રંથોનો અભ્યાસ કરી એમણે પોતાના શિષ્ય સમુદાયને ઉપયોગી થાય એવાં ગહન વિષયોની છણાવટ કરતાં પુસ્તકો સરળ શૈલીમાં લખેલાં. એમનો આશ્રમ બિલખામાં હતો, અને શિષ્યમંડળ ઘણું બહોળું હતું. શિક્ષિતો અને તેમાંય વિશેષ કરીને શિક્ષકોમાં તેમણે સારું આકર્ષણ જમાવ્યું હતું. નાનાભાઇ ભટ્ટ (૧૮૮૨-૧૯૬૧) પોતાની આત્મકથા 'ઘડતર અને ચણતર'માં વીસમી સદીના પહેલા-બીજા દાયકામાં પ્રવર્તતી શર્માજીની લોકપ્રિયતાનો ઉલ્લેખ આ રીતે કરે છે :

"આ દિવસોમાં પોરબંદર અને બીલખા મહારાજ શ્રીમાન નથુરામ શર્માના નામથી ગાજતાં હતાં. તમે કાઠિયાવાડની રેલવેના કોઇ પણ સ્ટેશને જાઓ તો સવારમાં નાહી ધોઇ કપાળે ભસ્મ લગાડી, સંધ્યાપૂજા કરીને પરવારેલો એકાદ માસ્તર તમે દેખો અને તપાસ કરો તો જણાય કે એ મહારાજશ્રીનો શિષ્ય છે. તમે કાઠિયાવાડમાં અને ખાસ તો પોરબંદર કે જૂનાગઢ તરફના કોઇ પણ ગામડામાં જાઓ તો તમને આવો કોઇ મહેતાજી પણ જરૂર મળે."[૮૨]

ઉદ્દિષ્ટકાલ (૧૮૫૫-૧૯૨૦) દરમ્યાનની સમગ્ર ધાર્મિક પશ્ચાદ્ભૂ તરફ દૃષ્ટિ નાખતાં જણાશે કે પ્રારંભમાં, પરંપરાગત હિંદુ ધર્મ પર વિધર્મીઓ અને સધર્મી સુધારકો દ્વારા જબરજસ્ત પ્રહારો થયા. વિધર્મીઓ દ્વારા ધર્મપરિવર્તનનો પ્રવાહ વેગીલો બન્યો, શિક્ષણ પ્રાપ્ત કરનાર વર્ગ ધીમે ધીમે ધર્મવિમુખ બનતો ગયો. આમ હિંદુ ધર્મ ભયમાં મૂકાયો. પરંતુ એમાંથી જ આગળ જતાં હિંદુ ધર્મના શુદ્ધીકરણનો પ્રવાહ વહેતો થયો. ઓગણીસમી સદીની છેલ્લી પચીસીમાં અને વીસમી સદીના પ્રારંભિક દાયકાઓમાં પ્રજાનું ધાર્મિકજીવન ક્રમશઃ પરિશુદ્ધ બનતું ગયું. ગોવર્ધનરામે તેમની મહાનવલ "સરસ્વતીચંદ્ર"નો પ્રથમ ભાગ ઇ.સ. ૧૮૮૭માં પ્રસિદ્ધ કર્યો

ત્યારથી માંડીને ગાંધીજીએ 'નવજીવન' દ્વારા ઇ.સ. ૧૯૨૦માં ગુજરાત સહિત ભારતની પ્રજાનું નેતૃત્વ લીધું ત્યાં સુધીનો સમય ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં 'પંડિતયુગ' તરીકે ઓળખાય છે. પંડિત યુગના સાહિત્યકારોના સર્જનમાં પણ હિંદુ ધર્મની પ્રાચીનતા, મહત્તા અને ગૌરવ દર્શાવતા/તેના સંરક્ષણ તરફનો ઝોક વિશેષત: જોવા મળે છે.

<u>સામાજિક ભૂમિકા</u> :- આ સમયગાળા દરમ્યાન બનેલી વિવિધ ઘટનાઓએ સામાજિક ઉત્થાન દ્વારા શિક્ષણની પ્રગતિને વેગ આપવામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. વાસ્તવમાં ઓગણીસમી સદીનો ઉત્તરાર્ધ, જર્જરિત અને જરીપુરાણા ગુજરાતી સમાજની કાયાપલટનો યુગ હતો, એમ કહી શકાય. સમાજના આવા રૂપાંતરમાં પ્રાંતીય અને રાષ્ટ્રીય ફલક પર આકાર લેતી વિવિધ ઘટનાઓએ પણ ભાગ ભજવ્યો છે.

૧૮૫૬માં પાસર કરવામાં આવેલો વિધવાપુનર્વિવાહ ધારો, ઇ.સ. ૧૮૬૦માં ઈંડિયન પીનલ કોડ દ્વારા સંમતિવયની વૈચારિક સ્વીકૃતિ અને ૧૦ વર્ષની લગ્નવયનું નિર્ધારણ તેમજ ૧૮૯૧ના કાનૂન દ્વારા આ મર્યાદાનું ૧૨ વર્ષ સુધીનું વિસ્તરણ, મુંબઇ - અમદાવાદ તથા ભાવનગર - ગોંડલ વચ્ચે રેલ્વેવ્યવહારની શરૂઆત, ગુજરાતી પત્રકારિત્વનો વિકાસ, મુંબઇ, સુરત અને અમદાવાદ જેવાં શહેરોમાં સમાજસુધારા મંડળોની સ્થાપના, સમાજસુધારણા માટે ગુજરાતી માધ્યમનો ઉપયોગ, જ્ઞાતિજનોની શૈક્ષણિક પ્રગતિમાં જ્ઞાતિ સંગઠનોનો વધેલો રસ, સ્ત્રીઓની ઉન્નતિ માટે થયેલા વિવિધ પ્રયાસો, આર્થિક-સામાજિક દૃષ્ટિએ પછાત એવા વર્ગોની યાતનાઓ તરફ અપાયેલું ધ્યાન આ અને આવી બીજી ઘટનાઓએ સામાજિક પ્રગતિને વેગ આપી શૈક્ષણિક વિકાસ માટેની ઉચિત ભૂમિકા સર્જવાનું મહત્ત્વનું કામ કર્યું.

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં અને વીસમી સદીના પ્રારંભિક દાયકાઓમાં ઉપર્યુક્ત ઘટનાઓને પરિણામે સામાજિક પરિવર્તનની પ્રક્રિયા વેગવંતી બની હતી એ હકીકત છે. આમ છતાંય સામાજિક પરિવર્તન રાતોરાત થઇ જતું નથી, પરંતુ એ ઘણો સમય માગી લે છે, એ પણ એટલું જ સાચું છે. આથી ઉક્ત સમયગાળામાં સમાજની સ્થિતિ કેવી હતી તેનું મિતાક્ષરી દર્શન અત્રે કરવું યોગ્ય થઇ પડશે.

આ કાલખંડમાં પણ પૂર્વોક્ત સામાજિક અનિષ્ટો મહદ્અંશે ચાલુ રહયાં હતાં. અલબત્ત તેની સામે શિક્ષિતો અને સમાજસુધારકોનો તીવ્ર વિરોધ શરૂ થઇ ચૂકયો હતો.

સૌ પ્રથમ તો જ્ઞાતિબંધનોની પકડ એટલી જ મજબૂત હતી. શ્રી રમણલાલ વસંતલાલ દેસાઇ (૧૮૯૨-૧૯૫૫) પોતાના બાલ્યકાળનાં સંસ્મરણો આલેખતાં નોંધે છે કે "હરિજન શબ્દ ત્યારે અજાણ્યો હતો. અન્ત્યેજોને અડકાય નહિ, અડકાય તો નહાવું પડે, મુસલમાનોને અડકવામાં બહુ વાંધો નહિ, પરંતુ સંકોચ રાખવો સારો, બીજી ન્યાતની રાંધેલી રસોઇ જમાય જ નહિ, જમીએ તો વટલાઇ જવાય."[83] એવા ખ્યાલો ત્યારે પ્રવર્તતા હતા. એમના જ સમકાલીન રવિશંકર રાવળ (૧૮૯૨-જન્મ વર્ષ), પોતાના વિદ્યાભ્યાસ દરમ્યાન ભાવનગરની હાઇસ્કૂલમાં બ્રાહ્મણ, વાણિયા, રજપૂત, મુસલમાન વગેરે કોમોના વિદ્યાર્થીઓ માટે પાણી પીવાના અલગ અલગ પ્યાલા રાખવામાં આવતા હોવાનું નોંધે છે.[84]

બાળલગ્નોનો ચાલ પણ ઘણો વ્યાપક હતો. પ્રસ્તુત અભ્યાસ માટે પસંદ કરવામાં આવેલાં આત્મચરિત્રો અને જીવનવૃત્તાંતોના ચરિતનાયકો પૈકી જૂજ અપવાદ બાદ કરતાં બધાંના વિવાહ અને લગ્ન અત્યંત નાની ઉંમરે થયેલાં એ હકીકત છે. એ પૈકી નાગર બ્રાહ્મણ જ્ઞાતિમાં જન્મેલા ગોવર્ધનરામ (૧૮૫૫-૧૯૦૭) 'ગર્ભરૂપે વિવાહિત થયા હતા'[85] અને એમનાં પત્ની એમના કરતાં વયમાં થોડાં મોટાં હતાં. એ જ રીતે કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિમાં જન્મેલા શિવજીભાઇ (૧૮૭૦-જન્મ વર્ષ)ના વિવાહ પણ એમનાં પત્નીના જન્મ પહેલાં થયેલા.[86]

સ્ત્રીઓનું સ્થાન હજુય દયાજનક હતું. નંદશંકર (૧૮૩૫-૧૯૦૫)ના જીવનચરિત્રમાં એમનાં લગ્ન (૧૮૫૫) સમયે હિંદુ કુટુંબોમાં કન્યાઓ પ્રત્યે કેવો વર્તાવ થતો, તે આ રીતે દર્શાવવામાં આવ્યું છે :

> "મોતીરામ મહેતાના કુટુંબમાં, સામાન્ય હિંદુ કુટુંબીઓ પેઠે બાળકી પર કમ મહેરબાની રહેતી. કોણ જાણે કોને પરણશે ? સુખી થશે કે દુ:ખી ? (કન્યા) ઘરમાંથી જાય તેમાં જ ફળ. એ તો 'જાયફળ'. કોઇએ એનો એ પણ અર્થ કર્યો કે સંસારથી જાય તેમાં જ ફળ. આવા લોકના ખ્યાલ ત્યારે દેવતાઓ તો રમણ કરવા ક્યાંથી આવે ? ભૂતો ભુસ્કા મારે !"[87]

રવિશંકર રાવળ પોતાની બહેનના વેવિશાળ થયા પછીના તેની તરફના કુટુંબના વર્તાવનું આવું નિરૂપણ કરે છે :

M. S. UNIVERSITY OF BARODA



"થોડા જ વખતમાં બહેનને નિશાળ છોડાવી દીધી. સવારમાં ભાભી ઉઠાડે અને સાથે દળવા બેસાડે. જો વહેલી જાગી શકે નહિ તો ચૂંટી ભરીને પણ જગાડે. સાસરીમાં શું વેઠવું પડશે અને શું નહિ તેની ચિંતામાં બાના ગભરાટનો પાર નહોતો. તેમને માત્ર 'મારી કૂખ દીપાવે, મારું કુળગૌરવ સાચવે' એવી જ લાગણી થતી હતી. બહેન ઠીક ઠીક ગભરાઇ હશે..........બહેનનાં રમવા-ફરવા ઉપર અંકુશ મુકાયો એટલું જ નહિ, પણ અમે ચા પીતા હોઇએ તો મારા વાટકામાં વધુ દૂધ આપે અને બહેનને કહે : 'તને પોસાશે નહિ'."[88]

આ દૃષ્ટાંત સામાન્ય હિંદુ કુટુંબના કન્યાઓ તરફના વલણનું પ્રતિનિધિત્વ કરે છે. શારદાબહેન મહેતા (૧૮૮૨:જન્મ વર્ષ) તેમના 'જીવનસંભારણાં'માં પોતાના લગ્ન અંગેની વાત કરતાં નોંધે છે કે "તે વખતે ઊંચી ગણાતી જ્ઞાતીમાં - સુધરેલાં ગણાતાં કુટુંબોમાં પણ છોકરી દસ અગીઆર વર્ષની થઇ એટલે એનાં લગ્નની વાતો ચાલવા માંડે, તે પહેલાં સગપણ તો ઘણે ભાગે થઇ ગયેલું હોય જ, એટલે જો છોકરી બાર વર્ષની થઇ અને સગપણની વાત સરખીએ ના સંભળાય તો તો પછી માબાપ ઉપર પસ્તાળ પડે."[89] બાળલગ્નના આવા વ્યાપક ચાલને લીધે કન્યાઓનું શિક્ષણ અકાળે જ અટકી જતું એટલું જ નહિ પણ કુમારોના શિક્ષણ ઉપર પણ તેની વિપરીત અસર થતી હોવાના દૃષ્ટાંતો ચરિત્રસાહિત્યમાંથી ઉપલબ્ધ થાય છે.

વિધવાવિવાહનો કાયદો પસાર થયો હોવા છતાંયે એનો સામાજિક સ્વીકાર થયો નહોતો. કન્યાવિક્રય, બહુપત્નીત્વ વગેરે જેવાં અનિષ્ટો પણ થોડાવત્તા પ્રમાણમાં ચાલુ જ હતાં. ઇન્દુલાલ યાજ્ઞિકે 'આપણી શરમ' એ શીર્ષક હેઠળ તા.૧૬-૧૧-૧૯૧૯ના 'નવજીવન'માં પ્રગટ થયેલા લેખનો સારાંશ તેમની આત્મકથામાં આપ્યો છે. એના પરથી ગુજરાતમાં સ્ત્રીઓની સ્થિતિ કેવી દયનીય હતી તેનો ખ્યાલ આવે છે. ઉક્ત લેખમાં સ્ત્રીઓની સ્થિતિ આ પ્રમાણે વર્ણવવામાં આવી છે :

"કોમળ કન્યાઓની કેળવણી પર કાપ મૂકીને આપણે તેમને પરણાવીએ છીએ, અને તેથી તેમના શરીરના અને મનના વિકાસને આઘાત પહોંચાડીએ છીએ. વયની કે સંસ્કારની સમતાનો વિચાર કર્યા સિવાય લગ્ન કરાવીને અને એક પર બીજી સ્ત્રી પરણાવીને આપણે તેમના જીવનમાં

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

ઝેર ભેળવીએ છીએ. સ્થૂળ દ્રવ્યની માફક કન્યાઓને વેચીને અથવા તેમને પરણાવવા મોટી રકમો આપીને આપણે તેમની પ્રતિષ્ઠાને અતિશય હાનિ પહોંચાડીએ છીએ, અને વિધવાઓને કાળાં કપડાં પહેરાવીએ છીએ તેની સાથે તેમની સારી જિંદગી પર અંધારપછેડો નાખીએ છીએ જેથી તેમને સહન કરવી પડતી નીતિની અને વ્યવહારની વિટંબણાઓ તરફ આપણે નિરાંતે દુર્લક્ષ કરી શકીએ. .......... સ્ત્રી જાતિ તરફ આપણી ચોવીસે કલાકની વર્તણૂક માટે આખી દુનિયા આગળ આપણે શરમાવું પડે એમ છે."[90]

ઇન્દુલાલે વર્ણવેલું ઉપર્યુકત ચિત્ર તત્કાલીન સામાન્ય ગુજરાતી સમાજના સ્ત્રીઓ તરફના વર્તન પર વેધક પ્રકાશ નાખે છે.

પરદેશગમન સામે પણ આ યુગમાં સામાજિક પ્રતિબંધો હતા. અલબત્ત, મહીપતરામે શિક્ષકપ્રશિક્ષણની તાલીમ પ્રાપ્ત કરવા ઇ.સ. ૧૮૬૦માં ઇંગ્લંડ જઇ પરદેશગમનના દ્વાર ખુલ્લાં કરવામાં પહેલ કરી હતી.[91] ત્યારપછી ૧૮૬૩માં કરસનદાસ મૂળજી પણ વિલાયત ગયા હતા.[92] પરંતુ આ બન્નેના વિદેશગમને એમના જ્ઞાતિસમાજોમાં ભારે ખળભળાટ મચાવેલો અને ઘણાં લાંબા સમય સુધી એમનું આ કૃત્ય ચર્ચાસ્પદ બનેલું. જ્ઞાતિ તરફથી આ બન્ને પર ભારે ત્રાસ ગુજારવામાં આવેલો એ તો ગુજરાતના સમાજસુધારાના ઇતિહાસમાં જાણીતી ઘટના છે. આ કાલ દરમ્યાન વિવિધ જ્ઞાતિઓમાં પ્રવર્તતા પરદેશગમન અંગેના પ્રતિબંધો અને તેનો ભંગ કરનારની પાસે કરાવવામાં આવતાં પ્રાયશ્ચિત અંગેના પ્રમાણો ગાંધીજી[93] (૧૮૬૯-૧૯૪૮), સુમંત મહેતા[94] (૧૮૭૭-૧૯૬૮), રવિશંકર રાવળ[95] (જ. ૧૮૯૨) વગેરેની આત્મકથાઓમાંથી તેમજ મહારાજા સયાજીરાવ[96] (૧૮૬૩-૧૯૩૯ ), ત્રિભુવનદાસ ગજ્જર[97] (૧૮૬૩-૧૯૨૦), હીરાલાલ શ્રોફ[98] (૧૮૬૭-૧૯૩૦), સર વિઠ્ઠલદાસ ઠાકરસી[99] (૧૮૭૩-૧૯૨૨), અમૃતલાલ ઓઝા[100] (૧૮૯૦-૧૯૭૫) વગેરેનાં જીવનચરિત્રોમાંથી પણ ઉપલબ્ધ થાય છે. વિદ્યાભ્યાસાર્થે વિદેશ જનારાઓ પાસે જે પ્રાયશ્ચિત કરાવાતાં, દંડ વસૂલ કરવામા આવતો તેને લીધે વિદ્યાભ્યાસાર્થે વિદેશગમનનો પ્રવાહ આ કાલ દરમ્યાન ઘણો મંદ રહ્યો હશે, એવું અનુમાન સહેજે થઇ શકે. / વિદેશ જનારાઓ પાસે જે પ્રાયશ્ચિત કરાવાતાં, દંડ વસૂલ કરાતો તેને લીધે વિદ્યાભ્યાસાર્થે

વિદેશગમનનો પ્રવાહ ઘણો મંદ રહયો હશે એવુ અનુમાન સહેજે થઇ શકે.

૧૮૫૫ થી ૧૯૨૦ સુધીના ગાળામાં અન્યજ, ભીલ, રાનીપરજ વગેરે જેવી પછાત કોમોની સ્થિતિમાંથી કોઇ નોંધપાત્ર ફેરફારો થવા પામ્યા નહોતા, જો કે આ કાળ દરમ્યાન અને તેમાંય વિશેષત:વીસમી સદીના પ્રારંભિક દાયકાઓમાં આ કોમોની સ્થિતિ સુધારવા માટેના પ્રયત્નો શરૂ થઇ ચૂકયા હતા. વડોદરા નરેશ શ્રીમંત સયાજીરાવ, મામાફડકે, ઠકકરબાપા, ગાંધીજી વગેરેએ સમાજના આ દબાયેલા વર્ગની ઉન્નતિનું કાર્ય હાથમાં લીધું ત્યાં સુધી આ વર્ગોની સ્થિતિ પણ અત્યંત દયનીય જ રહી હતી. આ પરિસ્થિતિએ આ વર્ગોને કેળવણીની તકોથી લાંબા સમય સુધી વંચિત રાખ્યા એ અત્રે નોંધવુ ઘટે.

ઇ.સ.૧૮૫૫ થી ૧૯૨૦ સુધીની ગુજરાતની સામાજિક પશ્ચાદભૂમિકા કંઇક આવી હતી.

<u>સમાજસુધારણાનાં સંચલનો :-</u>

આગળ નોંધવામાં આવ્યું છે તેમ પશ્ચિમના શિક્ષણ અને સંસ્કૃતિની વ્યાપક થતી અસરો હેઠળ, સામાજિક ઉન્નયન માટેની હિલચાલ ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં તીવ્ર બની હતી. સામાજિક ઉત્થાનની આ ઝુંબેશમાં આ ગાળાના સમાજસુધારકો, સાહિત્યિક અને સમાજસુધારક મંડળીઓ વર્તમાનપત્રો અને રાજકીય જાગૃતિને પરિણામે કરવામાં આવેલી કેટલીક ધારાકીય જોગવાઇઓનો ફાળો મુખ્ય છે. અહીં તેનું મિતાક્ષરી નિરૂપણ કરવાનો ઉપક્રમ રાખવામાં આવ્યો છે :

(૧) <u>સમાજસુધારકોનો ફાળો :-</u>

ઇ.સ.૧૮૪૩ થી ૧૮૮૬ સુધીનો કાલ ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં 'જાગૃતિ યુગ' તરીકે અને ૧૮૮૭ થી ૧૯૨૦ સુધીનો કાલ 'પંડિત યુગ' તરીકે ઓળખાય છે. પ્રથમ કાલખંડના સુધારકોનું વલણ મોટેભાગે ભારતીય સંસ્કૃતિના ઇન્કાર અને પશ્ચિમની સંસ્કૃતિના સ્વીકારનું રહયું છે, જયારે દ્વિતીય કાલખંડના સુધારકોનું વલણ પૂર્વ અને પશ્ચિમ ઉભય સંસ્કૃતિઓનાં ઉત્તમ તત્ત્વોના સમન્વય તરફ ઢળેલું છે. આમ છતાંય 'જાગૃતિ યુગ' અને 'પંડિત યુગ' ઉભય કાલના સાહિત્ય સ્વામીઓએ સંસાર-સુધારાની જોરદાર હિલચાલો કરી છે, એ ચોકકસ.

આગળ નોંધવામાં આવ્યું છે તેમ અંગ્રેજી કેળવણી પામેલો શિક્ષિતોનો એક સુધારક વર્ગ ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં ગુજરાતના તખ્તા ઉપર આવ્યો. સમાજના અજ્ઞાન, અંધશ્રદ્ધાઓ, રૂઢિદાસ્ય, અન્યાય, શોષણ વગેરે સામે આ વર્ગે જલદ લડત ઉપાડી બુદ્ધિવાદ અને વ્યક્તિ સ્વાતંત્ર્યને સન્માન્યાં. સમાજના પરંપરાગત આચારવિચારો પર તેમણે જોરદાર હુમલા શરૂ કર્યા. ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં દુર્ગારામ મહેતાજી અને તેમના સમકાલીન સુધારકો એ સામાજિક સુધારણા અંગે જે વૈચારિક ક્રાંતિ સર્જી હતી તેને આ યુગના સુધારકોએ વ્યવહારમાં કાર્યાન્વિત કરી સમાજ સામે મોટું બંડ પોકાર્યું. એમાં કરસનદાસ મૂળજી, નર્મદાશંકર, મહીપતરામ, દલપતરામ, ભોળાનાથ સારાભાઇ, નવલરામ, મણિલાલ દ્વિવેદી, ગોવર્ધનરામ, રમણભાઇ નીલકંઠ, શારદાબહેન વગેરેનો ફાળો મુખ્ય છે.

કરસનદાસ મુળજી (૧૮૩૨-૧૮૭૧), બહેરામજીના શબ્દોમાં કહીએ તો 'શાંત વીર' હતા. તેમણે વૈષ્ણવ સંપ્રદાયની ધર્માંધતા, દંભ અને ભ્રષ્ટાચાર સામે તુમુલ યુદ્ધ આદર્યું. તેમણે વિધવાવિવાહનું કેવળ વાચિક સમર્થન કરીને જ સંતુષ્ટ ન થતાં ૧૮૭૧માં માધવદાસ અને ધનકોરબાઇના પહેલા ગુજરાતી પુનર્લગ્નને સક્રિય સાથ આપી સમાજનો ખોફ વહોરી લીધો. તે માનતા કે સામાજિક સુધારાએ રાજકીય સુધારાના પુરોગામી બનવું ઘટે.

કવિ નર્મદ (૧૮૩૩-૧૮૮૬) આ યુગનો બીજો સમર્થ સુધારક હતો. સામાજિક સુધારણા માટે એણે 'ડાંડિયો' નામનું વૃત્તપત્ર શરૂ કર્યું. એમાં તીખાં તમતમતાં લખાણો દ્વારા એણે સામાજિક વિસંગતિઓ સામે પ્રબળ લોકમત કેળવ્યો. 'ડાંડિયો'ના ઉદ્દેશની રજૂઆત તેના પ્રારંભિક અંકમાં કરતાં નર્મદે લખેલું કે "ઓ લોકો, દેશીનરસી ચાલ-ચલણ, વહેમ, અજ્ઞાન કાઢવાને, તેઓને હસી નાખવાને,

તેઓને મહેણાં મારવાને મારી પાસે મજબૂત દાંડિયો સોટો છે,

એટલે ડાંડિયા મારવાની મારામાં શક્તિ છે."[૧૦૫]

નર્મદે ગદ્ય-પદ્ય ઉભયનો સમાજસુધારણા માટેના પોતાના વિચારોના પ્રસાર માટે ઉપયોગ કર્યો. તેણે વિશેષતઃ સ્ત્રીઓની સ્થિતિ સુધારવા માટે બાળલગ્ન પ્રતિબંધ, સ્ત્રી-કેળવણી પ્રસાર અને વિધવા-વિવાહની હિમાયત કરી. લોકોની ધર્માંધતા પર પણ તેણે ખૂબ પ્રહારો કર્યા. તેના સમાજસુધારા વિષયક અને શિક્ષણાદિ

વિષયો પરના ગદ્યાત્મક અને પદ્યાત્મક લખાણોનું શ્રી નવલરામે અનુક્રમે 'નર્મદનું ગદ્યમંદિર' અને 'નર્મદનું પદ્યમંદિર'માં સંપાદન કર્યું છે.

મહીપતરામ (૧૮૨૯-૧૮૯૧) આ યુગના ત્રીજા પ્રમુખ સુધારક ગણાય. ઇ.સ. ૧૮૬૦માં વિલાયત જઇને તેમણે પરદેશગમન સામેના પ્રતિબંધોનો સક્રિય વિરોધ કર્યો. મહીપતરામે અમદાવાદના 'બાળલગ્ન નિષેધક મંડળ'ના સક્રિય કાર્યકર તરીકે પણ લાંબા કાળ સુધી સેવાઓ આપી. મહીપતરામે "સ્વદેશી બંધુઓને ખોટે રસ્તેથી સત્ય માર્ગે ચઢાવવા, દેશમાંથી દુરાચાર દૂર કરી તેને સ્થળે સદાચારનો પ્રચાર કરવા, વહેમ તથા ઠગાઇને દૂર કરી ખરી શ્રદ્ધા ઉત્પન્ન કરવા, મૂર્તિપૂજા જેવી અધમ ઉપાસનાને સ્થળે સદ્ધર્મને ઉત્તમ પદ આપવાના શ્રેષ્ઠ અને ઉદાર હેતુથી"[૧૦૨] ૧૭ ડિસેમ્બર, ૧૮૭૧ના રોજ અમદાવાદમાં પ્રાર્થના સમાજની સ્થાપના કરી. એમના જમાનામાં અમદાવાદમાં ભાગ્યે જ એવું કોઇ સમાજસુધારા મંડળ હશે જેમાં મહીપતરામે સક્રિય ભાગ ન લીધો હોય. ભોળાનાથ સારાભાઇ, કવિ દલપતરામ અને નવલરામ લક્ષ્મીશંકર પંડયા જેવા પોતાના સંનિષ્ઠ સાથીઓની મદદથી એમણે કન્યાકેળવણીની તરફેણમાં લોકમતને વાળવાની દિશામાં નોંધપાત્ર કામગીરી બજાવી. એમણે કેટલોક સમય "સત્યપ્રકાશ"નું તંત્રીપદ સંભાળી એને સંસારસુધારાનું વાહન બનાવ્યું. આ અંગે તેઓ લખે છે કે "મેં પણ સ્વદેશીઓના કુચાલ પર હુમલા જારી રાખ્યા. ઘરખટલામાં સાસુવહુની લડાઇથી કલેશ થાય છે, બાળલગ્નથી ખરાબી થાય છે, હોળીના ભાંડથી અને લગ્નના ફટાણથી અનીતિનાં બીજ રોપાય છે તે તથા બીજી ઉપયોગી બાબતો ઉપર જોશથી લખાણ કરી પત્રની આબરૂ હતી તેવી જાળવી રાખવાની મેં યથાશકિત કોશીષ કરી (છે)"[૧૦૩] મરણોત્તર ભોજનો, લગ્નાદિ પ્રસંગે ગણિકાઓના નાચ વગેરે સામે પણ એમણે વિરોધ કરેલો.

કવિ દલપતરામ ડાહ્યાભાઇ (૧૮૨૦-૧૮૯૮) આ યુગના ધીર-ગંભીર સુધારકોમાં અગ્રસ્થાને બિરાજે છે. એમણે કિનલોક એલેકઝાંડર ફોર્બસ સાથે મળી અમદાવાદમાં ગુજરાત વર્નાકયુલર સોસાયટીનો પાયો નાખ્યો. નર્મદની જેમ દલપતરામ પણ સુધારાના કવિ હતા. અલબત્ત બન્નેની સુધારારીતિમાં આભજમીનનું અંતર હતું. દલપતરામ ધીરે ધીરે પ્રજાનો વિશ્વાસ સંપાદન કરીને સુધારો કરવામાં

માનતા, જ્યારે નર્મદને સમાજ ખળભળી ઊઠે તેવા આકરા પ્રહારો દ્વારા ઝડપથી સમાજસુધારો કરવાનું ઉદ્દિષ્ટ હતું. 'ધીરે ધીરે સુધારાનો સાર' નામના તેમના પદ્યમાં તેમણે લૌકિક ઉદાહરણો દ્વારા સુધારો આણવામાં ધીરજ રાખવાની પોતાની રીતિનીતિનું નિરૂપણ કર્યું છે. દલપતરામને કન્યાકેળવણીમાં પુષ્કળ શ્રદ્ધા હતી. એમના પ્રયત્નથી અમદાવાદમાં છેક ૧૮૪૮માં ગુજરાતની સૌ પ્રથમ કન્યાશાળાની સ્થાપના થઇ હતી.[૧૦૪] 'વેનચરિત્ર' નામની નિજની પદ્યકૃતિમાં તેમણે વિધવા-વિવાહના પ્રશ્નની પણ ચર્ચા કરી છે. 'બુદ્ધિ પ્રકાશ' દ્વારા તેમણે સમાજસુધારા અંગેના પોતાના વિચારો વહેતા કર્યા છે. તેઓ ધાર્મિક અંધશ્રદ્ધાઓના પ્રબળ વિરોધી હતા. મહીપતરામના પરદેશગમનને તેમણે આ રીતે અંજલી આપી હતી :

"કરવા નીકળ્યો કોડથી, આ અવસરમાં આપ,
પકડી વાત પ્રમાણ તે, રાખી મહીપતરામ.
નાગર નર હારે નહિ, હારે હોય હજામ,
કહેવત તેં સાચી કરી, રાખી મહીપતરામ"[૧૦૫]

ભોળાનાથ સારાભાઇ (૧૮૨૩-૧૮૮૬) નું કાર્યક્ષેત્ર મહદ્ અંશે અમદાવાદ હતું. મહીપતરામને પ્રાર્થના સમાજની સ્થાપનામાં તેમનો મોટો સાથ મળ્યો. એ પોતે નિર્ભિક સમાજસુધારક હતા. વિશેષત: બાળલગ્ન નિષેધ અને વિધવાવિવાહને સમર્થન આપી સ્ત્રીઉન્નતિના ક્ષેત્રે તેમણે નોંધનીય ફાળો આપ્યો છે. પ્રાર્થના સમાજ માટે લખેલાં તેમનાં ભક્તિપદો ગુજરાતમાં ઘેર ઘેર જાણીતાં થયાં હતાં. સ્ત્રીકેળવણીના પણ તે ધરખમ હિમાયતી હતા.

સુરતના, નવલરામ લક્ષ્મીરામ પંડયા (૧૮૩૬-૧૮૮૮) પણ એ યુગના સમાજસુધારકોમાં મહત્ત્વનું સ્થાન ભોગવે છે. ગુજરાતી સાહિત્યના આ જાણીતા વિવેચકે ૧૮૭૦માં પ્રેમચંદ રાયચંદ ટ્રેઇનીંગ કોલેજ, અમદાવાદના ઉપાચાર્યનો હોદ્દો ધારણ કર્યો, ત્યારથી અમદાવાદ તેમની પ્રવૃત્તિઓનું મુખ્ય કેન્દ્ર બન્યું. એમણે બાળલગ્ન નિષેધક મંડળીના મંત્રી તરીકે સુદીર્ઘ સેવાઓ આપી હતી. 'બાળલગ્ન બત્રીસી' દ્વારા તેમણે બાળલગ્ન સામે જનમત કેળવવા પ્રયત્ન કર્યો. નવલરામ વિધવાઓને પુનર્વિવાહ કરવામાં પણ સક્રિય સાથ આપતાં એવાં પ્રમાણો એમના જીવનચરિત્રમાંથી મળે છે.[૧૦૬]

M. S. UNIVERSITY OF BARODA



મણિલાલ નભુભાઇ દ્વિવેદી (૧૮૫૮-૧૮૯૮) પંડિતયુગના એક પ્રખર વિદ્વાન હતા, જેમણે નર્મદના ઉચ્છેદક સુધારા સામે ભારતીય સંસ્કૃતિના સંરક્ષણનું કાર્ય મિશનરીના ઉત્સાહથી ઉપાડી લીધું. 'પશ્ચિમની શરણાગતિ નહિ' એ એમની સુધારા પ્રવૃત્તિની લક્ષ્મણરેખા હતી. 'સુદર્શન'ના માધ્યમ દ્વારા તેમણે ગુજરાતીઓની ધર્મજિજ્ઞાસા, સ્વદેશપ્રીતિ તથા કર્તવ્યબુદ્ધિને જાગ્રત કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. કન્યાકેળવણીના અને સ્ત્રીસન્માનના તેઓ પ્રખર હિમાયતી હતા. ધીરુભાઇ ઠાકર નોંધે છે તેમ "પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાન અને આર્ય દર્શનોનો મુકાબલો કરીને પશ્ચિમી વિચારશ્રેણીની પડછે આર્ય ધર્મભાવનાનું સત્ત્વ પશ્ચિમની પ્રજા સમક્ષ આકર્ષક તેમ બુદ્ધિગ્રાહ્ય સ્વરૂપમાં મૂકનાર એ પહેલા સમર્થ ગુજરાતી વિદ્વાન છે."[૧૦૭]

ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી (૧૮૫૫-૧૯૦૭) આ યુગના બીજા સમર્થ વિદ્વાન ગણાય. વિશ્વની મહાનવલોમાં સ્થાન પામે એવી ચાર ભાગમાં પથરાયેલી "સરસ્વતીચંદ્ર" નામની મહાનવલ દ્વારા તેમણે કુટુંબ, સમાજ, રાજ્ય અને ધર્મના સમકાલીન પ્રશ્નોની પર્યેષક બુદ્ધિથી આલોચના કરી છે. બાળલગ્નના તે પ્રબળ વિરોધી હતા, અને સ્ત્રીકેળવણીના ઉપાસક હતા. "સરસ્વતીચંદ્ર"ના બીજા ભાગમાં એમણે આર્ય નારીને ઉચ્ચ અંજલિ આપી છે. કાન્તિલાલ પંડયા નોંધે છે તેમ "સમાજના સુધારાની બાબતમાં ગોવર્ધનરામના વિચાર તથા વર્તન કોઇ શાન્ત, ધીર, દૂરંદેશ, તથા સમાજના અંગ તરીકેની પોતાની જવાબદારી પૂરેપૂરી સમજનાર વિચારકને શોભા આપે એવાં હતાં."[૧૦૮]

આ યુગના સમાજસુધારકોની નામાવલિમાં વડોદરાનરેશ શ્રીમંત સયાજીરાવ ગાયકવાડનું નામ વિશેષ રીતે ઝળકી ઊઠે છે. પ્રાગતિક દૃષ્ટિ ધરાવતા આ રાજવીએ પોતાની રૈયતની સર્વાંગીણ ઉન્નતિ ખાતર સુધારાનાં અનેક પગલાં લીધાં હતાં. વડોદરા રાજ્યે, પ્રથમ ૧૮૯૩માં અમરેલી (સૌરાષ્ટ્ર) જિલ્લામાં ફરજિયાત શિક્ષણની યોજના દાખલ કરી અને ૧૯૦૭માં રાજ્યના બધા વિસ્તારને યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા. આ યોજનાથી ૭ થી ૧૨ વર્ષના છોકરાઓ અને ૭ થી ૧૦ વર્ષની છોકરીઓ ફરજિયાત શિક્ષણવય હેઠળ મૂકાયાં. કન્યાશિક્ષણને વેગ આપવા ૧૮૮૨માં સ્ત્રીશિક્ષિકાઓ તૈયાર કરવા સ્ત્રી અધ્યાપન મંદિર પણ

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

શરૂ કરવામાં આવ્યું. બાળલગ્નનો કાયદેસર નિષેધ કરવામાં અને વિધવાવિવાહને કાયદા દ્વારા સમર્થન આપવામાં પણ વડોદરા રાજ્ય મોખરે હતું. મહારાજા પોતે છૂતાછૂતના ભેદમાં માનતા નહોતા. શિંદે નોંધે છે તેમ, અસ્પૃશ્યોદ્ધારક પ્રવૃત્તિના શ્રી ગણેશ આ મહાન રાજવીએ છેક ૧૮૮૩માં આરંભી દીધા હતા.[૧૦૯] ઈ.સ. ૧૮૮૭માં યુરોપનો પ્રવાસ ખેડીને મહારાજાએ રાજ્યની પ્રજાને વિદેશગમન કરવાનો માર્ગ મોકળો કરી આપ્યો હતો. વિવિધ વર્ગ અને વર્ણના લોકોના અભ્યાસાર્થે એમણે વિશિષ્ટ સંસ્થાઓ અને શિષ્યવૃત્તિઓની પણ ઠીક ઠીક જોગવાઇ કરી હતી. ડૉ. આંબેડકર જેવા માણસોની પ્રગતિ મહારાજાની આવી ઉદાર સહાયને આભારી હતી.[૧૧૦] ટૂંકમાં મહારાજાની દૃષ્ટિ, લોકહિતની ભાવના અને ખંતને લીધે વડોદરા રાજ્ય સામાજિક પ્રગતિની બાબતમાં ભારતભરમાં મોખરે રહ્યું હતું.

રમણભાઇ મહીપતરામ નીલકંઠ (૧૮૬૮-૧૯૨૮) આ યુગના એક સાહિત્યકાર જ નહીં પરંતુ પ્રખર, સમાજસુધારક હતા. "ભદ્રંભદ્ર" નામક ઉપહાસકૃતિમાં એમણે તત્કાલીન સામાજિક અનિષ્ટો પર મર્મવેધક કટાક્ષો કર્યા છે. સ્ત્રીકેળવણીના તે પ્રખર હિમાયતી હતા. લગ્ન પછી પણ ધર્મપત્ની વિદ્યાબહેનને ઉચ્ચશિક્ષણ લેવા પ્રોત્સાહિત કરીને એમણે ગુજરાતી કન્યાઓ માટે ઉચ્ચશિક્ષણનાં દ્વાર ખુલ્લાં કર્યાં. શારદાબહેન મહેતા કહે છે તેમ, રમણભાઇએ સુધારાની માત્ર હિમાયત જ નહોતી કરી પરંતુ એને જીવનમાં વણી લીધો હતો.

> "ખરી રીતે રા. બા. રમણભાઇએ સુધારાને જીવી જાણ્યો છે, સુધારાના સિદ્ધાંતોનો તેમણે માત્ર ઉપદેશ કર્યો નથી પણ તેને આચરણમાં ઉતારવા સતત પ્રયત્ન કરેલો છે. તદનુસાર પોતાનું કૌટુંબિક હિત ઘડયું છે. નહિ તો લગ્ન પછી હિંદુ સંસારમાં સ્ત્રી-પત્ની બારે વર્ષે ગ્રેજ્યુએટ થાય એ સંભવે જ કેમ? જાતે ગ્રેજ્યુએટ થાય અને પોતાની પાછળ સ્ત્રી ગ્રેજ્યુએટોની ટુકડી ઊભી કરે એ શું ઓછું આશ્ચર્યજનક છે."[૧૧૧]

અત્રે એ યાદ રહે કે, ઉપર્યુક્ત અવતરણનાં લેખિકા શારદાબહેન અને રમણભાઇનાં ધર્મપત્ની વિદ્યાબહેન એ બન્ને બહેનો, રમણભાઇની પ્રેરણા અને માર્ગદર્શનથી ઉચ્ચકેળવણી પ્રાપ્ત કરી સને ૧૯૦૨માં ગ્રેજ્યુએટ થનાર પ્રથમ ગુજરાતી બહેનો હતી.

રમણભાઇની સુધારા દૃષ્ટિ કેટલી વ્યાપક હતી અને ભાવના કેટલી દૃઢ હતી તેનો ખ્યાલ આપતાં શ્રી નરસિંહરાવ નોંધે છે કે -

"એક વખત સુધારક વિચારો માન્ય કર્યા એટલે વ્હેમી આચારોનો સર્વથા ત્યાગ કરવો જોઇએ એવી રમણભાઇની દૃઢ માન્યતા હતી. પોતાને ઘેર લગ્ન પ્રસંગે એ કોઇ પણ રૂઢિમાન્ય રીતો આચારમાં મૂકતા નહિ. માત્ર લગ્નવિધિ જ કરતા. મૂર્તિપૂજા સામે સખત વિરોધ હોવાથી ઘેર ગણપતિ ચીતરાવતા પણ નહિ.......... ........જનોઇના સંસ્કારમાં આધુનિક જમાનામાં કશું મહત્ત્વ સમાયું નથી એમ માનતા હોવાથી એમણે પોતાના પુત્રોને જનોઇ પણ દીધું નહિ. મૃત્યુ પામેલા સગાં-સંબંધીઓની ઉત્તરક્રિયા, શ્રાધ્ધ કે સંવત્સરી કદિ પણ કરતા નહિ. મુસાફરી ખાતર યાત્રાનાં સ્થાનો જોવા જતા પણ કોઇ મંદિરમાં નમસ્કાર કે બ્રાહ્મણોને દાન કદિ કરતા નહિ. સ્વ. લાલશંકરભાઇએ સ્થાપેલી અને રમણભાઇએ હસ્તક લીધેલી અન્ત્યજ શાળાઓના અન્ત્યજ શિક્ષકો કામકાજે આવે તેમને પોતાની પાસે માનપૂર્વક બેસાડી વાતચીત કરતા." [૧૫૨]

વડનગરા નાગર બ્રાહ્મણની જ્ઞાતિમાં જન્મેલા રમણભાઇનો આવો અભિગમ એ વખતમાં ભારે આંચકો આપે એવો હતો. એ જમાનામાં સંસારસુધારાનું ભાગ્યે જ એવું કોઇ ક્ષેત્ર હશે જેમાં રમણભાઇએ પ્રવેશ નહિ કર્યો હોય. આથી ગાંધીજીએ એમને અંજલિ આપતાં ઉચિત રીતે જ કહ્યું છે કે "રમણભાઇ એટલે ગુજરાતના આધુનિક જીવનનો ઇતિહાસ. રમણભાઇ એટલે સંસારસુધારો." [૧૫૩]

પ્રથમ ગુજરાતી સ્ત્રી ગ્રેજ્યુએટ બહેનો - વિદ્યાબહેન અને શારદાબહેન - પૈકી શારદાબહેન (૧૮૮૨-જન્મ વર્ષ )નો ફાળો પણ ગુજરાતના સમાજસુધારાના ઇતિહાસમાં નોંધપાત્ર રહેશે. ૧૯૦૧માં ગ્રેજ્યુએટ થઇને આ બન્ને બહેનોએ ગુજરાતી કન્યાઓ માટે ઉચ્ચ શિક્ષણનાં દ્વાર ખોલ્યાં. તત્કાલીન લોકમાનસ વિરુધ્ધ જઇને એમણે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું હોવાથી રૂઢિચુસ્ત સમાજે તેમને હલકાં પાડવામાં અને દુઃખ દેવામાં કંઇ બાકી રાખ્યું નહોતું. [૧૫૪] કન્યાઓને શિક્ષણ લેવામાં થતા

આવા કડવા અનુભવોએ એમને કન્યાકેળવણીની દિશામાં દત્તચિત્ત કર્યાં અને એ પ્રશ્નને એમણે પોતાનું જીવનકાર્ય લેખ્યું. એમના પ્રયત્નોથી વીસમી સદીના બીજા દાયકામાં અમદાવાદ અને સુરતમાં કન્યાઓને માધ્યમિક શિક્ષણ આપતાં કન્યાવિદ્યાલયોની સ્થાપના થઇ. એમાં પ્રચલિત કેળવણીની કન્યાઓ માટેની નિરુપયોગિતાને લક્ષમાં રાખી, અંગ્રેજીને મરજિયાત વિષય તરીકે સ્થાન આપવામાં આવ્યું અને માતૃભાષા દ્વારા શિક્ષણ આપવાનો ઉપક્રમ સ્વીકારાયો. આ અભ્યાસક્રમમાં ગૃહવિજ્ઞાનનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.[૧૫૫] એમના જ અવિરત પ્રયત્નોને લીધે અમદાવાદમાં ઇ.સ. ૧૯૨૦માં મહિલાઓ માટેની ગુજરાતની પ્રથમ ઉચ્ચશિક્ષણની સંસ્થાનો પાયો નંખાયો.

ઉપર્યુક્ત અને એમના સમકાલીન અન્ય સમાજસુધારકોના પ્રયત્નોને પરિણામે ગુજરાતની સામાજિક પરિસ્થિતિ ઇ.સ. ૧૮૫૫ થી ૧૯૨૦ દરમ્યાન ખૂબ ઝડપથી શૈક્ષિણિક વિકાસને માટે સાનુકૂળ બનતી જતી હતી.

<u>ગુજરાતી વર્તમાનપત્રોનો ફાળો</u> :- નવી કેળવણીએ દેશમાં જે ચેતના પ્રગટાવી તેના સ્વાભાવિક પરિણામરૂપે ગુજરાતમાં કેટલાંક વૃત્તપત્રોએ પણ સામાજિક ઉન્નયનને વેગ આપવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

ઇ.સ. ૧૮૧૨માં સર્વ પ્રથમ ગુજરાતી મુદ્રણાલય સ્થાપવાનું માન ફરદુનજી મરઝબાન નામના એક સાહસિક પારસીને ફાળે જાય છે.[૧૫૬] ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તરફથી 'વર્તમાન' અને વિદ્યાભ્યાસક મંડળી તરફથી 'બુદ્ધિપ્રકાશ' નામનાં વર્તમાનપત્રો અનુક્રમે ૧૮૪૯માં અને ૧૮૫૦માં શરૂ થયેલાં, પરંતુ તે શિલાપ્રેસમાં છપાતાં હતાં. મર્ઝબાને 'મુંબઇના સમાચાર' (જે પાછળથી 'મુંબઇ સમાચાર' તરીકે જાણીતું થયું) નામનું વૃત્તપત્ર છેક ૧૮૨૨થી શરૂ કરેલું. આમ છતાંય, ગુજરાતી વર્તમાનપત્રોએ સમાજસુધારણાના ક્ષેત્રમાં તો દાદાભાઇ નવરોજીએ ૧૮૫૧માં શરૂ કરેલા 'રાસ્તગોફતાર'થી પદાર્પણ કર્યું એમ માનવામાં આવે છે.[૧૫૭] 'રાસ્તગોફતાર'ને એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટની ઇ.સ. ૧૮૪૮માં સ્થપાયેલી 'સાહિત્ય સભા'ના વિદ્યાર્થીઓનો ખૂબ ટેકો હતો. જાણીતા સમાજસુધારક કરસનદાસ મૂળજી 'રાસ્તગોફતાર'માં સુધારાના અને નીતિબોધના લેખો લખતા.[૧૫૮] ૧૮૫૨માં કરસનદાસે "સત્યપ્રકાશ" નામનું છાપું કાઢયું હતું, પરંતુ પાછળથી તે

M. S. UNIVERSITY OF BARODA



'રાસ્તગોફતાર' સાથે સંલગ્ન થઇ ગયેલું. નર્મદ અને તેના અન્ય સાક્ષર મિત્રોએ મળી ૧૮૬૪માં 'ડાંડિયો' નામનુ પાક્ષિક શરૂ કર્યું હતું, પરંતુ તે અનિયમિત રહયું હતું. આ બધાં વૃત્તપત્રો અમુક નિશ્ચિત ધ્યેયને અને તેમાંય વિશેષત: સમાજસુધારાના ધ્યેયને કેન્દ્રમાં રાખીને ચલાવાતાં. એનું તંત્રીપદ એ જમાનામાં પ્રખર બુધ્ધિમાન ગણાતી વ્યકિતઓના હાથમાં હતું.

ગુજરાતમાં સમાજસુધારાની ઝુંબેશને વેગ આપવામાં મુખ્યત્વે 'રાસ્તગોફતાર' અને બુધ્ધિપ્રકાશ' મોખરે રહયાં છે. રાસ્તગોફતારે હિંદુ અને પારસીઓના સામાજિક અનિષ્ટો પર પ્રહારો કરવાની નીતિ અપનાવી હતી. એણે મુખ્યત્વે વિધવાવિવાહના પ્રશ્ન પર લક્ષ કેન્દ્રિત કર્યું હતું. બુધ્ધિપ્રકાશનો મુખ્ય ઝોક લોકોની અંધશ્રધ્ધાઓ દૂર કરી તેમને સાચા જ્ઞાનથી માહિતગાર કરવાનો હતો.

૧૮૬૧-૬૨ પછી ગુજરાતીમાં પ્રસિધ્ધ થતાં દૈનિકો, સાપ્તાહિકો અને માસિકોની સંખ્યામાં સારો એવો વધારો થયો એટલું જ નહીં પરંતુ, આ પત્રોએ સમાજસુધારાનો પ્રશ્ન વેધકતાપૂર્વક હાથ ધર્યો. એનું સમાજસુધારાનું ક્ષેત્ર પણ હવે વિસ્તર્યું, અને એમાં પરઠણ, બાળલગ્ન, સ્ત્રીઓને કેળવણી પ્રાપ્ત કરવાના અધિકારનો ઇન્કાર, રડવા-કૂટવાના રિવાજો, પરદેશગમન સામેના પ્રતિબંધ વગેરે બાબતોનો પણ સમાવેશ થવા લાગ્યો.[૧૫૯]

ઓગણીસમી સદીનો અંતિમ દાયકામાં અને વીસમી સદીના પ્રારંભિક દાયકાઓમાં વિવિધ જ્ઞાતિ-સંગઠનો ધ્વારા પણ કેટલાંક મુખપત્રો ચલાવાતાં હોવાનાં પ્રમાણો ચરિત્રસાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. આ પત્રોએ જ્ઞાતિની સામાજિક સ્થિતિ સુધારવા વિધોત્તેજન, કુરિવાજોની નાબૂદી, કન્યાશિક્ષણ વગેરે પ્રશ્નોને કેન્દ્રમાં રાખ્યા હતા.

ગુજરાતની સામાજિક સ્થિતિની સુધારણામાં આ રીતે સામયિકોનો ફાળો પણ નોંધનીય રહયો છે.

<u>સાહિત્યિક અને સમાજસુધારા મંડળીઓનો ફાળો</u> :- ઓગણીસમી સદીના પાંચમા-છઠ્ઠા દાયકામાં તીવ્ર બનેલી સમાજસુધારણાની હિલચાલમાં સાહિત્ય-મંડળો અને સમાજસુધારા મંડળીઓનો ફાળો પણ નાનોસૂનો નથી જ. આ મંડળીઓમાં મોટે ભાગે મુંબઇ, અમદાવાદ અને સુરતની શાળા-મહાશાળાઓમાં નવી કેળવણી પામેલાં

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

યુવકોની બનેલી હતી. એ બધા ક્રાંતિકારી વિચારો ધરાવતા, શક્તિશાળી યુવકો હતા જેમની અદમ્ય મહત્ત્વાકાંક્ષા કંઇક કરી બતાવવા માટે થનગની રહી હતી. વિશેષ કરીને કુરિવાજો અને રૂઢિઓની સામે અવિરત લડત કરી હિંદુ સમાજનું પુનર્વિધાન કરવાનું મંગલસ્વપ્ન તે જોઇ રહ્યા હતા.

મુંબઇની એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટ આવી મંડળીઓની જનેતા બની. આ સંસ્થાના વિદ્યાર્થીઓએ કેળવણી અને સમાજસુધારા માટે એક સ્ટુડન્ટસ સોસાયટી રચેલી. એમાંથી ૧૮૪૮ના ઓકટોબરમાં 'ગુજરાતી જ્ઞાન પ્રસારક સભા'ની સ્થાપના થઇ. મોહનલાલ ઝવેરી પણ તેના એક સભ્ય હતા. આ એમના 'આત્મકથન'માં જણાવ્યા મુજબ એ સભામાં વિદ્યા વિશે તથા સંસારી રૂઢિઓ વિષે ભાષણો થતાં અને નિબંધો વંચાતા. એકાદ વરસની મુદતમાં આ સભાએ પોતાનું 'જ્ઞાન પ્રસારક' નામનું સામયિક કાઢવાનું પણ શરૂ કરેલું. આ સભાને સરકારની અને જનતાની સારો સાથ મળતાં તેણે મુંબઇમાં કન્યાઓ માટે કન્યાશાળા પણ શરૂ કરેલી.[૧૨૦] કેટલાક તેજસ્વી જુવાનોની એક ટુકડીએ ૧૮૫૧માં 'બુદ્ધિવર્ધક સભા'ની સ્થાપના કરી હતી. આ સભામાં પણ કન્યાકેળવણી, દેશાટન, વગેરે વિષયો પર ભાષણો થતાં. એના દ્વારા બુદ્ધિવર્ધક કન્યાશાળા અને એંગ્લોવર્નાકયુલર સ્કૂલની પણ સ્થાપના થઇ હતી.[૧૨૧] મુંબઇમાં વસતા ગુજરાતી ધનપતિઓ તરફથી સભાના કાર્યકરોને આશ્રય મળતો અને પ્રાધ્યાપકો તરફથી માર્ગદર્શન મળતું. ગુજરાતના જાહેરજીવનમાં પાછળથી જાણીતા થયેલા, દુર્ગારામ મહેતાજી, મહીપતરામ, પ્રાણલાલ મથુરદાસ, સોરાબજી બંગાળી વગેરે એના સભ્ય હતા.

ઇ.સ. ૧૮૭૧માં ભોળાનાથ સારાભાઇ અને મહીપતરામે અમદાવાદમાં સ્થાપેલા પ્રાર્થના સમાજની નોંધ અગાઉ લેવાઇ છે. એ પ્રાર્થના સમાજની કાર્યસીમામાત્ર અધ્યાત્મ જ નહીં, પરંતુ સમાજસુધારાના ક્ષેત્રનો પણ સમાવેશ થતો હતો. આ સમાજની શાખાઓ ગુજરાતમાં માતર, ખેડા, પેટલાદ, ભરૂચ, સુરત વગેરે જેવાં સ્થળોએ પણ વિસ્તરી હતી.[૧૨૨] એના ભૂતપૂર્વ સભ્યો પૈકીના કેટલાક પાછળી ગુજરાતના નામી સુધારકો તરીકે જાણીતા થયા છે એ હકીકતનો પણ પૂર્વે ઉલ્લેખ થયો છે.

નર્મદે પણ ઇ.સ.૧૮૬૦માં 'તત્ત્વશોધક સભા'ની સ્થાપના કરી હતી, જેમાં ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિક પ્રશ્નોની ચર્ચા હાથ ધરવામાં આવતી.

મહર્ષિ દયાનંદ સરસ્વતીએ ૧૮૭૫માં મુંબઇ આર્યસમાજની સ્થાપના કરી. આ સમાજે પણ ગુજરાતના જનજીવનની જાગૃતિમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. મુખ્યત્વે નાતજાતની વાડાબંધી તોડવામાં અને કન્યા-કેળવણીને પ્રોત્સાહન આપવામાં તેનો ફાળો સ્મરણીય ગણાય.

મેડમ બ્લેવાસ્ટ્સ્કી પ્રસ્થાપિત અને એની બેસાન્ટ પુરસ્કૃત થિયોસોફિકલ સોસાયટીએ પણ સ્વદેશાભિમાનને જાગૃત કરી, સામાજિક સુધારણાના કાર્યને વેગ આપવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

આ ઉપરાંત ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, વિદ્યાભ્યાસક મંડળી, હિંદુ જ્ઞાન પ્રસારક મંડળી, સ્વદેશ હિતેચ્છુ મંડળી આદિ સંગઠનોએ પણ ગુજરાતની જનતાને જાગૃત કરી સુધારણા માટે કૃતનિશ્ચયી બનાવવામાં સારો એવો સાથ આપ્યો છે.

આ રીતે ગુજરાતમાં જાગૃતિ આણી સમાજસુધારો લાવવામાં અને તે દ્વારા કેળવણીના વિકાસ માટે અનુકૂળ ભૂમિકા સર્જવામાં વિવિધ સાહિત્યસભાઓ અને સુધારક મંડળીઓનો ફાળો પણ મહત્ત્વનો રહયો છે.

## ૨.૫ સમાપન :

પ્રારંભમાં નોંધ્યું હતું તેમ, કેળવણીના ઘડતરમાં, અનેક પરિબળોની અસર થતી હોય છે. કેળવણીના ઘડતરનું, યથાર્થ ચિત્ર પ્રાપ્ત કરવા આવાં પરિબળોને લક્ષમાં લેવાં રહે છે, એટલે સંશોધકે પ્રસ્તુત પ્રકરણમાં, ઓગણીસમી સદીમાં ગુજરાતમાં નવી મંડાયેલી અને ધીમે ધીમે પાંગરેલી શિક્ષણપ્રથાને સમજવા, તત્કાલીન રાજકીય, ધાર્મિક અને સામાજિક સ્થિતિને આવરી લેતી પાર્શ્વભૂમિકા નિરૂપવાનો પ્રયત્ન કર્યો છે અને તેના અર્થસૂચક શૈક્ષણિક ફલિતાર્થોનો સંકેત પણ પ્રસંગોપાત કર્યો છે. રાજકીય, સામાજિક, ધાર્મિક ભૂમિકાનાં મૂળ તેના ભૂતકાળમાં હોય છે, એટલે સંશોધકે એ ભૂમિકાને સારી રીતે સ્પષ્ટ કરવા ઓગણીસમી સદીના ગુજરાતની રાજકીય, સામાજિક અને ધાર્મિક ભૂમિકાને ઘડનારી ગુજરાતની સંક્ષિપ્ત ઐતિહાસિક પીઠિકા બાંધવાનો પ્રયત્ન પણ કર્યો છે. આ સકલ પશ્ચાદ્ભૂ, અધ્યેયકાલ દરમ્યાન પાંગરેલી શિક્ષણપ્રથાને -તદ્વિષયક વિચારો અને

વ્યવહારોને સમજવામાં માર્ગદર્શક અને ઉપાદેય બની રહેશે.

ઓગણીસમી સદીના અને વીસમી સદીના પ્રારંભિક દાયકાઓની ગુજરાતની ઉપર્યુક્ત રાજકીય, ધાર્મિક અને સામાજિક પાર્શ્વભૂમિકા મહદ્અંશે ચરિતસાહિત્યમાંથી પ્રાપ્ત થતા સંદર્ભોને આધારે ઉપસાવવામાં આવી છે. જે તે દેશકાલની અર્થવ્યવસ્થા પણ કેળવણીના નિર્માણમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. પરંતુ અધ્યિત ચરિત્રસાહિત્યમાંથી, સમકાલીન અર્થવ્યવસ્થા અને જનજીવનના વિવિધ ક્ષેત્રો પર થયેલી તેની અસરો વિશે, આ પ્રકારના અભ્યાસમાં વિશ્લેષણની સાધનસામગ્રી તરીકે ઉપયોગી થઇ શકે અને એમાંથી પ્રમાણભૂત અને વિશ્વસનીય ચિત્ર પ્રાપ્ત થઇ શકે એવી ને એટલી માહિતી ઉપલબ્ધ થતી નથી. અધ્યિત ચરિતસાહિત્યમાં, વિશેષત: ચરિતનાયકો અને ચરિતનાયિકાઓના ઘડતરને અસર કરનારાં રાજકીય, સામાજિક અને ધાર્મિક પરિબળો પર જ વધુ ઝોક અપાયો છે. પરિણામે, અત્રે ઓગણીસમી સદીના ગુજરાતની આર્થિક પશ્ચાદ્ભૂમિકા આપવાનું શક્ય બન્યું નથી.

અધ્યેયકાલ દરમ્યાન, ગુજરાતમાં પ્રવર્તમાન રાજકીય, ધાર્મિક અને સામાજિક પશ્ચાદ્ભૂમિકાનું ચિત્ર પ્રસ્તુત પ્રકરણમાં બે પ્રમુખ સ્તબકો (ઇ.સ. ૧૮૦૧ થી ઇ.સ. ૧૮૫૦ અને ઇ.સ. ૧૮૫૧ થી ઇ.સ. ૧૯૨૦)માં નિરૂપવામાં આવ્યું છે. અધ્યેયકાલના એથી વિશેષ ખંડો પાડી, ઉક્ત પશ્ચાદ્ભૂમિકાનું વિસ્તૃત અને ઊંડાણભર્યું ચિત્ર ઉપસાવવાનું શક્ય બન્યું નથી. આવા અભ્યાસોમાં આ પ્રકારનો ઉપક્રમ સ્વીકારવો નિર્વિકલ્પ બની રહે, એ સમજી શકાય એમ છે. ચરિત્રનિરૂપકનો પ્રધાન ઉદ્દેશ ચરિતનાયકના જીવનવિકાસનું આલેખન કરવાનો હોય છે. એમ કરતાં બહુધા તે ચરિતનાયકના જીવનવિકાસને અસર કરનારાં રાજકીય, સામાજિક, ધાર્મિક વગેરે પરિબળોનો પ્રાસંગિક ઉલ્લેખ કરે છે. શૈક્ષણિક ઇતિહાસની સંરચના માટે પસંદ કરવામાં આવેલા ચરિત્રગ્રંથોમાંથી પ્રાપ્ત થતા રાજકીય, સામાજિક, ધાર્મિક પરિબળો વિશેના પ્રાસંગિક ઉલ્લેખો પરથી, એતદ્વિષયક વિસ્તીર્ણ અને નિ:સ્તીર્ણ ચિત્ર પ્રાપ્ત થઇ શકે નહિ, એ તો દેખીતું છે. આમ છતાં ઉક્ત ચરિત્રગ્રંથોમાંથી સમકાલીન રાજકીય, સામાજિક, ધાર્મિક પ્રવાહોનું જે ચિત્ર ઉપસ્યું છે, તે અધ્યેયકાલ દરમ્યાન આકાર લેતી શૈક્ષણિક ઘટનાઓ અને વિચારપ્રવાહો ને સમજવા માટે પૂરતું છે, એવી સંશોધકની નમ્ર માન્યતા છે.

ઐતિહાસિક ભૂમિકાની રજૂઆત પણ સમયના તબક્કા પાડી કડીબદ્ધ રીતે રજૂ

થઇ શકી નથી, એનું કારણ પણ અભ્યાસની સામગ્રીમાં આ પ્રકારની વિગતોની રજૂઆત થતી ન હોવાનું છે. ચરિત્રસાહિત્ય પાસેથી આ પ્રકારની અપેક્ષા પણ રાખી ન શકાય. તેમ છતાં, ઐતિહાસિક ભૂમિકાનું સુરેખ, સુબદ્ધ અને અર્થસૂચક ચિત્ર ઊપસે તે માટે અન્ય સાધનસાહિત્યમાંથી જરૂરી સામગ્રી સંક્ષેપમાં વીણી લઇ ઐતિહાસિક ભૂમિકાની ઇમારત બાંધવા સંશોધનકારે નમ્ર પ્રયત્ન કર્યો છે.

ઓગણીસમી સદીના અને વીસમી સદીના પ્રારંભિક દાયકાઓના ગુજરાતની ઐતિહાસિક, રાજકીય, ધાર્મિક અને સામાજિક પશ્ચાદ્ભૂમિકાની ઉપર્યુકત માંડણી પછી, હવે પછીના પ્રકરણમાં ગુજરાતમાં પ્રચલિત થયેલી ગામઠી શિક્ષણપ્રણાલી અને નવી શિક્ષણપ્રથાની પ્રશાસનવ્યવસ્થાના વિકાસની સમીક્ષા કરવામાં આવશે.

:: સંદર્ભસૂચિ ::


૧: Dikshit, S. S. : Nationalism and Indian Education, Jullender, Sterling Publishers (P)Ltd., 1966, p.1.

૨: Taneja, V. R. : Educational Thought and Practice, Delhi, University Publishers, 1965, p. 308.

૩: Brubacher J. S. : Eclectic Philosophy of Education, Englewood Cliffs, Prentice-Hall, 1962 pp.317-18.

૪: સંપા. પરીખ, રસિકલાલ છોટાલાલ અને શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર : ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ : ગ્રંથ-૧, અમદાવાદ, શેઠ ભોળાભાઇ જેશિંગભાઇ અધ્યયન - સંશોધન વિદ્યાભવન, ૧૯૭૨, પૃ.૩.

૫: નિયામકશ્રી, જનગણના, અમદાવાદના સહયોગથી નિર્મિત : નકશામાં ગુજરાત અમદાવાદ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ૧૯૭૩, પૃ.૧.

૬: ઠક્કર, ત્રિભુવનદાસ ક. : "આપણી માથાદીઠ વાર્ષિક આવક" ('ઇલેસ્ટ્રેટેડ વીકલી') - વાર્ષિક :૧૯૭૩માંથી સાભાર (ઉદ્ધૃત) અખંડ આનંદ ૨૭, ૬ (એપ્રિલ, ૧૯૭૪), પૃ. ૮૧.

૭: સંપા. ભોગીલાલ ગાંધી : ગુજરાતદર્શન, વડોદરા, ચેતન પ્રકાશન ગૃહ, પ્રાઇવેટ લિ., ૧૯૬૦, પૃ.૨૯.

૮: Munshi, K. M. : Gujarat and Its Literature, Bombay, Longmans, Green and Co., 1935, p. 26.

૯: શિવપ્રસાદ રાજગોર : ગુજરાતની કેળવણીનો ઇતિહાસ, અમદાવાદ, અનડા પ્રકાશન, ૧૯૬૬, પૃ.૧૯.

૧૦: મુનશી, કે. એમ. : ઉપર્યુક્ત, પૃ. ૧૨૩.

૧૧: શિવપ્રસાદ રાજગોર : ઉપર્યુક્ત, પૃ.૩૩.

૧૨: મુનશી, કે. એમ. : ઉપર્યુક્ત, પૃ.૭૪.

૧૩: પારેખ, હીરાલાલ ત્રિભુવનદાસ : અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન : ખંડ-૧, અમદાવાદ, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, ૧૯૩૫, પૃ.૩.

૧૪: શિવપ્રસાદ રાજગોર : ઉપર્યુદ્ધૃત

૧૫: શાહ, મૂળચંદ આશારામ : આશારામ દલીચંદ શાહ અને તેમનો સમય, અમદાવાદ, પ્રકાશક - લેખક સ્વયં, ૧૯૩૪, પૃ. ૨૩.

૧૬: મહેતા, વિનાયક નંદશંકર, (સંપા. ત્રિવેદી ભૂપેન્દ્ર બાલકૃષ્ણ): નંદશંકર જીવનચિત્ર, મુંબઇ, એન. એમ. ત્રિપાઠી પ્રાઇવેટ લિ. ૧૯૬૧, પૃ. ૧૨૯.

૧૭: બક્ષી, હિંમતલાલ કલ્યાણરાય : રા. રા. કલ્યાણરાય જેઠાભાઇ બક્ષીનું જીવનવૃત્તાંત, વડોદરા, પ્રકાશક : લેખક સ્વયં, ૧૯૪૭, પૃ. ૭.

૧૮: Desai, Saroj H. : A critical study of The Development of Secondary Education for Girls In Gujarat : Its History And Present Day Problems. Ph.D. Thesis, M. S. University, 1972, p. 138.

૧૯: એજન.

૨૦: એજન.

૨૧: Pathak R. K. : A Critical Inquiry In to The Condition of Education In Gujarat During The First Half of the 19th Century, M. Ed. Thesis, M. S. University, Baroda, 1952, p. 14.

૨૨: સંપા. જન્મદિવસ મહોત્સવ મંડળ, અનુ. પોટા, મનસુખલાલ મોહનલાલ : શ્રી સયાજી ગૌરવગ્રંથ, વડોદરા, એમ.સી.કોઠારી, ૧૯૩૩, પૃ. ૯.

૨૩: પારેખ, હીરાલાલ ત્રિભુવનદાસ : ઉપર્યુક્ત, પૃ. ૧૦.

૨૪: પારેખ, હીરાલાલ ત્રિભુવનદાસ : અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન : ખંડ-૨, અમદાવાદ, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, ૧૯૩૬, પૃ. ૩.

૨૫. સંપા. રસિકલાલ માણેકલાલ વકીલ : તળપદી પ્રતિભાનું નૂર : શ્રી હરિલાલ દામોદરદાસ વકીલ, કપડવંજ, પ્રકાશક : લેખક સ્વયં, ૧૯૬૪, પૃ. ૧૬.

૨૬: પારેખ, હીરાલાલ ત્રિભુવનદાસ : ઉપર્યુક્ત (ખંડ-૨), પૃ. ૫.

૨૭: મહેતા, ભાનુસુખરામ નિર્ગુણરામ : મહીપતરામ, વડોદરા, શ્રી સયાજી સાહિત્યમાળા પુષ્પ : ૧૭૪મું, ૧૯૩૦, પૃ. ૧૬.

૨૮: લે. ભટ્ટ છોટાલાલ નરભેરામ, સંપા. ભટ્ટ ગોવિંદલાલ હરગોવિંદ : આત્મવૃત્તાન્ત, વડોદરા, પ્રાચ્ય વિદ્યામંદિર, મ.સ.યુનિવર્સિટી, ૧૯૫૩, પૃ. ૧૨.

૨૯: નીલકંઠ, મહીપતરામ રૂપરામ : દુર્ગારામ ચરિત્ર ( ભાગ પહેલો ), (પ્રકાશન સ્થળ, પ્રકાશક, પ્રકાશન વર્ષ વગેરે વિગતો અમુદ્રિત) પૃ. ૧૫-૧૬.

૩૦: એજન. પૃ. ૧૭.

૩૧: પારેખ, હીરાલાલ ત્રિભુવનદાસ : ઉપર્યુકત, (ખંડ-૨) પૃ. ૧૨૪-૨૫.

૩૨: મહેતા, ભાનુસુખરામ નિર્ગુણરામ : ઉપર્યુકત, પૃ. ૧૬ -૧૭.

૩૩: નીલકંઠ, મહીપતરામ રૂપરામ : ઉપર્યુકત, પૃ. ૮.

૩૪: એજન. પૃ. ૮.

૩૫: મહેતા, ભાનુસુખરામ નિર્ગુણરામ : ઉપર્યુકત, પૃ. ૧૭-૧૮.

૩૬: નીલકંઠ, મહીપતરામ રૂપરામ : ઉપર્યુકત, પૃ. ૧૧.

૩૭: પારેખ, હીરાલાલ ત્રિભુવનદાસ : ઉપર્યુકત, (ખંડ-૨) પૃ. ૧૦૫.

૩૮: એજન, પૃ. ૧૦૬-૧૦૭.

૩૯: નીલકંઠ, મહીપતરામ રૂપરામ : ઉપર્યુકત, પૃ. ૪૯.

૪૦: એજન, પૃ. ૫૦-૧૩૫.

૪૧: પારેખ, હીરાલાલ ત્રિભુવનદાસ : ઉપર્યુકત, (ખંડ-૧), પૃ. ૧૨૩.

૪૨: સરોજિની મહેતા : ગૃહજીવનમાં સ્ત્રીનું સ્થાન, વડોદરા, મ. સ. યુનિવર્સિટી, ૧૯૫૮, પૃ. ૬૬.

૪૩: Surve, D. S. : Social And Political Influence on Indian Education During the latter Half of The Nineteenth Century, Sardar Patel University, Ph.D. Thesis, 1972, p. 53.

૪૪: Rajgor, S. B. : Education In Gujarat From 1854-1954, M.Ed.Thesis, M.S.University, Baroda, 1958, p.13.

૪૫: નીલકંઠ, મહીપતરામ રૂપરામ : ઉપર્યુકત, પૃ. ૫

૪૬: એજન. પૃ. ૧૦.

૪૭: સંપા. રામલાલ નવનીતલાલ : રા. બા. મોહનલાલ રણછોડદાસ ઝવેરીનું આત્મકથન, અર્વાચીન ગુજરાતી શિક્ષણનાં સવાસો વર્ષ, સૂરત, પ્રકાશક : લેખક સ્વયં, પ્રકાશન વર્ષ : અમુદ્રિત, પૃ. ૩૬.

૪૮: એજન, પૃ. ૩૭.

૪૯: પારેખ, હીરાલાલ ત્રિભુવનદાસ : ઉપર્યુકત, (ખંડ-૨), પૃ. ૧૧-૧૨.

૫૦: મહેતા, વિનાયક નંદશંકર : ઉપર્યુકત, પૃ. ૧૫૦.

૫૧: પારેખ, હીરાલાલ ત્રિભુવનદાસ : ઉપર્યુકત, (ખંડ-૨), પૃ. ૧૦.

૫૨: એજન.

૫૩: પરીખ, શંકરલાલ દ્વારકાદાસ : જ્ઞાતિરત્ન રતિલાલ ગામી, અમદાવાદ, શ્રી ખડાયતા કેળવણી મંડળ, ૧૯૪૩, પૃ. ૭

૫૪: લે. પંડયા, કાન્તિલાલ છ., સંપા. પંડયા ઉપેન્દ્ર છ. : શ્રીયુત ગોવર્ધનરામ મુંબઈ, એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., ૧૯૬૫, પૃ. ૨૩.

૫૫: દેસાઈ, ધનવંત એમ. : અર્વાચીન ભારતીય કેળવણીનો વિકાસ (૧૭૮૫થી ૧૯૬૭) વડોદરા, પ્રાચ્ય વિદ્યામંદિર, મ.સ. વિશ્વવિદ્યાલય, ૧૯૬૯, પૃ. ૧૦-૧૧.

૫૬: પારેખ, હીરાલાલ ત્રિભુવનદાસ : ઉપર્યુકત (ખંડ-૨) પૃ. ૧૭૪.

૫૭: ઠાકોર, બલવંતરાય કલ્યાણરાય : અંબાલાલભાઈ : એમના વિચારમિનાર એમના આશયો મંતવ્યો અને વ્યવસાયો, અમદાવાદ, પ્રકાશક : લેખક સ્વયં, ૧૯૨૮, પૃ. ૧૨૩-૨૪.

૫૮: એજન, પૃ. ૧૨૨.

૫૯: પરીખ, નરહરિ દ્વા. : સરદાર વલ્લભભાઈ : (ભાગ પહેલો), અમદાવાદ નવજીવન પ્રકાશન મંદિર, ૧૯૫૦, પૃ. ૬૬.

૬૦: મુનશી, કનૈયાલાલ માણેકલાલ : સીધાં ચઢાણ : (પૂર્વાર્ધ-ઉત્તરાર્ધ), અમદાવાદ, ગુર્જરગ્રંથ-રત્ન કાર્યાલય, ૧૯૪૩, પૃ. ૧૮૨-૮૩.

૬૧: મહેતા, ચંદ્રવદન ચી. : બાંધ ગઠરિયાં : ૧, સુરત, ગાંડીવ સાહિત્ય મંદિર, ૧૯૫૪, પૃ. ૧૮૪-૮૫.

૬૨: લે. સુમંત મહેતા, સંપા. ભોગીલાલ ગાંધી : આત્મકથા, અમદાવાદ, મહાકવિ શ્રી નાનાલાલ સ્મારક ટ્રસ્ટ, ૧૯૭૧, પૃ. ૨૬૪.

૬૩: બક્ષી, હિંમતલાલ કલ્યાણરાય : રા. રા. કલ્યાણરાય જેઠાભાઇ બક્ષીનું જીવનવૃત્તાંત, વડોદરા, પ્રકાશક:લેખક સ્વયં, ૧૯૪૭, પૃ. ૩૪૭.

૬૪: કાન્તિલાલ શાહ : ઠક્કરબાપા, દિલ્હી, "ઠક્કરબાપા" સ્મારક સૈ સમિતિ, ૧૯૫૫, પૃ. ૧૬૨.

૬૫: ઇન્દુલાલ યાજ્ઞિક : આત્મકથા : (ગુજરાતમાં નવજીવન) ભાગ-૨, અમદાવાદ, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ૧૯૭૦, પૃ. ૧૬૭.

૬૬: સુમંત મહેતા : ઉપર્યુક્ત, પૃ. ૩૫૯.

૬૭: ઇન્દુલાલ યાજ્ઞિક : ઉપર્યુક્ત, પૃ. ૨૬૯.

૬૮: એજન, પૃ. ૩૭-૩૮.

૬૯: ભટ્ટ, વિશ્વનાથ મગનલાલ : વીર નર્મદ, જલાલપુર, પ્રકાશક : લેખક સ્વયં ૧૯૩૬, પૃ. ૧૩.

૭૦: નીલકંઠ, સુશ્રુત રમણભાઇ : સ્વ. સર રમણભાઇ મહીપતરામ નીલકંઠ, અમદાવાદ, પ્રકાશક:લેખક સ્વયં, ૧૯૩૪, પૃ. ૩૬૨-૬૩.

૭૧: દવે, કાશીશંકર મૂળશંકર : દલપતરામ, વડોદરા, શ્રી સયાજી સાહિત્યમાળા, ૧૯૨૧, પૃ. ૧૦૧.

૭૨: ભટ્ટ, ઉપેન્દ્ર ર. : ચરિત્રસાહિત્ય : સ્વરૂપ અને વિકાસ, અમદાવાદ, અનડા પ્રકાશન, ૧૯૬૬, પૃ. ૬૮-૮૩.

૭૩: એજન, પૃ. ૬૮-૬૯.

૭૪: પારેખ, હીરાલાલ ત્રિભુવનદાસ : ઉપર્યુક્તવ (ખંડ-૨) પૃ. ૧૦૪૯

૭૫: એજન. પૃ. ૧૦૯.

૭૬: એજન, પૃ. ૧૦૭.

૭૭: મહેતા, ભાનુસુખરામ નિગુણરામ : ઉપર્યુકત, પૃ. ૧૨૦.

૭૮: એજન, પૃ. ૧૩૯.

૭૯: પારેખ, હીરાલાલ ત્રિભુવનદાસ : ઉપર્યુકત (ખંડ-૨), પૃ. ૧૨૪.

૮૦: ધીરુભાઇ ઠાકર : મણિલાલ નભુભાઇ - જીવનરંગ, અમદાવાદ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ૧૯૫૭, પૃ. ૭૭.

૮૧: પારેખ, હીરાલાલ ત્રિભુવનદાસ : ઉપર્યુકત (ખંડ-૨), પૃ. ૧૪૩.

૮૨: નાનાભાઇ ભટ્ટ, ઘડતર અને ચણતર, આંબલા (સૌરાષ્ટ્ર), સર્વોદય સહકારી પ્રકાશન સંઘ લિમિટેડ, ૧૯૫૯, પૃ. ૬૫.

૮૩: દેસાઇ, રમણલાલ વ. : ગઇ કાલ, મુંબઇ, આર. આર. શેઠની કંપની, ૧૯૫૦, પૃ. ૧૨૪-૨૫.

૮૪: રાવળ, રવિશંકર મ. : આત્મકથાનક : ખંડ-૧, અમદાવાદ, કલા રવિ ટ્રસ્ટ વતી કુમાર પ્રિન્ટરી, ૧૯૬૭, પૃ. ૬૭.

૮૫: કાન્તિલાલ છ. પંડયા : ઉપર્યુકત, પૃ. ૧૭.

૮૬: 'મધુકર' : કચ્છના ક્રાંતિકારી ભકતકવિ શિવજીભાઇની જીવનપ્રભા, મઢડા (સૌરાષ્ટ્ર), શિવસદન ગ્રંથમાલા કાર્યાલય, ૧૯૫૬, પૃ. ૧૦.

૮૭: મહેતા, વિનાયક નંદશંકર : ઉપર્યુકત, પૃ. ૭૧.

૮૮: રાવળ, રવિશંકર મ. : ઉપર્યુકત, પૃ. ૧૪૫.

૮૯: શારદા મહેતા : જીવનસંભારણા, વડોદરા, પ્રકાશક : લેખિકા સ્વયં ૧૯૩૮, પૃ. ૨૫.

૯૦: ઇન્દુલાલ યાજ્ઞિક : ઉપર્યુકત, પૃ. ૨૩૩-૩૪.

૯૧: મહેતા, ભાનુસુખરામ નિગુણરામ : ઉપર્યુકત, પૃ. ૨૩૩-૩૪.

૯૨: પારેખ, હીરાલાલ ત્રિભુવનદાસ : ઉપર્યુકત (ખંડ-૨), પૃ. ૨૬૧.

૯૩: ગાંધી, મોહનદાસ કરમચંદ : સત્યના પ્રયોગો અથવા આત્મકથા, અમદાવાદ, નવજીવન પ્રકાશન મંદિર, ૧૯૨૭.

૯૪: સુમંત મહેતા : ઉપર્યુક્ત.

૯૫: રાવળ, રવિશંકર મ. : ઉપર્યુક્ત .

૯૬: જન્મદિવસ મહોત્સવ મંડળ, : ઉપર્યુક્ત.

૯૭: અશ્વિન ત્રિવેદી, સાંકળચંદ શાહ અને રસિકલાલ શાહ : પ્રો. ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જરની જીવનકથા, વડોદરા, પ્રાચ્ય વિદ્યામંદિર, મ. સ. વિશ્વ વિદ્યાલય, ૧૯૬૦.

૯૮: મોદી, જગજીવનદાસ દયાળજી : વિદ્યાભૂષણ હીરાલાલ વ્રજભૂષણદાસ શ્રોફ એઓશ્રીનું જીવનચરિત્ર અને લેખસંગ્રહ, વડોદરા, ધી મેમોરિયલ એજ્યુકેશન ટ્રસ્ટ વતી મૂળશંકર સોમેશ્વર જોશી, ૧૯૬૬.

૯૯: જોષી, કલ્યાણરાય નથુભાઈ : સર વિઠ્ઠલદાસ દામોદર ઠાકરસી, મુંબઈ, માધવજી દામોદર ઠાકરસી, ૧૯૩૨.

૧૦૦: ઓઝા, કાશીરામ ભાઈશંકર : સદ્ગત શેઠ અમૃતલાલ લાલજી ઓઝા, કલકત્તા, ત્ર્યંબકલાલ શિવશંકર ત્રિવેદી, ૧૯૪૭.

૧૦૧: સંયોજક: ભટ્ટ, વિશ્વનાથ મગનલાલ : નર્મદનું મંદિર ( ગદ્ય વિભાગ), અમદાવાદ, ગુજરાત સાહિત્ય સભા, ૧૯૩૭, પૃ. ૩૫૯.

૧૦૨: મહેતા, ભાનુસુખરામ નિર્ગુણરામ : ઉપર્યુક્ત , પૃ. ૧૨૦.

૧૦૩: એજન, પૃ. ૧૫૦.

૧૦૪: દવે, કાશીશંકર મૂળશંકર : ઉપર્યુક્ત, પૃ.૫૫.

૧૦૫: મહેતા, ભાનુસુખરામ નિર્ગુણરામ : ઉપર્યુક્ત, પૃ. ૪૭.

૧૦૬: સંપા. રમણલાલ જોષી : સ્વ. સાક્ષર નવલરામ લક્ષ્મીરામનું જીવનવૃત્તાંત અને કવિજીવન, મુંબઈ, એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ. ૧૯૬૬, પૃ. ૪૭.

૧૦૭: ધીરુભાઈ ઠાકર : ઉપર્યુક્ત, પૃ. ૨૭૨.

૧૦૮: લે.કાન્તિલાલ છ. પંડયા: સંપા.ઉપેન્દ્ર છ.પંડયા : ઉપર્યુકત, પૃ. ૨૭૫.

૧૦૯: સંપા. જન્મદિવસ મહોત્સવ મંડળ : ઉપર્યુકત, પૃ. ૨૯૫.

૧૧૦: એજન, પૃ. ૨૮૮.

૧૧૧: નીલકંઠ, સુશ્રુત રમણભાઈ : ઉપર્યુકત, પૃ. ૩૫૧-૫૨.

૧૧૨: એજન, પૃ. ૮૨-૮૩.

૧૧૩: એજન, પૃ. ૧.

૧૧૪: શારદા મહેતા : ઉપર્યુકત, પૃ. ૫૪.

૧૧૫: એજન, પૃ. ૧૬૪.

૧૧૬: પારેખ, હીરાલાલ ત્રિભુવનદાસ : ઉપર્યુકત (ખંડ-૨) , પૃ. ૧૮૬.

૧૧૭: એજન, પૃ. ૧૯૯.

૧૧૮: એજન, પૃ. ૨૦૦.

૧૧૯: **Parikh, R. D. : The Press and The Society : A Sociological Study, Bombay, Popular Prakashan, 1965, p. 39.**

૧૨૦: સંપા. રામલાલ નવનીતલાલ : ઉપર્યુકત, પૃ. ૩૬-૩૭.

૧૨૧: એજન, પૃ. ૩૬.

૧૨૨: મહેતા, ભાનુસુખરામ નિર્ગુણરામ : ઉપર્યુકત, પૃ. ૧૩૯.

o-o-o-o-o-o

"અનેક મર્યાદાઓ છતાંય (ઇ.સ. ૧૮૫૪ના) ખરીતાએ ભારતની વર્તમાન શિક્ષણપ્રથાના નિર્ધારણ અને વ્યવસ્થાપનમાં મહત્ત્વનું પ્રદાન કર્યું છે, એ હકીકતનો આપણે સૌએ સ્વીકાર કરવો જ રહ્યો. એના પ્રણેતાઓના ઉદ્દેશો પ્રમાણિક અને નિર્દોષ હતા. પરંતુ ભારતસરકારે ખરીતાનાં મહત્ત્વનાં સૂચનો અને ભલામણોની અવગણના કરી, એ ખરેખર દુઃખદ ગણાય. ભારતની વર્તમાન શિક્ષણપ્રણાલીમાં જોવા મળતી ઘણી વિસંગતિઓનાં મૂળ સરકારની ઉપેક્ષાવૃત્તિમાં રહેલાં છે."

-- પ્રોફેસર પી. એલ. રાવલ

o-o-o-o-o-o